RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 13-07-2026 | VOL : 12 | Issue : 118 | Page : 8 | Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**


દરેક સવાર નવી શરૂઆત છે. હિંમત રાખો, જીત નજીક હશે.

3



પત્નીએ હાથ જકડ્યા ને પતિએ દુપટ્ટાથી કોલેજીયનને પતાવી દીધો

4



સંબંધ ઇલેક્ટ્રિકના કરંટ જેવો છે: ખોટું કનેક્શન આંચકો આપશે, પણ સાચું કનેક્શન...

6





'ધમાલ 4' એ બોક્સ ઓફિસ પર મચાવી ધૂમ, બે દિવસમાં છાપી લીધા 50 કરોડ રૂપિયા

7



21 વર્ષની લિન્ડા નોસ્કોવા વિમ્બલ્ડન ચેમ્પિયન બની

## એક નજર...

### રેડ સાડીમાં ગ્લેરમસ લાગી મેઘા શુક્લા



આ તસવીરોમાં તેનો બોલ્ડ અને હોટ અંદાજ જોઈને ચાહકો ચોંકી ગયા છે. ખુલ્લા વાળ અને કિલર પોઝ સાથેની આ તસવીરો પર ચાહકો હાર્ટ અને ફાયરના ઈમોજી સાથે જોરદાર કમેન્ટ કરી રહ્યા છે. મેઘા શુક્લા અવારનવાર આવા બોલ્ડ ફોટોશૂટ કરાવતી રહે છે, જે તેની બોલ્ડનેસને દર્શાવે છે. આ લેટેસ્ટ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર આવતાની સાથે જ ઝડપથી વાયરલ થઈ ગઈ છે.

## આંધ્ર પ્રદેશમાં 8 એક્ટિવ કેસ

# ભારતમાં ફરી કોરોનાએ માથુ ઊંચક્યું, બેનાં મોત

અમરાવતી

શું કોરોના વાયરસ ભારતમાં ફરી એકવાર પગપેસારો કરી રહ્યો છે? આ સવાલ એટલે ઊભો થયો છે કારણ કે આંધ્રપ્રદેશના કડપ્પા જિલ્લામાં કોવિડ-19 ના કેસ ફરી સામે આવ્યા છે. અહીં બે દર્દીઓના મોત થયા બાદ સ્વાસ્થ્ય વિભાગે એલર્ટ થઈને તૈયારીઓ તેજ કરી દીધી છે. સૌથી પહેલા રાજમપેટના એક 52 વર્ષીય વ્યક્તિનું સારવાર દરમિયાન મોત થયું હતું, જેઓ કોરોના પોઝિટિવ હતા. ત્યારબાદ કડપ્પા શહેરના એક 43 વર્ષીય વ્યક્તિનું પણ કોવિડ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ સિવાય કડપ્પા મેડિકલ કોલેજના એક 25 વર્ષના વિદ્યાર્થીનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે, જે હાલ હોમ આઈસોલેશનમાં છે. આરોગ્ય વિભાગ દ્વારા 'રેપિડ રિસ્પોન્સ ટીમ' તૈનાત

નવા કેસ સામે આવ્યા બાદ સ્વાસ્થ્ય વિભાગે પ્રભાવિત વિસ્તારોમાં ખાસ 'રેપિડ રિસ્પોન્સ ટીમો'



તૈનાત કરી છે. સત્તાધારીઓએ શંકાસ્પદ વિસ્તારોમાંથી લગભગ 40 લોકોના સેમ્પલ લીધા છે. તેમાંથી 18 લોકોના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે, જ્યારે બાકીના ટેસ્ટના પરિણામો આવવાના હજી બાકી છે. આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર જિલ્લામાં હાલ કોરોનાના 8 એક્ટિવ કેસ છે.

## PMના પંજાબ પ્રવાસ પહેલા ટ્રેનમાં ખાલિસ્તાની નારા લખાયા

નવી દિલ્હી

PM નરેન્દ્ર મોદીના પંજાબ પ્રવાસ પહેલા ફિરોઝપુર કેન્ટ રેલવે સ્ટેશનનો એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો પ્રતિબંધિત અલગતાવાદી સંગઠન સિખ્સ ફોર જસ્ટિસ (SFJ)એ જાહેર કર્યો છે. વીડિયોમાં દિલ્હી જતી એક ટ્રેનના ડબ્બા પર 'ખાલિસ્તાન ઝિંદાબાદ' અને 'મોદી મુર્દાબાદ' જેવા વિવાદાસ્પદ નારા લખેલા દેખાઈ રહ્યા છે. SFJના આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ વીડિયો જાહેર કરીને જસવંત સિંહ ખાલડાના વારસાનો ઉલ્લેખ કરતા કથિત એન્કાઉન્ટરના કેસો ઉઠાવ્યા. પન્નુએ કહ્યું- પંજાબના ખેડૂતો આર્થિક સંકટ અને મજબૂરીના કારણે આત્મહત્યા કરી રહ્યા છે. જોકે, દિવ્ય ભાસ્કર પન્નુના વીડિયોની પુષ્ટિ કરતું નથી. જસવંત સિંહ ખાલડા પર જ દિલજીત દોસાંઝની ફિલ્મ 'સતલુજ' બની હતી, જેને રિલીઝ થયાના બીજા જ દિવસે OTT પરથી હટાવી દેવામાં આવી હતી અને હવે તેને સંપૂર્ણપણે પ્રતિબંધિત કરી દેવામાં આવી છે. અહીં, વીડિયો સામે આવ્યા બાદ ગુપ્તચર એજન્સીઓ સ્ટેશન પરિસરમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસી રહી છે. પોલીસે એવા લોકોની ઓળખ કરવામાં વ્યસ્ત છે, જેમણે રાતના અંધારામાં ટ્રેનના ડબ્બા પર આ સૂત્રો લખ્યા હતા.

## નવા મતદારો માટે નવો નિયમ

# ચૂંટણીકાર્ડ બનાવવા માતા-પિતા કે દાદા-દાદીની SIRની વિગતો આપવી જરૂરી

દેશના ઘણા રાજ્યોમાં SIR પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે નવા મતદારોની નોંધણી માટેના નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવતા ફોર્મ-6માં આ મહત્ત્વપૂર્ણ બદલાવ જોવા મળ્યો છે. હવેથી નવા મતદારોએ વોટર લિસ્ટમાં પોતાનું નામ ઉમેરાવતી વખતે એ સ્પષ્ટ કરવું પડશે કે, પાછલા SIR દરમિયાન તેમના માતા-પિતા કે દાદા-દાદીનું નામ મતદાર યાદીમાં નોંધાયેલું હતું કે નહીં. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ નવો ફેરફાર હાલમાં માત્ર ઓનલાઈન ફોર્મ સબમિશનમાં જ ઉપલબ્ધ કરાવાયો છે, જ્યારે વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવામાં આવતી ફોર્મની હાર્ડ કોપીમાં હજુ આ ઓપ્શન ઉમેરાયો નથી.કરોડો મતદારોના નામ કપાતા નવો પડકાર આ નવા નિયમને કારણે એવા પરિવારો સામે મોટી મુશ્કેલી ઊભી થઈ શકે છે જેમના નામ યાદીમાંથી ગાયબ થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે, દેશના 10 રાજ્યોમાં હાથ ધરવામાં આવેલી SIR



પ્રક્રિયા બાદ અંદાજે 5.58 કરોડ લોકોના નામ વોટર લિસ્ટમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. જોકે, ચૂંટણી પંચ દ્વારા હજુ સુધી એ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે જો કોઈ અરજદારના માતા-પિતા કે દાદા-દાદીનું નામ યાદીમાં ન હોય, તો તેના બાળકો કે પૌત્ર-પૌત્રીઓને નવી મતદાર યાદીમાં સામેલ કરવામાં આવશે કે નહીં. પશ્ચિમ બંગાળમાં આ પ્રક્રિયાને લઈને ઘણો વિવાદ પણ થયો હતો.

## NEWS TRACK

### ફિનલેન્ડમાં 5 મેથી ગુમ હૈદરાબાદના વિદ્યાર્થીનો મૃતદેહ દરિયામાંથી મળી આવતા હડકંપ

યુરોપના ફિનલેન્ડ દેશમાં ભણવા ગયેલા હૈદરાબાદના 18 વર્ષના વિદ્યાર્થી મણિદીપ રેડ્ડી ગુજ્જાનો મૃતદેહ ત્યાંની રાજધાની હેલસિંકીના દરિયામાંથી મળી આવ્યો છે. મણિદીપ ગત 5 મેથી અચાનક લાપતા થયો હતો અને આશરે બે મહિના બાદ તેનો મૃતદેહ મળ્યો હોવાની પુષ્ટિ પરિવારના વકીલે કરી છે. જોકે, આ સમગ્ર ઘટનાને શંકાસ્પદ ગણાવીને પરિવારે ફિનલેન્ડ પોલીસની તપાસ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે અને આ મામલે યોગ્ય ન્યાય માટે નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. બે મહિના બાદ દરિયામાંથી મળ્યો મૃતદેહ ફિનલેન્ડ સ્થિત ભારતીય દૂતાવાસે 10 જુલાઈના રોજ મણિદીપના પરિવારને સત્તાવાર માહિતી આપી હતી કે હેલસિંકીના દરિયાઈ વિસ્તારમાંથી એક યુવકનો મૃતદેહ મળ્યો છે, જેની ઓળખ મણિદીપ રેડ્ડી તરીકે થઈ છે. આ સમાચાર સાંભળતા જ હૈદરાબાદમાં રહેતો પરિવાર આઘાતમાં સરી પડ્યો છે. પુત્ર લાપતા થયા બાદ તેના પિતા જી. મુથ્યમ રેડ્ડી અને માતા મમતા રેડ્ડીએ તેને શોધવા માટે તેલંગાણા હાઈકોર્ટના દરવાજા પણ ખખડાવ્યા હતા.

### બ્લેક સીમાં યુક્રેનના બંદરગાહ પર રશિયાનો મોટો હુમલો: કાર્ગો જહાજમાં લાગી ભયાનક આગ

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં હવે સમુદ્રી માર્ગો પર હુમલા તેજ બન્યા છે. રશિયાએ પોતાના અત્યાધુનિક જેટ એન્જિનવાળા 'ગેરાન-4' ડ્રોન વડે યુક્રેનના ઓડેસા સ્થિત ચોર્નોમોર્સ્ક બંદરગાહ પર મોટો હુમલો કર્યો છે. આ હુમલામાં યુક્રેનનું એક કાર્ગો જહાજ અને માછીમારી બોટને મોટું નુકસાન થયું છે અને જહાજમાં ભયાનક આગ લાગી ગઈ છે. રશિયન સેનાએ આ સચોટ ડ્રોન હુમલાનો વીડિયો પણ જાહેર કર્યો છે. બીજી તરફ, યુક્રેનના ડ્રોન દળોએ પણ સમુદ્રમાં વળતો પ્રહાર કર્યો છે. યુક્રેનિયન સૈન્યના ડ્રોન ફોર્સ કમાન્ડરે દાવો કર્યો છે કે, 'તેમના સૈન્ય દ્વારા કરવામાં આવેલા ઓપરેશનમાં રશિયાના 14 ગુપ્ત જહાજો (શેડો ફ્લીટ) ને નિશાન બનાવવામાં આવ્યા છે, જેમાં 10 ઓઈલ ટેન્કરોનો પણ સમાવેશ થાય છે. રશિયન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, યુક્રેન આ ફિશિંગ ટ્રોલેરનો ઉપયોગ સામાન્ય માછીમારી માટે નહીં, પરંતુ રશિયન જહાજો પર હુમલો કરવા માટે ડ્રોન બોટ લોન્ચ કરવાના પ્લેટફોર્મ તરીકે કરતું હતું. રશિયાનો દાવો છે કે આ બોટ બ્લેક સીમાં તેમના સૈન્ય માટે મોટો ખતરો બની ગઈ હતી.

# વડોદરામાં સત્તાના નશામાં કાયદાનું ચીરહરણ

## જીલ્લા પંચાયતથી લઈને બરોડા ડેરી સુધી ભ્રષ્ટાચારની ભયાનક ઉધઈ, ખનન માફિયાઓના આંધળા આતંક સામે સમગ્ર વહીવટી તંત્ર નપુંસક!

વડોદરા/કરજણ:

ગુજરાત સરકાર ગાંધીનગરની ગાદી પરથી ભલે ભ્રષ્ટાચાર મુક્ત શાસન અને 'ઝીરો ટોલરન્સ' ના મસમોટા દાવા કરતી હોય, પણ વાસ્તવિકતા એ છે કે વડોદરા જિલ્લામાં સત્તાધારી પક્ષના સફેદપોશ નેતાઓની ભૂખ આગળ આખું સરકારી તંત્ર ઘૂંટણિયે પડી ગયું છે. વડોદરા જિલ્લામાં સરપંચની ખુરશીથી લઈને જિલ્લા પંચાયતના પ્રમુખ સુધી ભ્રષ્ટાચારનો એવો ખદબદતો કાદવ જામ્યો છે, જ્યાં કરોડો રૂપિયાનો કાળો વહીવટ ખુલ્લેઆમ ચાલી રહ્યો છે. વડોદરા જિલ્લા પંચાયતના પ્રમુખ જ્યોત્સનાબેન વસંતભાઈ રબારીના પતિ વસંત રબારી સામે ગેરકાયદેસર રેતી ખનન, ખંડણી અને કરોડોની રોયલ્ટી ચોરીના જે સજ્જડ પુરાવા સામે આવ્યા છે, તેણે સમગ્ર રાજ્યના રાજકારણમાં ભૂકંપ લાવી દીધો છે.

### નર્મદા મૈયાની છાતી ચીરીને લૂંટ: એસડીએમ અને મામલતદાર કેમ મોન?

સૂત્રો પાસેથી મળતી અત્યંત સનસનાટીભરી વિગતો મુજબ, નારેશ્વરથી પાલેજ તરફ જતા મુખ્ય માર્ગ પર કોઈ પણ પ્રકારની સરકારી મંજૂરી કે રોયલ્ટી પાસ વગર ગેરકાયદેસર રેતીનો અધધ જથ્થો ખડકી દેવામાં આવ્યો છે. પવિત્ર નર્મદા નદીની છાતી ચીરીને, રાત-દિવસ જેસીબી અને ડમ્પરો દોડાવીને કુદરતી સંપત્તિની આંધળી લૂંટ ચલાવવામાં આવી રહી છે. સૌથી મોટો અને શર્મસાર કરતો સવાલ એ છે કે આટલું મોટું કૌભાંડ રોડ પર ખુલ્લેઆમ દેખાતું હોવા છતાં, કરજણના એસડીએમ શિવમ બારિયા, વડોદરા કલેક્ટર, જિલ્લા પોલીસ વડા (SP) અને સ્થાનિક મામલતદાર આંખ આડા કાન કરીને કેમ બેઠા છે? કરોડો રૂપિયાના હપ્તા ગાંધીનગર સુધી પહોંચે છે કે શું, જેના કારણે આખું તંત્ર આ માફિયાઓ સામે

**નારેશ્વર હાઇવે પર રોયલ્ટી વગર રેતીના પહાડો ખડકાયા છતાં કલેક્ટર, એસપી અને ખાણ-ખનીજ વિભાગ કેમ લાચાર? કરોડોના હપ્તા કઇ કચેરીઓમાં પહોંચે છે?**

લાચાર બનીને મૌન ધારણ કરી બેઠું છે?

### ગરીબ પશુપાલકોના પરસેવા પર ધાડ: બરોડા ડેરીનું મહાકૌભાંડ!

આ નેતાઓની ભૂખ એટલી હદે વકરી છે કે તેઓ ગરીબ દૂધ ઉત્પાદકોને પણ છોડવા તૈયાર નથી. બરોડા ડેરીના સત્તાવાર ઓડિટ રિપોર્ટમાં એક એવો ભયાનક વિસ્ફોટ થયો છે જેણે સહકારી ક્ષેત્રના પાયા હલાવી દીધા છે. ડેરીના સબડોળ ગામે આવેલા ચિલિંગ સેન્ટરમાં અંદાજે ૫૦ થી ૬૦ લાખ રૂપિયાનો મોટો આર્થિક ઘોટાળો આચરવામાં આવ્યો હોવાનું સત્તાવાર ચોપડે સાબિત થયું છે. ગરીબ ખેડૂતોના પૈસા પોતાના અંગત સ્વાર્થ માટે વાપરી નાખનારા આ કથિત નેતાઓ સામે ગુનો દાખલ કરવાની હિંમત ડેરીના સત્તાધીશો કેમ બતાવી શકતા નથી? વડોદરા ભાજપ જીલ્લા પ્રમુખ કે સ્થાનિક ધારાસભ્ય આ પાપ પર કેમ પડદો પાડી રહ્યા છે?

### મુખ્યમંત્રી સુધી લેખિત ફરિયાદ, છતાં એક્શન કેમ નહીં?

આ સમગ્ર લૂંટફાટ અને ભ્રષ્ટાચાર અંગે ખુદ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને તમામ પુરાવા અને કાગળો સાથે લેખિત ફરિયાદ કરવામાં આવી હોવા છતાં, હજુ સુધી મુખ્યમંત્રી કાર્યાલય (CMO) તરફથી કોઈ કડક આદેશ છૂટ્યા નથી, જે અત્યંત આઘાતજનક છે. વડોદરાનું આખું વહીવટી અને પોલીસ તંત્ર કાં તો સત્તાના દબાણ હેઠળ દબાયેલું છે અથવા તો અબજો રૂપિયાના આ ખેલમાં ભાગીદાર બની ગયું છે. કરજણ તાલુકાનું આ સરેઆમ ચીરહરણ થઈ રહ્યું છે અને સરકાર મુખબધિર બનીને બેઠી છે.

### 'પાક્કો ગુજરાત' નો સીધો અને ઘાતક સવાલ: ભ્રષ્ટ નેતાઓ સામે બુલડોઝર ક્યારે ચાલશે?

જ્યારે સામાન્ય જનતા પર મામૂલી નિયમો માટે કાયદાનો કોરડો વીંઝવામાં આવે છે, ત્યારે સત્તાના જોરે નર્મદા નદીને લૂંટતા અને પશુપાલકોના પૈસા ચાવી જતાં નેતાઓ માટે લાલ જાજમ કેમ બિછાવવામાં આવે છે? 'પાક્કો ગુજરાત' મુખ્યમંત્રીને સણસણતો સવાલ પૂછે છે કે, તમારા ભ્રષ્ટાચાર મુક્ત શાસનના દાવાઓ શું માત્ર ભાષણો પૂરતા જ સીમિત છે? આવા કૌભાંડીઓ જેલમાં ક્યારે જશે? જો આગામી દિવસોમાં આ ભ્રષ્ટ નેતાઓ અને તેમને છાવરતા અધિકારીઓ સામે કાયમી સીલ કે કડક કાનૂની કાર્યવાહી કરવામાં નહીં આવે, તો વડોદરાની જનતા ગાંધીનગર સુધી ઉગ્ર આંદોલન છેડશે જેની સંપૂર્ણ જવાબદારી લાચાર બનેલા વહીવટી તંત્રની રહેશે!





## બરોડા ડેરીના ચિલિંગ સેન્ટરમાં પશુપાલકોની કમાણી પર ₹60 લાખની ધોળા દિવસે ધાડ; ઓડિટમાં પાપ સાબિત થયા છતાં ગુનો અટકાવનારું એ કયું પોલિટિકલ પ્રેશર?

ફ્રી ઇ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# 'જો પોલીસે પહેલાં ફરિયાદ લીધી હોત તો આજે મારો ભાઈ જીવતો હોત!' : સુરતમાં કરપીણ હત્યા બાદ બહેનનો આક્રંદ સાથે પોલીસ તંત્ર પર ગંભીર આક્ષેપ

સુરત

ડાયમંડ સિટી સુરતમાં ગુનેગારો અને અસામાજિક તત્વોનો આતંક એટલી હદે વધી ગયો છે કે હવે સામાન્ય નાગરિકોનો જીવ સસ્તા અનાજની દુકાન જેવો થઈ ગયો છે. સુરતમાં બનેલી એક ચકચારી અને કાળજું કંપાવી દેતી હત્યાની ઘટનાએ સમગ્ર પંથકને ધ્રુજાવી મૂક્યો છે. આ ઘાતકી મર્ડર બાદ મૃતક યુવકની સગી બહેને મીડિયા સમક્ષ રડતા રડતા પોલીસ તંત્રની નિષ્ક્રિયતા અને ઘોર બેદરકારીની જે પોલ ખોલી છે, તે સાંભળીને કોઈપણ સંવેદનશીલ માણસનું લોહી ઉકળી ઉઠે. મૃતકની બહેને આક્રંદ કરતાં પથ્થર દિલના અધિકારીઓને હચમચાવી દેતો ગંભીર આક્ષેપ કર્યો છે કે, 'અમે અગાઉથી જ પોલીસ પાસે રક્ષણની ભીખ માંગતા હતા, જો પોલીસે અમારી અરજી પર તાત્કાલિક એક્શન લઈને પહેલાં જ ફરિયાદ નોંધી હોત, તો આજે મારો ભાઈ મારી નજર સામે જીવતો હોત!'

મળતી પ્રાથમિક વિગતો મુજબ, મૃતક યુવક અને સ્થાનિક અસામાજિક તત્વો વચ્ચે કોઈ બાબતે અદાવત ચાલી રહી હતી. આ ગુનેગારો દ્વારા યુવકને જાનથી મારી નાખવાની સતત ધમકીઓ આપવામાં આવી રહી હતી. ભયના ઓથાર હેઠળ જીવતો આ પરિવાર ન્યાય અને સુરક્ષાની આશા સાથે સ્થાનિક પોલીસ સ્ટેશનના પગથિયાં ઘસી રહ્યો હતો. પરિવારે પોલીસને લેખિતમાં રજૂઆત કરી હતી કે તેમના દીકરાના જીવને જોખમ છે. પરંતુ, હંમેશાની જેમ 'જ્યાં સુધી લાશ ન પડે ત્યાં સુધી કાગળિયાં ન હલે' તેવી લકવાગ્રસ્ત નીતિ પર ચાલતી પોલીસે આ અરજીને ગંભીરતાથી ન લીધી. પરિણામે, બેખોફ બનેલા હુમલાખોરોએ ધોળા દિવસે સોની બજાર કે જાહેર રસ્તા પર આ યુવકને ઘેરીને તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકી, કરપીણ મોતને ઘાટ ઉતારી દીધો.

# ગુજરાત મોડલના પાટનગરમાં જ પાપનો ઘડો ફૂટ્યો! ગાંધીનગર મહાનગરપાલિકાની ઘોર બેદરકારીથી ટપોટપ મરી રહ્યા છે અબોલ પશુઓ

ગાંધીનગર

જે શહેરથી આખા ગુજરાતનો વહીવટ ચાલે છે, જ્યાં રાજ્યના મુખ્યમંત્રી, મંત્રીઓ અને આઈએએસ (IAS) અધિકારીઓનો કાફલો બેસે છે, તે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થાના નામે અબોલ પશુઓ સાથે ક્રૂરતા અને ભ્રષ્ટાચારની તમામ હદો વટાવી દેવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકા (GMC) ની ગંભીર બેદરકારીના કારણે આજે પાટનગરના સડકો પર અને સરકારી ડબ્બાઓમાં અબોલ પશુઓ જીવ ગુમાવી રહ્યા છે. સૌથી મોટો સવાલ એ છે કે આટલી ભયાનક પરિસ્થિતિ હોવા છતાં ગાંધીનગરના નેતાઓ અને સત્તાધીશો કેમ મોંમાં આંગળા નાખીને મૌન બેઠા છે? શું આ આખી અસંવેદનશીલતા પાછળ કોઈ બહુ મોટી રમત (મેગા સ્કેમ) રમાઈ રહી છે જેનાથી ગાંધીનગરની ભોળી જનતા સાવ અજાણ છે? 'પાક્કો ગુજરાત' ના સનસનાટીભર્યા આંતરિક અહેવાલ મુજબ, ગાંધીનગરમાં રખડતા પશુઓ, કૂતરાઓના વંધ્યીકરણ (ડોગ કંટ્રોલ) અને ઢોર ડબ્બાના નિભાવ માટે વાર્ષિક અંદાજે રૂપિયા ૧૦ કરોડ જેટલું તોતિંગ બજેટ ફાળવવામાં આવે છે. છતાં જમીની હકીકત એ છે કે પશુઓને ન તો પૂરતો ઘાસચારો મળે છે, ન તો બીમાર જાનવરોને સમયસર તબીબી સારવાર મળે છે. નાગરિકો પૂછી રહ્યા છે કે જનતાના ટેક્સના આ ૧૦ કરોડ રૂપિયા જાય છે ક્યાં? સીએનસી (CNC) વિભાગ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી પશુઓના જીવના જોખમે માત્ર કાગળ પર જ મોટો વહીવટ ચાલી રહ્યો હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે.

આ મામલે સ્થાનિક સ્તરે જાગૃત નાગરિકો અને પશુ પ્રેમીઓ દ્વારા તંત્રને અસંખ્ય લેખિત ફરિયાદો અને કમ્પ્લેનો કરવામાં આવી છે. પરંતુ લકવાગ્રસ્ત બની ચૂકેલા તંત્ર દ્વારા આ તમામ અરજીઓને નજરઅંદાજ કરીને કચરાપેટી ભેગી કરી દેવાઈ છે.

# સોશિયલ મીડિયા પર ખેલાયો હાઈ-વોલ્ટેજ ડ્રામા: સ્ટીલના સળિયા લઈને પ્રશાસનને ધમકાવતો વેપારી હર્ષ સંઘવીને મળતા જ કેમ પોચો પડી ગયો

સુરત

ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી ગણાતું સુરત જ્યારે પૂરના પાણીમાં ડૂબ્યું, ત્યારે હજારો વેપારીઓના કરોડો રૂપિયાના માલ-સામાનનો કચ્ચરઘાણ વળી ગયો. ચારેય તરફ પાણીની મોકાણ વચ્ચે જ્યારે વેપારીઓ ત્રાહી-ત્રાહી પોકારી રહ્યા હતા, ત્યારે સુરતનો એક વેપારી પાલિકા અને સરકાર સામે સીધો જંગે ચડ્યો. આ વેપારીનું હથિયાર કોઈ કાયદાકીય નોટિસ નહોતું, પણ તેના હાથમાં હતા 'સ્ટીલના સળિયા'! આક્રોશમાં લાલચોળ થઈને આ વેપારીએ વીડિયો બનાવ્યો અને ખુલ્લેઆમ ધમકી આપી કે આ સળિયા પાલિકાના અધિકારીઓના શરીરમાં પરોવી દેશે. આ વીડિયો એટલી હદે વાયરલ થયો કે પૂરથી પીડિત દરેક સુરતી વેપારીને લાગ્યું કે આ તેનો પોતાનો જ અવાજ છે. પરંતુ, વાર્તામાં ટ્વિસ્ટ ત્યારે આવ્યો જ્યારે આ વાયરલ વીડિયો નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સુધી પહોંચ્યો. જેવો આ હાઈ-વોલ્ટેજ વીડિયો ગૃહ રાજ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સુધી પહોંચ્યો, એટલે તેઓ તુરંત એક્શનમાં આવ્યા અને સીધા આ આક્રોશિત વેપારીની દુકાને પહોંચી ગયા. પરંતુ, સત્તાનો પાવર જુઓ કે નેતાજીની એન્ટ્રી થતાં જ સળિયા ઉગામતા વેપારીના સૂર એકાએક ભીના ગાદલા જેવા પોચા પડી ગયા!

# સેટેલાઈટ તસવીરોમાં ગુજરાત પરથી વાદળો ગાયબ, આગામી 7 દિવસ વરસાદની કોઈ આગાહી નહીં!

અમદાવાદ

ગુજરાતમાં ચોમાસાની સિઝનને લઈને ચિંતાજનક સમાચાર સામે આવી રહ્યા છે. અષાઢ મહિનો અડધો વીતી ગયો હોવા છતાં મેઘરાજાએ હજુ સુધી જોઈએ તેવી સપ્લાય આપી નથી, અને હવે તો સેટેલાઈટ તસવીરોએ પણ સરકાર અને ખેડૂતોની ચિંતામાં ધરખમ વધારો કરી દીધો છે. હવામાન વિભાગના સત્તાવાર સૂત્રો અને સેટેલાઈટ ઈમેજ અનુસાર, ગુજરાતના આકાશ પરથી વરસાદી વાદળોની સિસ્ટમ સંપૂર્ણપણે ગાયબ થઈ ગઈ છે, જેના કારણે આગામી એક અઠવાડિયા (૭ દિવસ) સુધી રાજ્યમાં ક્યાંય પણ ભારે વરસાદની કોઈ જ શક્યતા કે આગાહી નથી. સામાન્ય રીતે જુલાઈ મહિનાની શરૂઆત સુધીમાં ગુજરાતમાં સારો એવો વરસાદ નોંધાઈ જતો હોય છે, પરંતુ આ વર્ષે ચોમાસું સુસ્ત સાબિત થઈ રહ્યું છે. ચાલુ સિઝનમાં અત્યાર સુધીમાં રાજ્યમાં સરેરાશ વરસાદ કરતાં ૧૭ ટકા જેટલી મોટી ઘટ નોંધાઈ ચૂકી છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં તો પરિસ્થિતિ વધુ ગંભીર છે, જ્યાં વાવણી લાયક વરસાદ થયા બાદ મેઘરાજાએ લાંબો વિરામ ખેંચી લીધો છે. જો આગામી દિવસોમાં પણ આ જ સ્થિતિ રહી, તો જળાશયોના જળસ્તર નીચે જશે અને ખરીફ પાક નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે જેને પગલે ધરતીપુત્રોના જીવ અધ્ધર થઈ ગયા છે. એક તરફ જમીન પર વાદળો ગાયબ છે અને અસહ્ય બફારો વધી રહ્યો છે, તો બીજી તરફ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં વાતાવરણ પ્રતિકૂળ બન્યું છે.

# ખાખીના આશીર્વાદથી કરજણમાં દારૂબંધીના લીરેલીરા: ગૃહમંત્રી હર્ષ સંઘવીના અભિયાનની કરાઈ ઐસીતૈસી...!

## SMCની ગાડીઓમાં જીપીઆરએસ (GPRS) લગાડીને લોકેશન લીક કરતો જેલ રિટર્ન વહીવટદાર હનુભા કામડિયા; રેડ પહેલાં જ LCB વોટ્સએપ પર કહી દે છે— "ગાડી નીકળી ગઈ છે, અડ્ડા બંધ કરી દો!"




**એલસીબી (LCB) પીઆઈ સાહેબ પૈસા ખિસ્સામાં મૂકીને મૌન, વહીવટદાર ખોડાભાઈ રબારીના ઈશારે ચાલતું કરોડોનું હપ્તા રાજ; ભાજપના કયા મોટા નેતાનો આ કાળા સામ્રાજ્ય પર આશીર્વાદ?**

કરજણ/વડોદરા

ગુજરાત સરકાર ગાંધીનગરની ગાદી પરથી ભલે કડક દારૂબંધી અને ડ્રગ્સ મુક્ત રાજ્યના ગગનભેદી દાવા કરતી હોય, પરંતુ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાંથી સામે આવેલા અહેવાલોએ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના ડ્રાઈવની ખુલ્લેઆમ ધજાગરા ઉડાવી દીધા છે. કરજણમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે લકવાગ્રસ્ત બની ગઈ છે અને આખો તાલુકો બુટલેગરો માટે સેફ હેવન બની ગયો છે. પોલીસ સ્ટેશનની નાકની નીચે જ અબજો રૂપિયાનું ગેરકાયદેસર નેટવર્ક ધમધમી રહ્યું છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ આખા કાળા સામ્રાજ્યની કમાન સંભાળનારો બીજો કોઈ નહીં, પણ જેલની હવા ખાઈ ચૂકેલો કરજણ પોલીસના પીઆઈ પટેલનો ખાસ વહીવટદાર હનુભા કામડિયા ઉર્ફે હનુ બુટલેગર છે. આ રીઢા ગુનેગાર પાછળ સત્તાધારી પક્ષ ભાજપના એક મસમોટા નેતાનો હાથ હોવાની ચર્ચાએ રાજકારણ ગરમ કરી દીધું છે.

**પોલીસ જ પોલીસની રેકી કરી બુટલેગરોને બચાવતી હોવાનો ભયાનક ઘટસ્ફોટ!**

### SMCની ગાડીઓમાં જીપીઆરએસ ફિટ: પોલીસ જ પોલીસની જાસૂસી કરે છે!

સૂત્રો પાસેથી મળતી અત્યંત વિસ્ફોટક માહિતી મુજબ, રાજ્યની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમો જ્યારે વડોદરા જિલ્લામાં રેડ કરવા નીકળે છે, ત્યારે કરજણ પોલીસના કથિત વહીવટદાર હનુભા કામડિયાએ ગાંધીનગરની એસએમસી ટીમોની ગાડીઓ પર જીપીઆરએસ (GPRS) ટ્રેકિંગ સિસ્ટમ લગાડી દીધી હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ ઉઠ્યો છે! આ ટ્રેકિંગના આધારે વડોદરા એલસીબી (LCB) ના કેટલાક ભ્રષ્ટ કર્મીઓ બુટલેગરો અને જુગારીઓને વોટ્સએપ પર લોકેશન શેર કરીને કહી દે છે કે 'ગાડી નીકળી ગઈ છે, અડ્ડા બંધ કરી દો!'. ગાંધીનગરથી રેડ પડે તે પહેલા જ બુટલેગરો સેફ થઈ જાય છે. જીલ્લા પોલીસ વડા (SP) સુશીલ અગ્રવાલ અને એલસીબી પીઆઈના મૌન પાછળ કરોડો રૂપિયાના હપ્તા હોવાનું સ્પષ્ટ ચર્ચાઈ રહ્યું છે. આ મામલે પક્ષ જાણવા માટે જ્યારે 'પાક્કો ગુજરાત' દ્વારા એલસીબી પીઆઈનો સંપર્ક કરાયો, ત્યારે સવાલોથી ડરીને તેમણે ફોન ઉપાડવાના જ બંધ કરી દીધા હતા!

### ગામડે-ગામડે મોતની ભઠ્ઠીઓ અને વરલી મટકાના અડ્ડા: લોકેશન સાથે પર્દાફાશ:

કુરઈ અને કરમડી ગામ: કરજણ પોલીસ સ્ટેશનથી માત્ર ૩ કિલોમીટર દૂર કુરઈ ગામ અને ૨ કિમી દૂર કરમડી ગામમાં અંદાજે ૧૫થી વધુ દેશી દારૂની ભઠ્ઠીઓ કોઈ પણ ડર વગર ધમધમી રહી છે, પણ સ્થાનિક પીઆઈને આ અડ્ડા દેખાતા જ નથી!

કુલારી અને સાપા ગામ: કુલારી ગામમાં નવી નગરી પાણીની ટાંકી પાસે નગીન નામનો બુટલેગર અને સાપા ગામની નવી વસાહતમાં જાહેરમાં વરલી મટકાનો સટ્ટો ગરમાગરમ ચાલી રહ્યો છે.

રાણપુર ગામ: રાણપુર ગામનો સરપંચ અને બીજેપી યુવા મોરચાનો પ્રમુખ પાર્થ શાહ પોતે આખા તાલુકામાં વિદેશી દારૂનો મોટો ધંધો ચલાવે છે. સીમડીથી રાણપુર જવાના રસ્તે દારૂનો જંગી જથ્થો છુપાવ્યો હોવાના પાકા પુરાવા છે.

કંડારી ગામ અને બારીયાવાસ: કંડારી ગામમાં ટાવર પાસે અમિત વસાવા અને બારીયાવાસ વિસ્તારમાં પરેશ ચુનાવાડા નામનો શખ્સ ખુલ્લેઆમ અંગ્રેજી દારૂ વેચી રહ્યો છે.

### 'પાક્કો ગુજરાત' નો સીધો અને ઘાતક સવાલ: જો લઠ્ઠાકાંડ થશે તો લાશોની જવાબદારી કોણ લેશે?

એલસીબીના વહીવટદાર ખોડાભાઈ રબારી અને કરજણના વહીવટદાર હનુભા કામડિયા જેવા રીઢા માણસો આખા વડોદરા જિલ્લાના પોલીસ તંત્રને પોતાના ઈશારે નચાવી રહ્યા છે. દારૂ અને જુગારના અડ્ડાઓમાંથી થતી લાખોની કાળી કમાણીમાંથી વહીવટદારોએ કરોડોની બેનામી મિલકતો વસાવી લીધી છે. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર સીધો સવાલ પૂછે છે કે, સામાન્ય નાગરિકોની સુરક્ષા રામભરોસે મૂકીને માત્ર ભરણ વધારવામાં મસ્ત બનેલા એસપી અને પીઆઈ સાહેબો સામે ગાંધીનગરથી ક્યારે કડક હથોડો ઝીંકાશે? જો આ ઝેરી દેશી દારૂના કારણે કરજણમાં કોઈ મોટો લઠ્ઠાકાંડ સર્જાશે અને ગરીબોના ઘરના ચિરાગ ઓલવાઈ જશે, તો તેની જવાબદારી આ હપ્તાખોર પોલીસ લેશે કે તેમને છાવરતા ભાજપના મોટા નેતાઓ? સરકારે તાત્કાલિક આ આખી ભ્રષ્ટ ટોળકીને સસ્પેન્ડ કરીને જેલના સળિયા પાછળ ધકેલવી પડશે, નહીંતર પ્રજા રસ્તા પર ઉતરીને ઉગ્ર આંદોલન છેડશે!

બંગાળી બોલતા મુસ્લિમ પરિવારોનો આક્રોશ

# 'અમે ભારતીય હોવા છતાં પોલીસ કાર્યવાહીના નામે વગર વાંકે પીસાઈ રહ્યા છીએ' : શ્રમિક પરિવારોની વેદના

અમદાવાદ/સુરત

ગુજરાત સરકાર અને સુરક્ષા એજન્સીઓ દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકો, ખાસ કરીને બાંગ્લાદેશીઓની ઓળખ કરવા માટે 'ઑપરેશન ડેલ્ટા હન્ટ' (Operation Delta Hunt) પૂરજોશમાં ચલાવવામાં આવી રહ્યું છે. દેશની આંતરિક સુરક્ષા માટે આ ઓપરેશન અત્યંત મહત્વનું માનવામાં આવે છે અને તેના હેઠળ અનેક શંકાસ્પદ લોકોની અટકાયત કરી દેશનિકાલની પ્રક્રિયા પણ હાથ ધરાઈ છે. પરંતુ, આ કડક કાયદાકીય ઓપરેશનની સમાંતરે હવે એક મોટો સામાજિક અને વહીવટી વિવાદ પણ સોશિયલ મીડિયાથી લઈને ગ્રાઉન્ડ લેવલ સુધી ગરમાયો છે. ગુજરાતમાં વસતા બંગાળી બોલતા મુસ્લિમ પરિવારોનો દાવો છે કે માત્ર ભાષા અને ધર્મના આધારે તેમને શંકાની નજરે જોવામાં આવી રહ્યા છે, જેના કારણે કાયદેસરના ભારતીય નાગરિકો પણ ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે.

ગુજરાતના અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા જેવા મહાનગરોમાં પશ્ચિમ બંગાળ (West Bengal) થી આવેલા હજારો મુસ્લિમ શ્રમિકો વર્ષોથી વસવાટ કરે છે. આ લોકો મુખ્યત્વે બાંધકામ, ડાયમંડ ઉદ્યોગ, ઝરીકામ, સોની બજાર અને સ્ક્રેપ (ભંગાર) ના વ્યવસાય સાથે જોડાયેલા છે. 'ઑપરેશન ડેલ્ટા હન્ટ' શરૂ થયા બાદ ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ એવી બની છે કે જે પણ વ્યક્તિ બંગાળી ભાષા બોલે છે, તેને સીધો બાંગ્લાદેશી માની લેવાની માનસિકતા વધી રહી છે. પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ, માલદા કે ચોવીસ પરગણા જિલ્લામાંથી કાયદેસર રોજીરોટી કમાવવા આવેલા ભારતીય મુસ્લિમો ફરિયાદ કરી રહ્યા છે કે તેમની પાસે આધાર કાર્ડ, વોટર આઈડી અને પાન કાર્ડ હોવા છતાં પણ સ્થાનિક સ્તરે અને પોલીસ તપાસમાં તેમને ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે.


# બોખીરાની ત્રણ વર્ષથી ગુમ પરણીતા મહિલા સુરતમાંથી પ્રેમી સાથે મળી આવી

ગોસા (ઘેડ), વિરમભાઇ કે આગઠ

ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૩ દરમિયાન ગુમ થયેલી તરીકે નોંધાયેલી પરણીતા મહિલાને પોરબંદર પેરોલ-ફર્લો સ્કોડે સુરત શહેરના અમરોલી વિસ્તારમાંથી શોધી કાઢી છે. મહિલાએ પોતાના પ્રેમી સાથે રાજીખુશીથી રહેતી હોવાની અને ભવિષ્યમાં પણ તેની સાથે જ રહેવાની ઈચ્છા વ્યક્ત કરતા તેને આગળની કાર્યવાહી માટે ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી છે. બોખીરા રિલાયન્સ પેટ્રોલ પંપ નજીક રહેતા દિનેશભાઈ સોલંકીએ પોતાની પત્ની મનિષાબેન ગુમ થયાની જાણ ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ નોંધ નં.૨૦/૨૦૨૪, તા.૧૦/૧૦/૨૦૧૩ હેઠળ કરાવી હતી. ત્યારબાદ જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ગુમ થયેલા વ્યક્તિઓને શોધી કાઢવા માટે વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

પુણા પોલીસ સ્ટેશનની બહાર કીર્તિ પટેલના બૂમ-બરાડા

# સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના સાથે મળી રચ્યું મોટું ષડયંત્ર!






સુરત

પોતાના વિવાદિત નિવેદનો અને અણછાજતી સોશિયલ મીડિયા પોસ્ટને કારણે હંમેશા કાયદા અને વિવાદોના ઘેરાવમાં રહેતી સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલ ફરી એકવાર કાયદાના સકંજામાં આવી ગઈ છે. સુરતના પુણા પોલીસ સ્ટેશનમાં કીર્તિ પટેલ અને ભાવનગરની સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા સામે ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ભાવનગરના બોરડા ગામના સરપંચના પતિ અને વેપારી રાજુ ભમ્મરે આ બંને સોશિયલ મીડિયા ફેમ તત્વો સામે તેમના પરિવારની જાહેરમાં ભયંકર બદનક્ષી કરવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે ઓફિશિયલ ફરિયાદ નોંધાવતા સુરતનું રાજકારણ અને સોશિયલ મીડિયા વર્લ્ડ ગરમ થઈ ગયું છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા લેટેસ્ટ વીડિયો અનુસાર, કીર્તિ રણછોડભાઈ અડાલજા પુણા પોલીસ સ્ટેશનની બહાર જ અત્યંત આક્રમક મૂડમાં બૂમ-બરાડા પાડતી જોવા મળી હતી. તેણે જાહેરમાં રાડારાડ કરતા કહ્યું કે, બહુ થયું, હવે ખોટા કેસ એક પણ સહન નહીં કરું. કાયદાનો જરાય ડર ન હોય તેમ તેણે ફરિયાદ કરનાર રાજુ નામના વ્યક્તિને ખુલ્લો પડકાર ફેંક્યો હતો કે જો કોઈ ફરિયાદ કરવી હોય તો તે પોલીસ સ્ટેશનની બહાર જ ઉભી છે, સામે આવીને બતાવે. કીર્તિએ પોતાના પર થયેલા કેસોને રાજકીય કે પૂર્વગ્રહ પ્રેરિત ગણાવીને સામો બદનક્ષીનો દાવો કરવાની ચીમકી પણ ઉચ્ચારી દીધી હતી. ફરિયાદી રાજુ ભમ્મરે પોલીસ સમક્ષ ચોંકાવનારો ખુલાસો કર્યો છે કે, તેઓ અગાઉ ગુજરાત પોલીસમાં ફરજ બજાવતી અને હાલમાં સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા સાથે આશરે ૨૧ મહિના સુધી લિવ-ઈન રિલેશનશિપમાં રહ્યા હતા.

# "પાલજની નિર્માણાધીન બિલ્ડિંગના 13મા માળેથી પટકાતાં પરિણીતાનું મોત




ગાંધીનગર

ગાંધીનગરના ચિલોડા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા પાલજ વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને શંકાસ્પદ ઘટના પ્રકાશમાં આવી છે. પાલજ આઈ.આઈ.ટી. (IIT)ની બિલકુલ સામે નિર્માણ પામી રહેલી એક ઈમારતના 13મા માળેથી નીચે પટકાવાના કારણે 29 વર્ષીય એક પરિણીતાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ સમગ્ર મામલે મરણ જનાર મહિલાના લગ્નગાળાને આઠ વર્ષ જેટલો સમય થયો હોવાથી, કાયદાકીય નિયમો અનુસાર પોલીસે મૃતકના પતિ અને તેના મિત્રની શંકાસ્પદ ભૂમિકાને ધ્યાનમાં રાખીને અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના મોટા ભડલા ગામના વતની અને હાલ ગાંધીનગરના પાલજ ગામના જુના વાસમાં રામજી મંદિર નજીક રહેતા પુજાબેન રવિભાઈ દેસાણી પોતાના પતિ રવિભાઈ તથા પતિના મિત્ર ભાવેશભાઈ સાથે નવા મકાનની શોધમાં હતા.

અમદાવાદમાં એકઠા થયેલા દલિત આગેવાનો અને પીડિતોનો આક્રોશ

# ઉનાકાંડના 10 વર્ષ: "આ માત્ર એક ઘટના નહોતી, કરોડો દલિતો પર લાગેલો કાયમી ઘા છે.."

અમદાવાદ

ગુજરાતની સામાજિક અને રાજકીય ધરતીને ધ્રુજાવી મૂકનારા ચકચારી 'ઉના દલિત અત્યાચાર કાંડ'ને આજે પૂરા ૧૦ વર્ષ (એક દાયકો) વીતી ગયા છે. આ નિમિત્તે અમદાવાદના આંગણે રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં દલિત સંગઠનો, સામાજિક કાર્યકરો અને ઉનાકાંડના પીડિત પરિવારો એકઠા થયા હતા. સભામાં હાજર જનમેદની અને વક્તાઓના સુરમાં વર્ષોથી ધરબાયેલો આક્રોશ અને વેદના ફરી એકવાર સપાટી પર આવ્યા હતા. એકઠા થયેલા દલિત સમાજના અગ્રણીઓએ ખુલ્લેઆમ આક્ષેપ કર્યો છે કે, 'ઉનાકાંડ એ દેશના કરોડો દલિતોના આત્મસન્માન પર લાગેલો એવો ઘા છે જે આજે ૧૦ વર્ષ પછી પણ રૂઝાયો નથી. ગુજરાતના આધુનિક વિકાસના મસમોટા મોડલ અને દાવાઓ વચ્ચે દલિતો હજુ પણ સામાજિક અને આર્થિક રીતે બાકાત રાખવામાં આવ્યા છે.'

વાત છે ૧૧ જુલાઈ ૨૦૧૬ની, જ્યારે ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના મોટા સમઢીયાળા ગામે મૃત ગાયની ચામડી ઉતારવાનું પરંપરાગત કામ કરી રહેલા વશરામભાઈ સરવૈયા અને તેમના પરિવારના સભ્યો પર કથિત ગૌરક્ષકોના ટોળાએ અમાનુષી અત્યાચાર ગુજાર્યો હતો. દલિત યુવકોને અર્ધનગ્ન હાલતમાં ગાડી પાછળ બાંધીને, લાકડીઓ અને લોખંડના પાઈપોથી બેરહેમીપૂર્વક ફટકારવામાં આવ્યા હતા. આ ક્રૂરતા આટલેથી જ ન અટકી, બલકે પીડિતોને આખી ઉના બજારમાં ફેરવીને પોલીસ ચોકીની સામે ફેંકી દેવાયા હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ દેશ અને દુનિયામાં ગુજરાત સરકાર અને કાયદો-વ્યવસ્થા સામે ફિટકારની લાગણી જન્મી હતી. આ ઘટના બાદ તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજીનામું આપવું પડ્યું હતું અને દેશભરમાં દલિત આંદોલનનો નવો જુવાળ ફાટ્યો હતો.

અમદાવાદમાં આયોજિત સંમેલનમાં પીડિત પરિવારો અને દલિત વિચારકોએ સિસ્ટમ સામે નીચે મુજબના ગંભીર અને ધારદાર સવાલો ઉઠાવ્યા હતા: ન્યાય ક્યાં છે? સ્પેશિયલ કોર્ટના વચનોનું શું થયું?: સંમેલનમાં સૌથી મોટો આક્રોશ કાનૂની ન્યાયમાં થઈ રહેલા અતિશય વિલંબ સામે હતો. આગેવાનોએ જણાવ્યું કે, 'સરકારે આ કેસ ચલાવવા માટે સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટ અને ખાસ સરકારી વકીલની નિમણૂક કરવાની જાહેરાત કરી હતી. છતાં, ૧૦-૧૦ વર્ષ વીતી જવા છતાં હજુ સુધી તમામ દોષિતોને આખરી સજા મળી નથી. ઘણા આરોપીઓ જામીન પર બહાર ફરી રહ્યા છે, જે ન્યાય પ્રણાલીની મજાક સમાન છે.'

સરકારી નોકરી અને જમીનના વચનો માત્ર કાગળ પર: પીડિત સરવૈયા પરિવારે વેદના ઠાલવતા કહ્યું કે, તત્કાલીન સરકારો અને નેતાઓએ પુનર્વસન માટે સરકારી નોકરી, જમીન અને સુરક્ષા આપવાના મોટા-મોટા વાયદા કર્યા હતા.

પાક્કો ગુજરાત

સોમવાર | 13 જુલાઈ 2026 | અમદાવાદ

# પત્નીએ હાથ જકડ્યા ને પતિએ દુપટ્ટાથી કોલેજીયનને પતાવી દીધો

## હત્યા કર્યાં બાદ પુરાવાનો નાશ કરવાના આશયથી યુવકની લાશને સફેદ કલરના કોથળામાં ભરી આરોપી દંપતી પોતાના ઘરને તાળું મારીને ફરાર થઇ ગયું : આ મામલે કલોલ તાલુકા પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો



ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલના એક ગામમાં એક 20 વર્ષના કોલેજિયનની દુપટ્ટા અને કેબલથી ગળું દબાવીને હત્યા કરવામાં આવી છે. હત્યા કર્યાં બાદ પુરાવાનો નાશ કરવાના આશયથી યુવકની લાશને સફેદ કલરના કોથળામાં ભરી આરોપી દંપતી પોતાના ઘરને તાળું મારીને ફરાર થઈ ગયું હતું. આ મામલે કલોલ તાલુકા પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો છે. હાલમાં દંપતિની ધરપકડ કરી લેવામાં આવી છે. આ અંગે સૂત્રોએ કહ્યું કે, યુવકની હત્યા આરોપી મહિલાના ન્હાતો વીડિયો ઉતારી બ્લેકમેઈલ કરીને શારીરિક સંબંધો બાંધતો હોવાથી કરવામાં આવી છે.

આ ઘટના અજય દેવગન સ્ટારર 'દ્રિશ્યમ'ની યાદ અપાવે છે. ફિલ્મમાં વિજય સલગાંવકર(અજય દેવગન) મોટી દીકરી અંજુનો નેચર કેમ્પમાં સમીર 'સેમ' નામના યુવકે ન્યૂડ વીડિયો શૂટ કર્યો હતો. સેમ આ વીડિયોના આધારે અંજુને બ્લેકમેઈલ કરી શારીરિક સંબંધ માટે દબાણ કરતો હતો. એક રાત્રે સેમ વિજયના ઘરે આવે છે. વિજય ત્યારે ઘરે ન હતો. તે અંજુને ફરી ધમકાવે છે. વિજયની પત્ની નંદિની (શ્રીયા સરન) તેને રોકવા પ્રયાસ કરે છે અને વિનંતી કરે છે. સેમ વધુ આગળ વધીને નંદિની પર પણ અત્યાચાર કરવા તૈયાર થાય છે. આ સમયે અંજુ પોતાની માતાને બચાવવા અને વીડિયોવાળો મોબાઈલ તોડવા માટે લોખંડની રોડથી સેમ પર મારે છે. આખા માથામાં લાગે છે અને સેમનું મોત થઈ જાય છે. જો કે ફિલ્મમાં આ આકસ્મિક ઘટના હોય છે, જ્યારે આ કેસમાં પ્લાન્ડ મર્ડર છે.

નાના એવા ગામમાં બનેલી આ ઘટના અંગે સુત્રોએ કહ્યું કે, વાસ્તવમાં હાર્દિક દંપતીના ઘરેથી થોડેક દૂર જ રહે છે. દોઢ બે મહિના અગાઉ પરિણિતાનો ન્હાતો વિડિયો ઉતારી લીધો હતો. જેના આધારે પરિણિતાને શારીરિક સંબંધ બાંધવા માટે બ્લેકમેઈલ કરતો હતો. જેના લીધે પરિણિતાએ ઈજ્જત જવાની બીકે હાર્દિકની વાત માની લીધી હતી.

# પૂર્વ મંત્રી સ્વ. મોહનસિંહ રાઠવાને CM ભૂપેન્દ્ર પટેલે અર્પી ભાવભીની શ્રદ્ધાંજલિ



છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પૂર્વ મંત્રી અને અગ્રણી આદિવાસી સમાજસેવક સ્વર્ગસ્થ મોહનસિંહ છોટુભાઈ રાઠવાની પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહી તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પાવી જેતપુર સ્થિત મોહનસિંહ છોટુભાઈ રાઠવા આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ કેમ્પસ ખાતે યોજાયેલી પ્રાર્થના સભામાં મુખ્યમંત્રીશ્રીએ સ્વ. મોહનસિંહ રાઠવાની તસવીર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી ભાવાંજલિ આપી હતી. ત્યારબાદ તેમણે સ્વર્ગસ્થના શોકસંતપ્ત પરિવારજનોને રૂબરૂ મળી દિલસોજી વ્યક્ત કરી અને દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# ગુજરાતમાં ચાંદીપુરા વાયરસનો આતંક: આરોગ્ય રાજ્યમંત્રીએ આપી મહત્વપૂર્ણ માહિતી

## પ્રફુલ પાનશેરીયાએ વાલીઓને પેનિક (ભયભીત) ન થવા અને સાવચેતી રાખવા અપીલ કરી

ગાંધીનગર

ગુજરાતમાં હાલ ચાંદીપુરા વાયરસ (Chandipura Virus) નો પ્રકોપ ચિંતાજનક રીતે વધી રહ્યો છે, ખાસ કરીને બાળકો આ વાયરસનો ભોગ બની રહ્યા છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યના આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ પત્રકાર પરિષદ યોજીને રાજ્યની વર્તમાન સ્થિતિ અને સરકાર દ્વારા લેવામાં આવી રહેલા કડક પગલાં અંગે મહત્વપૂર્ણ માહિતી આપી છે. સરકાર આ વાયરસના સંક્રમણને અટકાવવા માટે સંપૂર્ણ રીતે એક્શન મોડમાં આવી ગઈ છે. આરોગ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ અને પોઝિટિવ કેસો પર આરોગ્ય વિભાગ સતત નજર રાખી રહ્યું છે. વાયરસના કારણે રાજ્યમાં અત્યાર સુધીમાં નોંધાયેલા મોતના આંકડા અને અસરગ્રસ્ત જિલ્લાઓની વિગતો આપતા તેમણે ઉમેર્યું કે, તમામ શંકાસ્પદ કેસોના સેમ્પલ તાત્કાલિક પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી (NIV) ખાતે મોકલવામાં આવી રહ્યા છે, જેથી સચોટ નિદાન થઈ શકે. જે વિસ્તારોમાં કેસ જોવા મળ્યા છે ત્યાં તાત્કાલિક અસરથી વિશેષ તબીબી ટીમો તૈનાત કરી દેવામાં આવી છે.

મેળથિયોન પાવડરનો છંટકાવ: આ વાયરસ સેન્ડફ્લાય (રેતીની માખી) કરડવાથી ફેલાતો હોવાથી, અસરગ્રસ્ત અને ગ્રામ્ય વિસ્તારોના કાચા મકાનોમાં મેળથિયોન પાવડરનું ડસ્ટિંગ (છંટકાવ) શરૂ કરી દેવાયું છે. સરફેસ સર્વેલન્સ: આરોગ્ય કાર્યકરો દ્વારા ઘરે-ઘરે જઈને સર્વે કરવામાં આવી રહ્યો છે જેથી તાવ કે અન્ય લક્ષણો ધરાવતા બાળકોને વહેલી તકે શોધી શકાય.

હોસ્પિટલો સજ્જ: રાજ્યની તમામ સિવિલ, પીડિયાટ્રિક હોસ્પિટલો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો (CHC) માં સ્પેશિયલ આઈસોલેશન વોર્ડ અને જરૂરી દવાઓનો જથ્થો ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યો છે.

આરોગ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ વાલીઓને પેનિક (ભયભીત) ન થવા અને સાવચેતી રાખવા અપીલ કરી છે. જો બાળકોમાં નીચે મુજબના લક્ષણો જણાય તો જરાય સમય બગાડ્યા વિના તાત્કાલિક નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર અથવા પીડિયાટ્રિશિયન (બાળકોના ડૉક્ટર) નો સંપર્ક કરવો: અચાનક તીવ્ર તાવ આવવો, ઉલ્ટીઓ થવી, અતિશય માથાનો દુખાવો, બાળક બેભાન અવસ્થામાં જવા લાગવું અથવા આંચકી (ખેંચ) આવવી

'પાક્કો ગુજરાત' તમામ નાગરિકોને વિનંતી કરે છે કે, પોતાના ઘરની આસપાસ સ્વચ્છતા રાખે, પાણી ભરાઈ ન રહેવા દે અને બાળકોને આછા રંગના આખી બાયના કપડાં પહેરાવે જેથી માખી કે મચ્છરના કરડવાથી બચી શકાય. તંત્ર સજ્જ છે, બસ આપણી જાગૃતતા જ આ વાયરસ સામેનું મોટું હથિયાર છે.

# સંતરામપુર તાલુકાના જાનવડની મુવાડીના માલીવાડ ફળિયા આંગણવાડી સુધીના રસ્તા પરનું દબાણ દુરકરવા માગ

મહિસાગર, વિજય ડામોર

સંતરામપુર તાલુકાના જાનવડ ગામની જાનવડની મુવાડી સ્થિત માલીવાડ ફળિયામાં વર્ષોથી સ્થાનિક અમુક રહીશો દ્વારા જાહેર રસ્તા પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું હોવાના કારણે રસતા પરથી વાહનોની અવરજવર કરવામા મુશકેલી ઉભી થયેલહોઈજેથી ગ્રામજનોએઆ રસતા પરના દબાણ દુર કરાવાય ને રસતો ખુલલો કરાવવા જીલલા ને સથાનીક તંત્ર ને જાણ કરીને ગ્રામજનોએ યોગ્ય કાર્યવાહી કરાવવા માગ કરેલ છે.

આ રોડ પર ગેરકાયદેસર દબાણના કારણે મુખ્ય માર્ગથી અંદર આવેલી આંગણવાડી સુધીનો રસ્તો અત્યંત સાંકડો અને કાચો લાંબા સમય થી બની ગયો છે, જેના કારણે વાહન વ્યવહાર લગભગ અશક્ય બન્યો છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ હાલ માત્ર પગદંડી જેવો રસ્તો હોવાથી ઈમરજન્સી સમયે એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ સહિત અન્ય જરૂરી વાહનો અંદર પહોંચી શકતા નથી. ઉપરાંત, આ વિસ્તારમાં આવેલી આંગણવાડીમાં આવતા નાના બાળકો અને તેમના વાલીઓને પણ રોજબરોજ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

# 15 ફૂટ ઊંડા ભૂવામાં મુસાફરો ભરેલી BRTS બસ ખૂંપી : ડ્રેનેજ લાઇન નાખ્યા બાદ આખો રસ્તો બેસી ગયો

સુરત

સુરત શહેરમાંથી ફરી એકવાર સ્માર્ટ સિટીના દાવાઓ અને તંત્રની કામગીરીના લીરેલીરા ઉડાડતી એક ગંભીર ઘટના સામે આવી છે. સુરતના અત્યંત વ્યસ્ત અને ધમધમતા ગણાતા વરાછા વિસ્તારમાં આવેલા કાપોદ્રા રચના સર્કલ પાસે BRTS રૂટ પર એકાએક એક વિશાળ મહાકાય ભુવો પડ્યો હતો. આ ભુવો પડવાના કારણે એક મોટો અકસ્માત સર્જાતા-સર્જાતા રહી ગયો છે. આ દુર્ઘટના સમયે રોડ પરથી પસાર થઈ રહેલી એક મુસાફરોથી ભરેલી BRTS બસના પાછળના ટાયર અચાનક ભુવાની અંદર ધસી ગયા હતા, જેના પગલે બસમાં સવાર મુસાફરોમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો.

મળતી સત્તાવાર માહિતી અનુસાર, કાપોદ્રાથી રચના સર્કલ તરફ જતા મુખ્ય BRTS ટ્રેક પર આ ભયાનક ઘટના બની હતી. રસ્તાની વચ્ચોવચ પડેલો આ ભુવો કોઈ નાનો-મોટો ખાડો નથી, પરંતુ આશરે 10થી 15 ફૂટ ઊંડો અને 6થી 8 ફૂટ પહોળો એક કૂવા જેવો મહાકાય ભુવો છે. જો બસના ડ્રાઈવરે સહેજ પણ બેદરકારી દાખવી હોત અથવા



સમયસૂચકતા વાપરીને બ્રેક ન લગાવી હોત તો આખી બસ જમીનમાં ગરકાવ થઈ જાત અને મોટો જીવલેણ અકસ્માત સર્જાઈ શક્યો હોત. સદનસીબે, બસનો માત્ર પાછળનો ભાગ જ ભુવામાં ખૂંપ્યો હોવાથી એક મોટી જાનહાનિ ટળી છે અને તમામ મુસાફરો સુરક્ષિત બહાર આવ્યા છે.

આ ઘટનાએ સુરત મહાનગરપાલિકા (SMC) ના હાઈટેક એન્જિનિયરિંગ અને પ્રી-મોન્સૂન કામગીરીના તકલાદી દાવાઓ સામે મોટા સવાલો ઊભા કર્યા છે. હજુ થોડા સમય પહેલા જ આ જ ચોક્કસ જગ્યા પર મનપા દ્વારા નવી ડ્રેનેજ લાઈન નાખવાની અને તેને લગતી અન્ય વહીવટી કામગીરી કરવામાં આવી હતી. ડ્રેનેજનું કામ પૂરું થયા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા રસ્તાનું જે રી-સરફેસિંગ (કામચલાઉ સમારકામ) કરવામાં આવ્યું હતું, તે તદ્દન હલકી કક્ષાનું હોવાનું હવે જનતા સમક્ષ સાબિત થઈ રહ્યું છે. જ્યાં ડ્રેનેજની કામગીરી થઈ હતી, તે આખો રસ્તો જમીનમાં બેસી ગયો છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે માટી પુરાણ કર્યા બાદ તેનું યોગ્ય કોમ્પેક્શન (દબાણ) કરવામાં આવ્યું ન હતું.

**2 થી 3 લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત**

# ડભોઇ-વડોદરા રોડ પર ભીલાપુર બ્રિજ નજીક ગમખ્વાર અકસ્માત: બે વાહનોના ફુરચેફુરચા ઉડ્યા

ડભોઇ

ડભોઇ-વડોદરા રોડ પર રાજલી અને ભીલાપુર વચ્ચે નિર્માણ પામી રહેલા બ્રિજ પર ગત રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ડભોઇ તાલુકાના ભીલાપુર બ્રિજ પર એક અર્ટિગા ફોર વ્હીલર અને ઈકો ગાડી વચ્ચે સામસામે પ્રચંડ ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને વાહનોનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને વાહનોના ફુરચેફુરચા ઉડી ગયા હતા. આ દુર્ઘટનામાં ૨ થી ૩ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માતના પગલે હાઈવે પર બંને બાજુ બે કિલોમીટર સુધીનો લાંબો ટ્રાફિક જામ થઈ



ગયો હતો, જેના કારણે રાત્રિ દરમિયાન પોતાના ઘરે પરત ફરી રહેલા વાહનચાલકો અને સ્થાનિક લોકો કલાકો સુધી અટવાઈ પડ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડભોઇ પોલીસ દ્વારા અગાઉ પલાસવાડા અને ભીલાપુર પાસે બની રહેલા બ્રિજની કામગીરીને લઈને વાહનચાલકોને પડતી ભારે હાલાકી અંગે માર્ગ તથા મકાન વિભાગ (R&B) તેમજ કામ કરી રહેલી કોન્ટ્રાક્ટર એજન્સીને લેખિત નોટિસ પાઠવવામાં આવી હતી. આ નોટિસમાં પોલીસે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, જો યોગ્ય ડાયવર્ઝન કે સુરક્ષાના સાધનોના અભાવે કોઈ અકસ્માત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટર અને રોડ વિભાગની રહેશે. આમ છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નહોતા.

આ ગંભીર અકસ્માત બાદ ડભોઇ પોલીસે જવાબદાર તંત્ર સામે અત્યંત આકરૂ વલણ અપનાવ્યું છે. પોલીસે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે હવે પછી જો આ રોડ પર કોઈ અકસ્માત થશે તો કોન્ટ્રાક્ટર અને સરકારી અધિકારીઓ સામે સીધી ગુનાહિત ફરિયાદ (FIR) નોંધવામાં આવશે. વડોદરાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU)ને જોડતા આ મુખ્ય માર્ગના વિસ્તૃતિકરણ અને સમારકામનું કરોડો રૂપિયાનું કામ GHV એજન્સી પાસે છે. પોલીસ દ્વારા આ એજન્સીને પણ આખરી ચેતવણી આપી દેવામાં આવી છે.

અહીં મોટો સવાલ એ ઊભો થાય છે કે કરોડો રૂપિયાના ખર્ચે બની રહેલા આ મહત્વકાંક્ષી હાઈવે પર પ્રોપર ડાયવર્ઝન આપવામાં આવ્યું નથી. આ ઉપરાંત રાત્રિના સમયે વાહનચાલકોને ચેતવવા માટે કોઈ સાઈન બોર્ડ કે પૂરતી લાઈટિંગની વ્યવસ્થા પણ રાખવામાં આવી નથી, જેના કારણે અહીં રોજિંદા ધોરણે નાના-મોટા અકસ્માતો થઈ રહ્યા છે.

**છોટાઉદેપુરના ઓડ ગામે MGVCLની ઘોર બેદરકારી**

# 22 દિવસ પહેલાં માસૂમે જીવ ગુમાવ્યો, છતાં વાંકા વીજ થાંભલા સાથે મોટી દુર્ઘટનાની રાહ જોતું તંત્ર!

છોટાઉદેપુર

ગુજરાતમાં સરકારી તંત્ર અને વીજ કંપનીઓ સામાન્ય જનતાના જીવની કિંમત કેટલી સસ્તી સમજે છે, તેનો વધુ એક હચમચાવી દેતો કિસ્સો છોટાઉદેપુર જિલ્લાના ઓડ ગામમાંથી સામે આવ્યો છે. ઓડ ગામના એક ખેતરમાં મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ (MGVCL) નો એક તોતિંગ વીજ થાંભલો અતિશય જોખમી અને વાંકી હાલતમાં નમી પડેલો જોવા મળી રહ્યો છે. ચોમાસાના માઠા સમાચાર અને ભારે પવનના વાતાવરણ વચ્ચે આ વાંકો થાંભલો ગમે ત્યારે જમીનદોસ્ત થઈ શકે છે, જેના કારણે સ્થાનિક ખેડૂતો અને રાહદારીઓમાં ફફડાટ ફેલાયો છે. સૌથી વધુ કાળજું કંપાવી દે તેવી બાબત એ છે કે,



આજથી અંદાજે બરાબર ૨૨ દિવસ પહેલાં જ આ ઓડ ગામમાં MGVCLની બેદરકારીને કારણે કરંટ લાગવાથી એક નિર્દોષ માસૂમ બાળકનું કરુણ મોત નીપજ્યું હતું. એ કાળમુખી ઘટનાની રાખ હજુ ઠરી નથી, ત્યાં તંત્રની આ આળસ જોઈને ગ્રામજનોનો આક્રોશ ફાટી નીકળ્યો છે.

ઓડ ગામના સ્થાનિકો અને ખેડૂતોનું કહેવું છે કે, ગામમાં અગાઉ બનેલી કરુણ ઘટના બાદ પણ વીજ કંપનીના ભ્રષ્ટ અને આળસુ બાબુઓ લકવાગ્રસ્ત નીતિ છોડવા તૈયાર નથી. ખેતરોમાં લોકો સતત વાવણી અને મજૂરી માટે જતા હોય છે, એવામાં ગમે ત્યારે આ લાઈવ કરંટવાળો થાંભલો તૂટી પડે તો બીજી મોટી હોનારત સર્જાઈ શકે છે. ગામના અગ્રણીઓએ અનેકવાર સ્થાનિક કચેરીમાં મૌખિક અને લેખિત રજૂઆતો કરી હોવા છતાં, અરજીઓ કચરાપેટી ભેગી કરી દેવાઈ હોય તેમ કોઈ પણ લાઈનમેન કે અધિકારી આ થાંભલો સીધો કરવા કે બદલવા ડોકાયા સુદ્ધાં નથી.

હવે જોવાનું એ રહેશે કે, છોટાઉદેપુરનું જિલ્લા પ્રશાસન અને MGVCLના ઉચ્ચ અધિકારીઓ આ ગંભીર મુદ્દે ક્યારે કુંભકર્ણી નિદ્રામાંથી જાગે છે? શું તંત્ર કોઈ બીજી લાશ પડે તેની રાહ જોઈને બેઠું છે?

પાક્કો ગુજરાતનો સીધો અને ઘાતક સવાલ: જનતાના મોતના બદલે ક્યારે મળશે સુવિધા? જ્યારે ગુજરાત સરકાર અને અદાણી પાવર જેવા મોટા કોર્પોરેટ્સ વચ્ચે વીજ લાઈનોના વળતર માટે અબજો રૂપિયાની ચર્ચાઓ થતી હોય, ત્યારે સરકારી માલિકીની MGVCL સામાન્ય આદિવાસી પંથકના ગામડાંઓમાં તૂટેલા-વાંકા થાંભલા સરખા કેમ નથી કરી શકતી?

# કપડવંજ મીના બજારમાં મોડી રાત્રે ફિલ્મી સ્ટાઈલે લુખ્ખા તત્વોનો આતંક: ચાર કાળા રંગની શંકાસ્પદ કારોએ મચાવી ધમાલ, સ્થાનિકોમાં ફફડાટ!

કપડવંજ

ખેડા જિલ્લાના ઐતિહાસિક કપડવંજ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાણે લુખ્ખા તત્વોના ભરોસે ચાલી રહી હોય તેવો એક ચોંકાવનારો અને સનસનાટીભર્યો કિસ્સો મોડી રાત્રે સામે આવ્યો છે.

કપડવંજ શહેરના અત્યંત ધમધમતા મીના બજાર વિસ્તારમાં મધ્યરાત્રિના સમયે કેટલાક અસામાજિક અને લુખ્ખા તત્વોએ ફિલ્મી સ્ટાઈલમાં આતંક મચાવ્યો હતો. એકસાથે ચાર કાળા રંગની શંકાસ્પદ સ્કોર્પિયો કે ફોર્ચ્યુનર જેવી તોતિંગ કારોમાં આવેલા અજાણ્યા શખ્સોએ શાંત બજાર વિસ્તારમાં બેફામ ગતિએ ગાડીઓ હંકારી, ટાયરોના ચિત્કાર બોલાવીને ભારે સીનસપાટા કર્યા હતા.

અડધી રાત્રે થયેલા આ હાઈ-વોલ્ટેજ ડ્રામા અને ધમાકાના કારણે સ્થાનિક રહીશોમાં ભારે ભય અને ફફડાટનો માહોલ સર્જાયો હતો. આ ઘટનામાં સૌથી ચોંકાવનારી અને કાયદા રક્ષકોના મોં પર તમાચો મારતી બાબત એ સામે આવી છે કે, આ ચારેય કાળા રંગની શંકાસ્પદ કારોના કાચ પર સુપ્રીમ કોર્ટના કડક આદેશોનું સરેઆમ ઉલ્લંઘન કરીને ડાર્ક બ્લેક ફિલ્મ લગાવવામાં આવી હતી. એટલું જ નહીં, આ ચાર ગાડીઓમાંથી બે કાર પર તો આગળ-પાછળ ક્યાંય રજીસ્ટ્રેશન નંબર પ્લેટ સુદ્ધાં નહોતી! કોઈ મોટો ગુનો આચરવાના ઈરાદે કે પછી કપડવંજ પોલીસને ખુલ્લો પડકાર ફેંકવા માટે આ લુખ્ખા તત્વો બજારમાં ઘૂમતા હતા, તે તપાસનો મોટો વિષય છે. સ્થાનિકોએ બારીઓમાંથી આ દ્રશ્યો જોઈને તાત્કાલિક ભય અનુભવ્યો હતો, કારણ કે ગાડીઓની સ્પીડ અને અંદર બેઠેલા તત્વોની શંકાસ્પદ હિલચાલ કોઈ મોટી હોનારત કે ગેંગવોર તરફ ઈશારો કરતી હતી. સુરતમાં અગાઉ બનેલી બેદરકારીની ઘટનાઓની જેમ જ અહીં પણ કપડવંજ ટાઉન પોલીસની રાત્રિ સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

અંબાજી મંદિરના ભંડારમાં ભક્તિના નામે મહાપાપ

# નોટો ગણતા-ગણતા કર્મચારીએ પગ નીચે દબાવ્યું આખું બંડલ! ચોરીનો લાઈવ અને ઘાતક CCTV વીડિયો સો. મીડિયા પર વાયરલ

અંબાજી

લાખો માઈભક્તો જ્યાં પોતાની કમાણીમાંથી એક-એક રૂપિયો લાવીને મા અંબાના ચરણોમાં ધરે છે, તે જગવિખ્યાત યાત્રાધામ અંબાજી મંદિરના ભંડાર કક્ષમાંથી એક એવો શર્મસાર કરતો વીડિયો સામે આવ્યો છે જે જોઈને કોઈપણ ભક્તનું લોહી ઉકળી ઉઠે. અંબાજી મંદિરના ભંડાર કક્ષમાં બનેલી નોટોની ચોરીનો એક જૂનો પણ અત્યંત ચોંકાવનારો CCTV ફૂટેજ હાલ સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે આઉટસોર્સિંગ કર્મચારી ચિરાગ ઠાકોર અન્ય સ્ટાફની નજર ચૂકવીને, મા અંબાના ચરણોમાં આવેલી દાનની નોટોના બંડલને અતિશય ચાલાકીથી પોતાના પગ નીચે દબાવી રહ્યો છે.



પાપનો ઘડો કેવી રીતે ફૂટે છે તેની આ લાઈવ કરતૂત કેમેરામાં કેદ થઈ ગઈ છે.

આ વિગતવાર ઘટના ભંડાર કક્ષમાં જ્યારે દાનની નોટોની સત્તાવાર ગણતરી ચાલી રહી હતી ત્યારની છે.

આઉટસોર્સિંગ એજન્સીના કર્મચારી ચિરાગ ઠાકોરે ગણતરી દરમિયાન બાકીના કર્મચારીઓની નજર ચૂકવી રૂપિયા ૧.૦૪ લાખની રોકડા નોટોનું આખું બંડલ પગ નીચે સરકાવી દીધું હતું. ત્યારબાદ આ ચોરીના રૂપિયા છુપાવીને તે ગણતરી રૂમમાંથી બહાર નીકળવા માટે 'બાથરૂમ જવાનું બહાનું' કાઢે છે. પરંતુ કહેવાય છે ને કે 'મા અંબાની લાકડીમાં અવાજ નથી હોતો', જેવો ચિરાગ બાથરૂમ જવા ઊભો થઈને બહાર નીકળતો હતો, ત્યાં જ તેના પેન્ટ/ખિસ્સામાંથી રૂપિયા ૧.૦૪ લાખનું આખું બંડલ ટપોક કરતું નીચે જમીન પર પડી ગયું! ત્યાં હાજર અન્ય સજાગ કર્મચારીઓની નજર આ પડેલા બંડલ પર પડતાં જ ચિરાગનો આખો પ્લાન ચોપટ થઈ ગયો હતો અને અધિકારીઓને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. આ ઘટનાની ગંભીરતાને જોતાં અંબાજી મંદિર ટ્રસ્ટના ચેરમેન અને બનાસકાંઠા જિલ્લા કલેક્ટર તુરંત એક્શન મોડમાં આવ્યા હતા.

**સિદ્ધાર્થ પટેલના ભાજપ અને તંત્ર પર આકરા પ્રહારો**

# ડભોઈમાં કોંગ્રેસનો શક્તિ પ્રદર્શન વિજેતા-હારેલા ઉમેદવારોનો સત્કાર


ડભોઇ, ફકીરા ખત્રી

જનતાએ ભાજપના અહંકારને જવાબ આપ્યો ડભોઈમાં સિદ્ધાર્થ પટેલનો સરકાર અને અધિકારીઓ પર કડક પ્રહાર, ભાજપના પૂર્વ મહિલા મોરચા ઉપપ્રમુખ કોંગ્રેસમાં જોડાયા ડભોઈ નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસના વિજેતા તેમજ હારેલા ઉમેદવારોના સત્કાર અને મતદારોના ઋણ સ્વીકાર કાર્યક્રમનું ભવ્ય આયોજન પટેલ વાડી ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોંગ્રેસના આગેવાનો, હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસના વિજેતા તેમજ હારેલા તમામ ઉમેદવારોનું સન્માન કરી લોકશાહી પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે કોંગ્રેસના અનેક કાર્યકરોએ કોંગ્રેસનો ખેસ ધારણ કરી પક્ષમાં સક્રિય કામગીરી કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ઉપરાંત ભાજપ મહિલા મોરચાના પૂર્વ ઉપપ્રમુખ હીનાબેન બ્રહ્મભટ્ટએ પણ કોંગ્રેસમાં જોડાઈ પક્ષને સમર્થન જાહેર કર્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થભાઈ પટેલ, વડોદરા જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ જસપાલસિંહ પઢીયાર, યુવા નેત વિશ્લેષ પટેલ, પ્રદેશ મહામંત્રી સંદીપ માગરોલા, ડભોઈ નગરપાલિકા પ્રમુખ પુષ્પાબેન રાવલ કારોબારી ચેરમેન અફઝલ કાબાવાલા, સલીમભાઈ નૂર ભાઈ ઘાંચી તાલુકા કોંગ્રેસ પ્રમુખ સુધીર બારોટ, શહેર કોંગ્રેસ પ્રમુખ સતીશ રાવલ સહિત અનેક આગેવાનો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. પોતાના સંબોધનમાં સિદ્ધાર્થભાઈ પટેલે સૌપ્રથમ ડભોઈ શહેર અને તાલુકાના મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ તેમણે ભાજપ પર રાજકીય પ્રહાર કરતાં આક્ષેપ કર્યો કે ચૂંટણી દરમિયાન વિરોધી ઉમેદવારો પર દબાણ લાવવાના અને ઉમેદવારીપત્રો પરત ખેંચાવવા જેવા પ્રયાસો થયા હોવાના આક્ષેપો થયા હતા.

## તંત્રી લેખ...

# એકબાજુ લાખો કરોડનો વિકાસ, બીજી બાજુ જન્મથી જ શરૂ થતી અસમાનતાની કહાની... પેલું પણ ગુજરાત, આ પણ ગુજરાત!

### બુલેટ ટ્રેન, મેગા પ્રોજેક્ટ્સ અને આભને આંબતા ગિફ્ટ સિટીના ચળકાટ પાછળ છુપાયેલું છેવાડાના માનવીનું દર્દ: વાઈબ્રન્ટ આંકડાઓ અને વરવી વાસ્તવિકતા વચ્ચે પીસાતા સામાન્ય માણસની આંખ ઉઘાડતો વિશેષ અહેવાલ




ગુજરાત આ નામ સાંભળતા જ મગજમાં દેશનું 'ગ્રોથ એન્જિન', 'મોડેલ સ્ટેટ' અને 'ઉદ્યોગોનું હબ' જેવા આકર્ષક શબ્દો તરવરવા લાગે છે. જ્યાં ગ્લોબલ સમિટ ભરાય છે, લાખો-કરોડો રૂપિયાના એમઓયુ (MoU) પર સહીઓ થાય છે અને વિદેશી મહેમાનોને લાવીને ચમકતા હાઈવે બતાવવામાં આવે છે. પરંતુ, વાહવાહ અને તાળીઓના ગડગડાટ વચ્ચે, આ ચળકાટની બિલકુલ પાછળ એક બીજું પણ ગુજરાત શ્વાસ લઈ રહ્યું છે. એક એવું ગુજરાત, જ્યાં મોંઘવારીની કાળઝાળ થાપટો છે, કુપોષણની કણસ છે અને ગરીબીની ચિંતા છે. પેલું પણ ગુજરાત છે, અને આ પણ ગુજરાત છે! સવાલ એ થાય છે કે લાખો કરોડના આ અંધાધૂંધ વિકાસમાં સામાન્ય માણસ, મધ્યમ વર્ગ અને છેવાડાનો નાગરિક ક્યાં ફિટ બેસે છે?

### ગર્ભથી જ શરૂ થઈ જતી અસમાનતાની રેખા

આ દેશ અને રાજ્યમાં લોકશાહી છે, બંધારણ દરેકને સમાન અધિકાર આપે છે, પરંતુ વાસ્તવિકતામાં અસમાનતાની આ સફર બાળક જન્મે તે પહેલાંથી, એટલે કે માતાના ગર્ભમાંથી જ શરૂ થઈ જાય છે. એક તરફ એવું ગુજરાત છે જ્યાં સગર્ભા મહિલાને તમામ મોંઘા ન્યુટ્રિશન, કાજૂ-બદામ, પ્રાઈવેટ ગાયનેકોલોજિસ્ટની મોંઘી ટ્રીટમેન્ટ અને લક્ઝુરિયસ હોસ્પિટલની સુવિધા મળે છે. જ્યારે બીજી તરફ એવું પણ ગુજરાત છે જ્યાં અંતરિયાળ ગામડાઓમાં કે શહેરી સ્લમ વિસ્તારોમાં સગર્ભા માતાઓને લોહીની ઉણપ (એનિમિયા) હોવા છતાં બે ટંક પૂરતું અનાજ નસીબ નથી થતું. બાળકનો જન્મ થાય ત્યારે એક તરફ ફાઈવ-સ્ટાર હોસ્પિટલના કાચની કેબિન હોય છે, તો બીજી તરફ સરકારી હોસ્પિટલમાં એક જ બેડ પર બે-બે પ્રસૂતાઓને સુવડાવવાની મજબૂરી અથવા તો એમ્બ્યુલન્સ ન પહોંચવાને કારણે રસ્તા પર જ ડિલિવરી થઈ જવાની વરવી વાસ્તવિકતા હોય છે.

### શિક્ષણનું વ્યાપારીકરણ: સરકારી શાળાઓમાં તાળાં અને પ્રાઈવેટમાં લાખોની લૂંટ

વિકાસના આ ટાવરો વચ્ચે સૌથી મોટો ફટકો શિક્ષણ ક્ષેત્રને પડ્યો છે. પ્રાથમિક શિક્ષણ એ કોઈપણ બાળકના ભવિષ્યનો પાયો છે. પરંતુ આજે ગુજરાતમાં શિક્ષણ એક મોટો બિઝનેસ બની ચૂક્યું છે. હજારો સરકારી શાળાઓ કાં તો મર્જ થઈ રહી છે અથવા અપૂરતા શિક્ષકોના કારણે બંધ થવાના આરે છે. પરિણામે, ગરીબ અને મધ્યમ વર્ગના વાલીઓએ મજબૂર થઈને પોતાના બાળકોને ખાનગી શાળાઓમાં મોકલવા પડે છે. આ પ્રાઈવેટ શાળાઓની ફી અને ડોનેશનના આંકડા સામાન્ય માણસની આખી જિંદગીની કમાણી નીચોવી લે છે. એક જ શહેરમાં, એક બાળક હાઈ-ટેક એસી ક્લાસરૂમમાં આઈપેડ સાથે ભણે છે, જ્યારે બીજું બાળક સરકારી શાળામાં ચોમાસામાં ટપકતી છત નીચે બેસીને ભણવા મજબૂર બને છે. જ્યારે શિક્ષણમાં જ આટલો મોટો ભેદભાવ હોય, ત્યારે આ બંને બાળકો ભવિષ્યની રેસમાં સમાન તક કેવી રીતે મેળવી શકશે? આ અસમાનતા બાળકની પ્રતિભાને જન્મતાની સાથે જ કચડી નાખે છે.

### હેલ્થ સેક્ટરનું દર્દ: બીમારી અમીર માટે લાઈફસ્ટાઈલ, ગરીબ માટે મોતનું કારણ

મોટા મોટા ઉદ્યોગોને કરોડો રૂપિયાની સબસિડી આપતી સરકારો સામાન્ય જનતા માટે આરોગ્યની પૂરતી સુવિધા ઊભી કરી શકી નથી. મધ્યમ વર્ગનો પરિવાર જો કોઈ ગંભીર બીમારીનો ભોગ બને, તો માત્ર એક જ વાર હોસ્પિટલમાં દાખલ થવાથી તેની આખી જિંદગીની બચત સાફ થઈ જાય છે અને તે દેવાના ડુંગર નીચે દબાઈ જાય છે. સિવિલ હોસ્પિટલોમાં લાંબી લાઈનો, ડોક્ટરોની અછત અને વેન્ટિલેટર કે દવાઓ માટેની ખેંચતાણ એ રોજની કહાની છે. લાખો કરોડના પ્રોજેક્ટ્સ લાવનારી સરકારો સરકારી હોસ્પિટલોનું સ્તર પ્રાઈવેટ જેવું કેમ નથી બનાવી શકતી? શું ગરીબના જીવની કોઈ કિંમત નથી?

### ટેક્સનો બોજ મધ્યમ વર્ગ પર, રાહતો ઉદ્યોગપતિઓને?

આજે ગુજરાતનો મધ્યમ વર્ગ અને નોકરિયાત વર્ગ પ્રમાણિકતાથી ટેક્સ ભરે છે. સવારના દૂધના પાઉચથી લઈને બાઈકના પેટ્રોલ સુધી દરેક વસ્તુ પર તે આકરો ટેક્સ ચૂકવે છે. પરંતુ બદલામાં તેને શું મળે છે? તૂટેલા રસ્તા, ઉભરાતી ગટરો, ટ્રાફિકની સમસ્યા, પ્રદૂષિત પાણી અને મોંઘું શિક્ષણ-આરોગ્ય. બીજી તરફ, મોટા ઉદ્યોગપતિઓને જમીનોથી લઈને ટેક્સ સુધીની અઢળક સબસિડીઓ આપવામાં આવે છે. અમીર વધુ અમીર થઈ રહ્યો છે, અબજોપતિઓની સંખ્યા વધી રહી છે, જે સારી બાબત છે, પણ તેની સામે ગરીબ અને મધ્યમ વર્ગ વધુ લાચાર બની રહ્યો છે તે કડવું સત્ય છે.

### 'પાક્કો ગુજરાત' નો સીધો સવાલ: આખરે સાચો વિકાસ કોને કહેવાય?

જીડીપી (GDP) ના આંકડા ઊંચા બતાવીને કે ગગનચુંબી ઈમારતો ચણીને વાસ્તવિકતા છુપાવી શકાતી નથી. સાચો વિકાસ એ નથી કે જે માત્ર ઉદ્યોગપતિઓની સંપત્તિ વધારે. સાચો વિકાસ એ છે જેમાં: સમાજના છેવાડાના માણસને સન્માનપૂર્વક જીવવાનો, ખાવાનો અને કમાવવાનો મોકો મળે. દરેક બાળકને મફત અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે, પછી ભલે તેના પિતા મજૂર હોય કે મિલમાલિક. બીમારીના સમયે કોઈ ગરીબ બાપને પૈસાના અભાવે પોતાના સંતાનને દમ તોડતો જોવો ના પડે. જો વિકાસ આ પાયાની જરૂરિયાતો પૂરી ન કરી શકતો હોય, તો એ વિકાસ માત્ર એક ભ્રમ છે, મુઠ્ઠીભર લોકો માટેનો 'ઉત્સવ' છે. શાસકો અને તંત્રએ હવે આ બે ગુજરાત વચ્ચેની ખાઈને પૂરવી જ પડશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ચમક-દમક પાછળ આંધળી દોટ મૂકવાની સાથે-સાથે માનવ વિકાસ (Human Development) પર ધ્યાન કેન્દ્રિત કરવું જ પડશે. નહીં તો, 'વિકસિત ગુજરાત' ના બોર્ડ નીચે અસમાનતાનો આ સળગતો જ્વાળામુખી ગમે ત્યારે સામાન્ય જનતાના આક્રોશ તરીકે બહાર આવશે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# સંબંધ ઈલેક્ટ્રિકના કરંટ જેવો છે: ખોટું કનેક્શન આંચકો આપશે, પણ સાચું કનેક્શન આખી જિંદગી પ્રકાશ ફેલાવશે!

## આજના મતલબી અને સોશિયલ મીડિયાના 'ફેક' જમાનામાં સંબંધોની ગંભીર વાસ્તવિકતા પર ધારદાર કટાક્ષ: હૃદય સોંસરવી ઉતરી જાય તેવી સચ્ચાઈ દર્શાવતો વિશેષ લેખ

આજની દુનિયા અજીબ દોડમાં દોડી રહી છે. માણસ પાસે ફેસબુક પર પાંચ હજાર ફ્રેન્ડ્સ છે, ઈન્સ્ટાગ્રામ પર હજારો ફોલોઅર્સ છે અને વોટ્સએપ પર સેંકડો ગ્રૂપ છે, પણ જ્યારે મનની પીડા કે સુખ વહેંચવાની વાત આવે ત્યારે માણસ સાવ એકલો અટૂલો ઊભો હોય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં જો સંબંધોની વ્યાખ્યા કરવી હોય તો એક બહુ સચોટ અને ધારદાર વાત સામે આવે છે: 'સંબંધ ઈલેક્ટ્રિકના કરંટ જેવો છે, ખોટું કનેક્શન ભયંકર આંચકો (શૉક) આપે છે, પણ જો કનેક્શન સાચું મળી જાય તો એ આખા જીવનમાં અજવાળું પાથરી દે છે.'

### 'ખોટા કનેક્શન' નો કરંટ જીવલેણ સાબિત થાય છે

આપણે એવા સમાજમાં જીવી રહ્યા છીએ જ્યાં લોકો મોં પર મીઠાશ અને દિલમાં મતલબ લઈને ફરે છે. આજના જમાનામાં શોર્ટ સર્કિટ વાળા સંબંધોની ભરમાર છે. જ્યારે તમે કોઈ ખોટી વ્યક્તિ સાથે લાગણીથી, અપેક્ષાથી કે વિશ્વાસથી જોડાઓ છો ત્યારે એ કનેક્શન ગમે ત્યારે બ્લાસ્ટ થઈ શકે છે. એ નકારાત્મક (Negative) વાયર જેવા લોકો તમારી સકારાત્મક ઉર્જાને ચૂસી લે છે.

ખોટા સંબંધોનો આંચકો એટલો ઘાતક હોય છે કે માણસ અંદરથી ભાંગી પડે છે, તેનો સંબંધો પરથી વિશ્વાસ ઉઠી જાય છે અને ક્યારેક તો માણસ માનસિક ડિપ્રેશનમાં ધકેલાઈ જાય છે. લોભ, લાલચ, દેખાદેખી અને સ્વાર્થના આધારે જોડાયેલા આવા વાયરો માત્ર ને માત્ર આંચકા આપવા માટે જ બનેલા હોય છે. માટે, આવા હાઈ-વોલ્ટેજ અને ફેક કનેક્શનોથી જેટલા દૂર રહો એટલા જ સુરક્ષિત રહેશો.

### 'સાચું કનેક્શન' અંધકારમય જિંદગીને પણ રોશન કરી દે છે

બીજી તરફ, આ જ દુનિયામાં કેટલાક સંબંધો પ્યોર અર્થિંગ (Earthings) જેવા અને પ્રોટેક્ટિવ હોય છે. જિંદગીમાં એકાદ-બે સંબંધો પણ જો સાચા મળી જાય- પછી એ ભલે મિત્ર હોય, જીવનસાથી હોય, ભાઈ-બહેન હોય કે માતા-પિતા હોય- જે તમારી ક્ષમતાને ઓળખે અને તમારી પડખે ઊભા રહે, તો આખી જિંદગી બદલાઈ જાય છે.

સાચું કનેક્શન એ નથી જે તમને સતત વચનો આપે, પણ એ છે જે મુશ્કેલીના કાળઝાળ અંધકારમાં તમારા હાથમાં હિંમતની નાની અમથી દીવાસળી સળગાવી આપે. જ્યારે આખી દુનિયા તમારી વિરુદ્ધ હોય, ત્યારે એ 'સાચું કનેક્શન' પાવર હાઉસ બનીને તમારી અંદર નવી ઉર્જા ભરી દે છે અને જિંદગી જીવવાનો સાચો માર્ગ એટલે કે પ્રકાશ બતાવે છે.

### વાયરિંગ બદલવાનો સમય આવી ગયો છે!

'પાક્કો ગુજરાત' આજના યુવા વર્ગ અને સમાજને ખુલ્લી ચેતવણી સાથે અપીલ કરે છે કે, તમારા જીવનના બોર્ડમાં કયા વાયરો જોડાયેલા છે તેનું એકવાર ઈન્સ્પેક્શન કરી લો. જે કનેક્શન તમને સતત માનસિક તણાવ, દુઃખ, અપમાન કે આંચકા આપતું હોય, તેને પ્લગમાંથી ખેંચીને કચરાપેટીમાં ફેંકી દેવામાં જ શાણપણ છે. સંબંધોની માત્રા (Quantity) નહિ, પણ તેની ગુણવત્તા (Quality) મહત્વની છે. ૫૦૦૦ ખોટા કનેક્શન રાખીને આખી જિંદગી અંધારામાં અને ડરમાં જીવવા કરતાં, એક જ એવું કનેક્શન રાખો જે ભલે ઓછો વોલ્ટેજ આપે, પણ તમારા જીવનના ઘરને હંમેશા ખુશીઓના અજવાળાથી ઝગમગતું રાખે. જિંદગી ટૂંકી છે, માટે કરંટ ખાવાનું બંધ કરો અને સાચા સંબંધોનો પ્રકાશ ફેલાવવાનું શરૂ કરો!



# સબ સલામતની આલબેલ વચ્ચે ખોખલી થતી સિસ્ટમ: ભ્રષ્ટાચાર અને ભેળસેળના બેવડા મોરચે ઘેરાયેલું ભારત...

જેલના સળિયા ઓગળતો ભ્રષ્ટાચાર અને થાળી સુધી પહોંચેલું સ્લો-પોઈઝન: 'વાયબ્રન્ટ' દાવાઓ વચ્ચે પીસાતા સામાન્ય માણસની આંખ ઉઘાડતો સ્પેશિયલ ગ્રાઉન્ડ રિપોર્ટ

આજે ભારત જ્યારે વૈશ્વિક મંચ પર મહાસત્તા બનવા તરફ ડગ માંડી રહ્યું છે, ત્યારે આંતરિક રીતે દેશ બે એવા અદ્રશ્ય પણ અત્યંત ઘાતક શત્રુઓ સામે લડી રહ્યો છે જે સમાજને અંદરથી ઉધઈની જેમ કોરી રહ્યા છે. આ બે શત્રુઓ એટલે- ભ્રષ્ટાચાર અને ભેળસેળ...

કાયદો-વ્યવસ્થાની આંખમાં ધૂળ નાખીને જેલના સળિયા પાછળથી ચાલતા આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ નેટવર્ક્સ અને કરોડો નાગરિકોની થાળી સુધી પહોંચી ગયેલું સ્લો-પોઈઝન (ભેળસેળ), એ સાબિત કરે છે કે આપણી આખી સિસ્ટમ અત્યારે લકવાગ્રસ્ત સ્થિતિમાં છે. 'સબ સલામત' ના સરકારી દાવાઓ વચ્ચે સામાન્ય માણસ આજે કાં તો વહીવટી તંત્રના ભ્રષ્ટાચારનો ભોગ બની રહ્યો છે, કાં તો ખાવાના નામે ઝેર ગટગટાવી રહ્યો છે.

### 1. જેલના પોલાદી સળિયા પણ ઓગળતો ભયાનક ભ્રષ્ટાચાર: વજીર સુરક્ષિત, પ્યાદાઓનો ભોગ

આપણા દેશમાં ભ્રષ્ટાચાર એક એવો રોગ બની ચૂક્યો છે જે તમામ સરકારી વિભાગોમાં ઊંડે સુધી જડ જમાવીને બેઠો છે. વહીવટી તંત્રની ઉદાસીનતાનો આનાથી મોટો પુરાવો શું હોઈ શકે કે પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાના ખર્ચે અધિકારીઓ અને કોર્પોરેટરો માટે લેપટોપ અને મોબાઈલ જેવા ગેજેટ્સ ખરીદાય છે, પણ મોટા ભાગના લોકોને કાં ગેજેટ વાપરતા પણ આવડે છે? આવડે છે તો સામાન્ય જનતાના એક પણ ઈ-મેઈલનો રિપ્લાય આપવાની તૈયારી છે ખરી? કર્મચારીઓની બદલી કે નિવૃત્તિ પછી તે ગેજેટ્સ પરત મેળવવાની કોઈ તસ્દી સુદ્ધાં લેવાતી નથી. નિયમો માત્ર કાગળ પર રહી જાય છે અને પરંપરાના નામે સરકારી નાણાંનો વેડફાટ થતો રહે છે.

જ્યારે ભ્રષ્ટાચાર વિરોધી પ્રવૃત્તિની વાત આવે, ત્યારે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) ની નાની-મોટી રેડ જોઈને જનતા ખુશ થઈ જાય છે કે ચલો, લાંચિયાઓ પકડાયા! પરંતુ વાસ્તવિકતા એ છે કે આ રેડમાં પકડાતા લોકો માત્ર નાના પ્યાદા જ હોય છે. ભ્રષ્ટાચારના અસલી 'સેનાપતિ' કે 'વજીર' સુધી તો ક્યારેય કાયદાના હાથ પહોંચતા જ નથી, તો પછી 'રાજા'ની તો વાત જ ક્યાં કરવી?

સૌથી ચોંકાવનારો અને કાયદો-વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતો કિસ્સો ગુજરાતની કહેવાતી અભેદ સુરક્ષા ધરાવતી સાબરમતી સેન્ટ્રલ જેલનો છે. જે જેલની બેરેકમાં હવાને પણ પોતાની મરજીથી જવાની છૂટ ન હોય, જ્યાં સૂર્યપ્રકાશ પણ સુરક્ષાકર્મીઓને પૂછીને પ્રવેશતો હોય અને ઠેર-ઠેર હાઈ-ટેક ઝામર લગાવેલા હોય, તે જેલની અંદર બેસીને લોરેન્સ બિશ્નોઈ જેવો ગેંગસ્ટર ૪ દેશોમાં આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ સિન્ડિકેટ ઓપરેટ કરે છે! અમેરિકાની એજન્સીઓ (FBI, DoJ) અને કેનેડાની RCMP ના અહેવાલો મુજબ, જેલની અંદર સ્માર્ટફોન, અતિ-આધુનિક VoIP ઈન્ટરનેટ કોલિંગ, ડાર્ક વેબ અને સિગ્નલ જેવી હાઈલી એન્ક્રિપ્ટેડ એપ્સનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે. વકીલો કે મુલાકાતીઓ દ્વારા કોડવર્ડ્સમાં ખાનગી સૂચનાઓ મોકલવામાં આવે છે. શું કોઈ મોટા તોતિંગ સેનાપતિ અથવા રાજકીય આકાઓના આશીર્વાદ વગર આ સ્તરનું આંતરરાષ્ટ્રીય રેકેટ જેલની અંદરથી ચલાવવું શક્ય છે ખરું? આ નેટવર્કના કારણે કેનેડા-અમેરિકા સાથેના ભારતના રાજદ્વારી સંબંધો ખરડાયા છે અને નિર્દોષ ગુજરાતી વિદ્યાર્થીઓના વિઝા અટકી પડ્યા છે. દેશના ડૉક્ટર્સ અને એન્જિનિયર્સ એક્સપોર્ટ થતા હતા, તેને બદલે હવે હાર્ડકોર ક્રિમિનલ્સ એક્સપોર્ટ થઈ રહ્યા છે, જે રાષ્ટ્રીય સુરક્ષા માટે લાલબત્તી સમાન છે.

### 2. ભેળસેળિયા રાજાઓનો આતંક: હેલ્ધી નાસ્તાના નામે ઘર-ઘરમાં કેન્સર

બીજી તરફ, દેશનો સામાન્ય નાગરિક શુદ્ધ ચીજવસ્તુઓ મેળવવા માટે પૂરેપૂરી કિંમત ચૂકવે છે, છતાં શુદ્ધતાની અપેક્ષા રાખવી એ આજે મોટી મૂર્ખામી સાબિત થઈ રહી છે. સરકાર જ્યારે ટૂ-વ્હીલર ચાલકોની ચિંતા કરીને હેલ્મેટ ડ્રાઈવ ચલાવે છે, ત્યારે તે પ્રશંસનીય છે; પરંતુ તેના કરતાં સો ગણી વધુ ખતરનાક અને કડક ડ્રાઈવ આ ભેળસેળ માફિયાઓ સામે ચલાવવાની જરૂર છે. ટૂ-વ્હીલર અકસ્માતમાં જેટલા લોકો નથી મરતા, તેના કરતાં અનેક ગણી ગંભીર પરિસ્થિતિ આ ભેળસેળિયા રાજાઓ ઊભી કરી રહ્યા છે. લોકો પોતાના જ પૈસે સ્લો-પોઈઝન ખરીદીને કેન્સર, કિડની ફેલ્યોર અને લિવર સિરોસિસ જેવી જીવલેણ બીમારીઓ ઘરે લાવી રહ્યા છે.

તાજેતરમાં સામે આવેલા અહેવાલો ધ્રૂજાવી દે તેવા છે. ઊંઝા જેવા એશિયાના સૌથી મોટા ગણાતા માર્કેટ યાર્ડની આસપાસથી હજારો ટન નકલી જીરું અને વરિયાળીનો જથ્થો પકડાયો છે, જેમાં કેમિકલયુક્ત કલર્સ, પથ્થરનો પાવડર, એસિડિક ઝેરી ક્રોમિયમ સલ્ફેટ અને લાકડાના વહેરનો ઉપયોગ થતો હતો.

દૂધ, માખણ, ઘી, પનીર અને મરી-મસાલા તો ઠીક, રોજ સવારે ડાઈનિંગ ટેબલ પર પીરસાતી નામાંકિત બ્રાન્ડ્સની બ્રેકફાસ્ટ સિરિયલ્સ અને મ્યુસલી પણ નકલી અને ભ્રામક સાબિત થઈ છે. કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર (CERC) ના રિસર્ચ મુજબ, 'હાર્ટ હેલ્ધી' અને 'ઝીરો શુગર' ના મોટા-મોટા દાવા કરતી જાણીતી બ્રાન્ડ્સની પ્રોડક્ટ્સમાં પ્રતિ ૧૦૦ ગ્રામે ૧૯ ગ્રામ સુધી છુપાયેલી ખાંડ મળી આવી છે. બાળકોના ખોરાકમાં પણ બેધડક કેમિકલ્સ અને ગ્લુકોઝ ભેળવવામાં આવી રહ્યા છે.

### સમય પાકી ગયો: હવે જનતાએ જ જાગવું જ પડશે

આજે સ્થિતિ એ છે કે ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ અને સ્થાનિક પોલીસ માત્ર તહેવારોના સમયે થોડાક સેમ્પલ લઈને સંતોષ માની લે છે. વર્તમાન કાયદાઓમાં જામીનપાત્ર કલમો હોવાથી આ માફિયાઓ જેલમાંથી છૂટીને ફરી નવા નામે ફેક્ટરીઓ શરૂ કરી દે છે. જો સરકાર સાચે જ દેશના નાગરિકોના ભવિષ્યને સુરક્ષિત કરવા માંગતી હોય, તો આ બંને મોરચે 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અપનાવવી પડશે.

જેલની અંદર સુરક્ષા વ્યવસ્થા ભેદનારા ભ્રષ્ટ અધિકારીઓ અને દેશની જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા આ નરાધમો સામે કડક બિનજામીનપાત્ર કાયદાઓ ઘડવા પડશે. જ્યાં સુધી ભ્રષ્ટાચારના 'સેનાપતિઓ' અને ભેળસેળના 'કિંગપિન' ને ફાંસીના માચડે નહીં લટકાવવામાં આવે, ત્યાં સુધી આ દેશ સાચા અર્થમાં ક્યારેય સુરક્ષિત કે સમૃદ્ધ બની શકશે નહીં. હવે માત્ર વાતો નહીં, પણ કડક સૈન્ય જેવી કાર્યવાહીનો સમય પાકી ગયો છે.

# ગુજરાત સરકારનો મોટો નિર્ણય, પણ જનતાના મનમાં સળગતો સવાલ! અદાણીના વીજ થાંભલાના વળતર પર નવો વિવાદ: રૂપિયા કોણ ચૂકવશે, સરકાર કે કંપની?

ગુજરાત સરકારે તાજેતરમાં ખેડૂતો અને જમીન માલિકોના હિતમાં એક મોટો નિર્ણય લઈને અદાણી પાવરના વીજ થાંભલા (ટ્રાન્સમિશન ટાવર્સ) અને લાઈનો પસાર થવા બદલ વળતરની જાહેરાત તો કરી દીધી છે, પરંતુ આ જાહેરાત થતાંની સાથે જ સમગ્ર રાજ્યમાં એક નવો જ જબરો વિવાદ અને કાનૂની ચર્ચાનો મધપૂડો ઊભો થઈ ગયો છે. સરકારના આ મસમોટા નિર્ણય બાદ હવે ગુજરાતની જાગૃત જનતા અને ટેક્સપેયર્સના મનમાં એક સણસણતો સવાલ ઊભો થઈ રહ્યો છે કે, અદાણીના પ્રોજેક્ટ માટે અપાનારી આ વળતરની અબજો રૂપિયાની રકમ આખરે કોના ખિસ્સામાંથી જશે?

હાઈકોર્ટ અને કલેક્ટર કચેરીઓ સુધી પહોંચેલા અગાઉના જમીની વિવાદોની જેમ જ આ મુદ્દો પણ હવે સોશિયલ મીડિયા પર રોકેટ ગતિએ વાયરલ થઈ રહ્યો છે. જનતા પૂછી રહી છે કે આ વળતર સરકારી ખજાનામાંથી (એટલે કે પ્રજાની લોહી-પરસેવાની કમાણીના ટેક્સના પૈસામાંથી) ચૂકવાશે કે પછી અદાણી કંપની પોતે આ વળતરનો આર્થિક બોજ ઉપાડશે? મસમોટી રકમનો ખેલ: જનતા કેમ ચિંતામાં છે? નિયમ અનુસાર જ્યારે કોઈ ખાનગી કોર્પોરેટ કંપની પોતાના વ્યાપારી લાભ માટે ખેડૂતોની કિંમતી જમીનમાંથી હાઈવોલ્ટેજ વીજ લાઈનો કે તોતિંગ થાંભલા ઊભા કરે છે, ત્યારે તેની સીધી નુકસાની અને વળતર ચૂકવવાની સંપૂર્ણ જવાબદારી જે-તે કંપનીની બનતી હોય છે. પરંતુ ગુજરાત સરકારના આ લેટેસ્ટ નિર્ણયમાં વળતરની નીતિ તો જાહેર કરાઈ છે, પણ તેની ચુકવણાની ચોક્કસ પ્રક્રિયા અંગે સત્તાવાર રીતે ચિત્ર સ્પષ્ટ ન થતાં વિવાદ ભભૂક્યો છે. જો આ રકમનો બોજ સરકારી તિજોરી પર નાખવામાં આવશે, તો તેનો સીધો મતલબ એ થશે કે એક ખાનગી ઉદ્યોગપતિના બિઝનેસ મોડલને સફળ બનાવવા માટે પ્રજાના નાણાંનો દુરુપયોગ થઈ રહ્યો છે, જે લોકશાહીના નામે મોટો કલંક સાબિત થઈ શકે. ગુજરાતના રાજકારણમાં ગરમાવો: વિપક્ષ આક્રમક મૂડમાં ગાંધીનગરના સત્તાના ગલિયારાઓમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, વિપક્ષી નેતાઓ અને આદિવાસી તેમજ ખેડૂત સંગઠનોએ આ મુદ્દે અત્યારથી જ સરકારને ઘેરવાની પટકથા તૈયાર કરી લીધી છે. કપડવંજ અને બાલાસિનોર જેવા વિસ્તારોમાં અગાઉ પ્રદૂષણ અને લુખ્ખા તત્વોના આતંક સામે જેમ જનતા રોડ પર ઉતરી હતી, તેવી જ રીતે જો આ વળતરમાં સરકારી નાણાંની સહેજ પણ ગેરરીતિ જણાશે તો કલેક્ટર કચેરીઓના પ્રચંડ ઘેરાવની ચીમકીઓ ઉચ્ચારવામાં આવી રહી છે.

પાક્કો ગુજરાતનો સીધો અને ઘાતક સવાલ: કેમ સત્તાધીશો મૌન છે? જ્યારે દેશ ડિજિટલ સિક્યોરિટી અને પારદર્શિતાની મોટી-મોટી વાતો કરી રહ્યો છે, ત્યારે ઉદ્યોગપતિઓના ફાયદા માટે લેવાતા નિર્ણયોની સંપૂર્ણ વિગતો જનતા સામે કેમ છુપાવવામાં આવે છે? 'પાક્કો ગુજરાત' ઊર્જા વિભાગ અને સરકારના ઉચ્ચ સત્તાધીશોને સણસણતો સવાલ પૂછે છે કે- આ વળતરની નીતિ અંગે સરકાર શ્વેતપત્ર (White Paper) જાહેર કરીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કેમ નથી કરતી? શું કોઈ મોટી ગેમ રમાઈ રહી છે જેનાથી ગુજરાતની જનતા સાવ અજાણ છે? સામાન્ય જનતા પાસેથી જીએસટી (GST) અને ટેક્સના નામે એક-એક રૂપિયો વસૂલતું તંત્ર, કોર્પોરેટ કંપનીઓના વળતર વખતે ઉદાર કેમ બની જાય છે?

# માત્ર ધાર્મિક પરંપરા નહીં પણ સુખ-સમૃદ્ધિની ચાવી: જાણો દરરોજ કપાળમાં તિલક કરવા પાછળના અદભુત ફાયદા!

ભારતીય સંસ્કૃતિમાં કપાળ પર તિલક કરવાની પરંપરા સદીઓ જૂની છે. પૂજા-પાઠ, શુભ પ્રસંગ કે તહેવાર દરમિયાન આપણે કપાળ પર કુમકુમ, ચંદન કે ભસ્મનું તિલક અવશ્ય કરીએ છીએ. પરંતુ શું તમે જાણો છો કે દરરોજ તિલક કરવું એ માત્ર એક ધાર્મિક વિધિ નથી, પરંતુ તેની પાછળ ઊંડું આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક રહસ્ય છુપાયેલું છે? શાસ્ત્રો અને પુરાણો અનુસાર, રોજ કપાળ પર તિલક ધારણ કરવાથી માનવ શરીર અને મન પર અદભુત સકારાત્મક અસરો થાય છે. 1. આજ્ઞા ચક્ર જાગૃત થાય છે: આધ્યાત્મિક જ્ઞાનમાં વધારો, આપણા ઋષિ-મુનિઓએ શરીરની સંરચનાનો ખૂબ ઊંડો અભ્યાસ કર્યો હતો. બંને ભ્રમરો (આંખોની ભ્રમર) ની બિલકુલ વચ્ચે જ્યાં તિલક લગાવવામાં આવે છે, ત્યાં માનવ શરીરનું છઠ્ઠું ચક્ર એટલે કે 'આજ્ઞા ચક્ર' આવેલું હોય છે. તિલક લગાવવાથી અને તે સ્થાન પર હળવું દબાણ આવવાથી આ ચક્ર ઉત્તેજિત થાય છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ આ સ્થાન પર તિલક કરવાથી એકાગ્રતા વધે છે, માનસિક શાંતિ મળે છે અને વ્યક્તિનું આધ્યાત્મિક જ્ઞાન તેમજ અંતર્ધ્યાન (ઈન્ટ્યુશન પાવર) મજબૂત બને છે.

2. સકારાત્મક ઉર્જાનું કવચ: ખરાબ નજરથી રક્ષણ આજની વ્યસ્ત અને તણાવપૂર્ણ જિંદગીમાં આપણી આસપાસ નકારાત્મક તત્વો ખૂબ વધી ગયા છે. શાસ્ત્રો મુજબ, જે વ્યક્તિ રોજ પોતાના કપાળ પર પવિત્ર તિલક ધારણ કરે છે, તેની આસપાસ એક મજબૂત સકારાત્મક ઉર્જાનું કવચ (પોઝિટિવ એનર્જી ઓરા) તૈયાર થાય છે. આ અદ્રશ્ય કવચ વ્યક્તિને સમાજની ખરાબ નજર, ઈર્ષ્યા અને નકારાત્મક વિચારોની અસરોથી સુરક્ષિત રાખે છે. ચંદનનું તિલક મગજને ઠંડક આપે છે, જેનાથી ક્રોધ પર નિયંત્રણ આવે છે. 3. મનની પવિત્રતા: પાપ અને ખરાબ કામોથી અંતરપુરાણો અનુસાર, કપાળ પર તિલક લગાવેલું હોય ત્યારે વ્યક્તિ સાત્વિકતાનો અનુભવ કરે છે. તિલક એક પ્રતીક છે જે માણસને સતત યાદ અપાવે છે કે તે ઈશ્વર સાથે જોડાયેલો છે. આ મનોવૈજ્ઞાનિક અસરના કારણે વ્યક્તિનું મન અધર્મ, જૂઠ અને ખરાબ કામો તરફ વળતું અટકે છે. તિલક કરવાથી ચહેરા પર એક અનોખું તેજ અને આત્મવિશ્વાસ છલકાય છે, જેનાથી સામેની વ્યક્તિ પર પણ તમારી પ્રભાવશાળી છાપ પડે છે.



પાક્કો ગુજરાત

સોમવાર | 13 જુલાઈ 2026 | અમદાવાદ

### બાલાસિનોરની TSDF ડમ્પિંગ સાઈટ પર હાઈકોર્ટના સોગંદનામાની ખુલ્લી મજાક

# ઓફિસોમાં વહીવટ શુદ્ધ, પણ પ્રજાના કૂવામાંથી નીકળે છે 'ગાઢ લાલ ઝેર'!

- GPCB ના ભ્રષ્ટ બાબુઓને જનતાએ ગ્રાઉન્ડ પર લાવી બોટલો ભરીને બતાવ્યું કેમિકલયુક્ત પાણી, કેમેરા સામે અધિકારીઓની બોલતી બંધ
- 29 ગામોની જિંદગી રોળતી મૌર્ય કંપની સામે અત્યાર સુધી કાયમી સીલ કેમ નહીં? મૂંગા પશુઓના શરીરે ગૂમડા અને માનવતાના લીરેલીરા ઉડાવતો રિપોર્ટ

બાલાસિનોર

શું તમે આ પાણી પી શકો ખરી? આ એવો સણસણતો સવાલ છે જે આજે બાલાસિનોરના ૨૯ ગામોની જનતા ગુજરાતના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) અને ભ્રષ્ટ વહીવટી તંત્રના મોં પર ફેંકી રહી છે. ગઈકાલે સમસ્ત ગ્રામજનો અને પશુપાલકો સાથે 'પાક્કો ગુજરાત' ની ટીમે બાલાસિનોરની TSDF (ડમ્પિંગ) સાઈટની ગ્રાઉન્ડ વિઝીટ કરી ત્યારે જે ભયાનક ચિત્ર સામે આવ્યું, તે આપણી લોકશાહી અને સંવેદનશીલ સરકારના દાવાઓ પર કાયમી કલંક સમાન છે. એક બાજુ ગુજરાત હાઈકોર્ટમાં સામાવાળા નંબર ૩ બનેલા GPCB ના અધિકારીઓ લેખિતમાં 'સોગંદનામું' ઠોકીને કહે છે કે કંપની તમામ ગાઈડલાઈન્સનું પાલન કરે છે, પણ ગઈકાલે જ્યારે જનતાએ આ જ બાબુઓને ગ્રાઉન્ડ પર લાવીને ઊભા રાખ્યા, ત્યારે લબાડ તંત્રની બોલતી સદંતર બંધ થઈ ગઈ હતી. છેલ્લા ૩ વર્ષથી બોડોલી અને જમીયતપુરા ગામના રહીશો પોતાના હક માટે કલેક્ટર અને GPCB ની ઓફિસોના ધક્કા ખાઈ રહ્યા છે. અસંખ્ય રજૂઆતો કરવા છતાં આ ઊંઘતા તંત્રના પેટનું પાણી હલ્યું નથી. આજે સ્થિતિ એ છે કે સ્થાનિકોના કૂવા અને બોરમાંથી પીવાના પાણીને બદલે અસહ્ય દુર્ગંધ મારતું 'ગાઢ લાલ કેમિકલયુક્ત ઝેર' નીકળી રહ્યું છે. ગઈકાલે જ્યારે GPCB ના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં કૂવાનું લાલ પાણી પંપ દ્વારા બહાર કાઢવામાં આવ્યું અને બોટલોમાં ભરીને અધિકારીઓના હાથમાં સોંપાયું, ત્યારે તેમણે લાઈવ કેમેરા સામે સ્વીકારવું પડ્યું કે આ કન્ટામિનેટેડ (દૂષિત) વોટર ફેક્ટરીની બહાર જઈને કુદરતી સ્ત્રોતોને બરબાદ કરી રહ્યું છે. અહીં મોટો સવાલ એ છે કે, જો કોઈ નાની કંપનીના હાઉસ-કીપિંગમાં સામાન્ય કચરો કે કંકુનો કલર દેખાય, તો આ જ GPCB ના સાહેબો ફટ દઈને 'ક્લોઝર ઓર્ડર' (તાળાબંધી) આપી દે છે. તો પછી ૨૯ ગામોની આખી જિંદગી રોળતી અને લાખો લીટર કેમિકલ જમીનમાં ઉતારતી આ મૌર્ય કંપની સામે અત્યાર સુધી કાયમી સીલ કેમ નથી મરાયું? કયા મોટા માથાના આશીર્વાદથી આ કંપની આટલી બેખોફ બની છે? આ માત્ર પર્યાવરણ બગાડવાનો વિષય નથી, આ માનવતાની ઘોર કટોકટી છે. ગ્રાઉન્ડ વિઝીટ દરમિયાન અમે જોયું કે સ્થાનિક માતાઓ, બહેનો અને વડીલોના હાથ-પગ આ કેમિકલયુક્ત પાણીના વપરાશથી સંપૂર્ણ દૂષિત થઈ ચૂક્યા છે અને તેમના શરીર પર ચામડીના ભયાનક રોગો (Severe Skin Diseases) ફેલાયા છે. આનાથી પણ વધુ કાળજું કંપાવી દે તેવી સ્થિતિ મૂંગા પશુઓની છે. આ ઝેરી પાણી પીવાને કારણે ગાય અને ભેંસોના શરીર પર મોટા-મોટા ગૂમડા અને જીવલેણ ઈન્ફેક્શન થઈ રહ્યા છે. પશુપાલકો રડીને પૂછી રહ્યા છે કે આ અબોલ જીવોને હવે કયું પાણી પીવડાવવું? આ ઝેરી પાણી પીધેલા પશુઓનું દૂધ જ્યારે બજારમાં જઈને માસૂમ બાળકોના પેટમાં જાય છે, ત્યારે આખા ગુજરાતને કેન્સર, કિડની અને લીવર ફેલ્યોર તરફ ધકેલવાનું આ પાપ કોણ કરી રહ્યું છે? શું સરકાર આ ગંભીર ષડયંત્રથી અજાણ છે?



## જેતપુરમાં ટ્રેક્ટરની ચેસીસના ગુપ્ત ખાનામાંથી 2.65 લાખનો વિદેશી દારૂ ઝડપાયો : રાજકોટ ગ્રામ્ય LCBએ 3 આરોપી દબોચ્યા, 2 વોન્ટેડ

જેતપુર, સુરેશ ભાલીયા

રાજકોટ ગ્રામ્ય જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોમ્બીન નાઈટ રાઉન્ડ દરમિયાન રેડ પાડી 1708 બોટલ વિદેશી દારૂ સાથે 3 આરોપીની ધરપકડ કરી છે. પોલીસે દારૂ, ટ્રેક્ટર-ટ્રોલી અને મોબાઈલ મળી કુલ 8,75,800 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જ્યારે દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર 2 આરોપી હાલ ફરાર છે. આ કામગીરી રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન અને સૂચના મુજબ કરવામાં આવી હતી. પ્રોહી-જુગારની પ્રવૃત્તિ સદંતર નાબૂદ કરવા માટે અસરકારક કાર્યવાહી કરવાની સૂચનાના ભાગરૂપે LCB ની ટીમ પેટ્રોલિંગમાં હતી.



પ્રાપ્ત વિગત મુજબ, એલ.સી.બી. સ્ટાફના હેડ.કોન્સ મનિષભાઈ વરૂ. મનદિપસિંહ જાડેજા, ભરતભાઈ ગમારાને ખાનગી બાતમી મળી હતી કે જેતપુર દાસીજીવણપરા વિસ્તારમાં અમુક ઈસમો અંગ્રેજી દારૂનો જથ્થો એક ટ્રેક્ટરમાંથી ખાલી કરી સંગેવી કરી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર રેડ પાડતા આરોપીઓ પાસેથી એક સ્વરાજ ટ્રેક્ટર અને ટ્રોલી મળી આવી હતી. ટ્રોલીમાં ચેસીસના ભાગે બનાવેલ ચોર ખાનામાંથી ભારતીય બનાવટની જુદી-જુદી બ્રાન્ડની 180 ML ની કંપનીશીલ પેક બોટલો નંગ-1708 મળી આવી હતી. જેની કિંમત 2,65,800 રૂપિયા થાય છે. સ્થળ પર હાજર મળી આવેલ ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

આ કેસમાં પોલીસે બાબુલાલ કેવલારામ સોલંકી, રહે. સરવાના ગામ, તા.સાંચોર, જિ.જાલોર, રાજસ્થાન, રાજુભાઈ કાળુભાઈ ગોહેલ, રહે. નવાગઢ સરદારપુરના દરવાજા પાસે,જેતપુર અને સાગરભાઈ ચનાભાઈ પરમાર, રહે. દાસીજીવણપરા નવાગઢ, જેતપુર નામના ત્રણ આરોપીની અટકાયત કરી છે. જ્યારે દારૂ મોકલનાર પદ્મારામ ઉર્ફે ગોપાલ, રહે. સાંચોર, જિ.જાલોર અને દારૂ મંગાવનાર હરેશ રવજીભાઈ મકવાણા, રહે. નવાગઢ ઈમ્પિરીયલ એપાર્ટમેન્ટ, જેતપુર નામના બે આરોપીને પકડવા માટે કાર્યવાહી ચાલુ છે.

ભારતીય બનાવટની જુદી-જુદી વિદેશી દારૂની 180 ML ની બોટલો નંગ-1108 કિંમત 2,65,800 રૂપિયા, નંબર પ્લેટ વગરનું સ્વરાજ ટ્રેક્ટર અને ટ્રોલી નંગ-01 કિંમત 6,00,000 રૂપિયા અને મોબાઈલ નંગ-01 કિંમત 10,000 રૂપિયા મળી કુલ 8,75,800 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

આ મામલે જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### એક તરફ જનતાનો ભારે આક્રોશ, તો બીજી તરફ કલાકાર જગતે ઊભું કર્યું સમર્થનનું અભેદ કવચ

## લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના નિવેદન પર સો. મીડિયા બે ભાગમાં વહેંચાયું!

અમદાવાદ

ગુજરાતના લોકપ્રિય અને જાણીતા લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના એક વિવાદાસ્પદ નિવેદનને લઈને છેલ્લા ૨૪ કલાકથી સોશિયલ મીડિયા પર મોટો ભડકો થયો છે. એક તરફ જાગૃત નાગરિકો અને નેટીઝન્સ તેમના શબ્દો અને નિવેદનની ભાષા સામે ગંભીર સવાલો ઉઠાવી રહ્યા છે, તો બીજી તરફ આ વિવાદમાં એક નવો જ વળાંક આવ્યો છે. ગુજરાતના અનેક નામી-અનામી કલાકારો, ગાયકો અને સાહિત્યકારો માયાભાઈના સમર્થનમાં એકસાથે મેદાનમાં આવી ગયા છે. પરંતુ કલાકાર જગતની આ રાતોરાત ઊભી થયેલી એકતા વચ્ચે હવે ગુજરાતની જનતાએ એક એવો ઘાતક સવાલ પૂછ્યો છે, જેણે આખી સેલિબ્રિટી બ્રિગેડને કઠેડામાં ઊભી રાખી દીધી છે–'માયાભાઈ માટે આટલી બધી એકતા, પરંતુ પ્રજાના સવાલો માટે શું?' માયાભાઈ આહીરના નિવેદનનો વિરોધ શરૂ થતાં જ ડાયરાના અન્ય કલાકારોએ ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને ટ્વિટર પર એકપછી એક પોસ્ટ અને રીલ્સનો મારો ચલાવીને માયાભાઈની પડખે ઊભા રહેવાની જાહેરાત કરી દીધી છે. કલાકારોનું કહેવું છે કે માયાભાઈએ હંમેશા સંસ્કૃતિની વાત કરી છે અને તેમના નિવેદનને ખોટી રીતે તોડી-મરોડીને રજૂ કરવામાં આવી રહ્યું છે. જો કે, બીજી તરફ સામાન્ય જનતા આ દલીલ સ્વીકારવા તૈયાર નથી. લોકોનો આક્ષેપ છે કે જાહેરમાં આવા નિવેદનો આપનારા કલાકારોએ પોતાની સામાજિક જવાબદારી સમજવી જોઈએ. કલાકારોની આ એકતા જોઈને ગુજરાતના સામાન્ય નાગરિકોનો આક્રોશ સાતમા આસમાને પહોંચ્યો છે. સોશિયલ મીડિયા પર લોકો પૂછી રહ્યા છે કે, જ્યારે ગુજરાતના પાટનગર અને ગામડાંઓમાં અબોલ પશુઓ મરી રહ્યા હોય, બાલાસિનોરમાં કંપનીઓ કૂવામાં ઝેરી લાલ પાણી ઠાલવીને ૨૯ ગામોની જિંદગી કેન્સરની ભટ્ટીમાં હોમી રહી હોય, કે પછી મોરબી અને સુરતમાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા ઉડતા હોય, ત્યારે આમાંથી એક પણ કલાકાર પ્રજાના હક માટે કેમ ક્યારેય અવાજ નથી ઉઠાવતો? શું કલાકારોની એકતા માત્ર પોતાના જ જ્ઞાતિ-બંધુઓ કે સેલિબ્રિટી મિત્રોને બચાવવા માટે જ છે? જ્યારે જનતા મોંઘવારી, પ્રદૂષણ અને ભ્રષ્ટાચારથી ત્રાસીને અરજીઓ કરે છે, ત્યારે આ સંવેદનશીલ કલાકારોના સોશિયલ મીડિયા હેન્ડલ્સ કેમ મૌન ધારણ કરી લે છે?

પાક્કો ગુજરાતનો સીધો અને ઘાતક સવાલ: પ્રજાના ટુકડા પર પળતા કલાકારો જનતા સાથે ક્યારે ઊભા રહેશે?

જે જનતા ટિકિટો ખરીદીને અને રાતોના રાતો જાગીને આ કલાકારોને સ્ટેજ પર બેસાડે છે, લાખો રૂપિયાના અબિલ-ગુલાલ ઉડાડીને તેમને સ્ટાર બનાવે છે, એ જ જનતા જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે આ કલાકારો માત્ર પોતાના અંગત સ્વાર્થ અને બચાવ માટે જ એકતા બતાવે તે કેટલું વ્યાજબી છે?

### આણંદ ટાઉન પોલીસની મોટી સફળતા

## કપાસિયા બજાર પાસે થયેલી ચકચારી હત્યાના ગુનામાં ફરાર આરોપીને ગણતરીના કલાકોમાં દબોચી લેવાયો

આણંદ

આણંદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પડકારતી એક સનસનાટીભર્યા હત્યાની ઘટના સામે આવી હતી. આણંદના ધમધમતા કપાસિયા બજાર પાસે ગત દિવસોમાં એક યુવકની ઘાતકી હત્યા કરવામાં આવી હતી, જેને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે ભયનો માહોલ વ્યાપી ગયો હતો. જોકે, આ ગંભીર ગુનાની ગંભીરતાને સમજીને આણંદ ટાઉન પોલીસની સર્વેલન્સ સ્કોડ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ હતી અને માત્ર ગણતરીના કલાકોમાં જ હત્યાના મુખ્ય આરોપીને દબોચી લેવામાં મોટી સફળતા મેળવી છે. આ ચકચારી મર્ડર કેસનો ભેદ ઉકેલાયા બાદ આણંદના નાયબ પોલીસ અધિક્ષક (DYSP) શ્રી જે. એન. પંચાલે મીડિયા સમક્ષ આવીને આખી ઘટના અને પોલીસ ઓપરેશન અંગે વિગતવાર માહિતી આપી હતી. ડીવાયએસપી પંચાલે જણાવ્યું હતું કે, 'કપાસિયા બજાર પાસે બનેલી હત્યાની ઘટના બાદ પોલીસ અધિક્ષકની સૂચનાથી અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. ટાઉન પોલીસની સર્વેલન્સ સ્કોડે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સ (CCTV ફૂટેજ) ના આધારે ચોક્કસ બાતમી મેળવીને નાસી છૂટેલા આરોપીને કોર્ડન કરીને ઝડપી પાડ્યો છે.' પોલીસની પ્રાથમિક પૂછપરછમાં અગાઉની કોઈ અદાવત અથવા તાત્કાલિક બોલાચાલીના કારણે આ હત્યાને અંજામ આપવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે ગુનામાં વપરાયેલું હથિયાર અને અન્ય પુરાવાઓ એકત્ર કરવાની તજવીજ હાથ ધરી છે. ડીવાયએસપી જે. એન. પંચાલે કડક શબ્દોમાં ઉમેર્યું હતું કે, શહેરમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનારા કે ગુનાહિત પ્રવૃત્તિ આચરનારા કોઈપણ તત્વોને બક્ષવામાં નહીં આવે અને આ કેસમાં આરોપીને કડકમાં કડક સજા થાય તે માટે પોલીસ મજબૂત ચાર્જશીટ તૈયાર કરી રહી છે.

### ગોંડલના ગુંદાળામાં એસ.ઓ.જી.નો પ્રચંડ દરોડો

## બ્રાન્ડેડ મસાલાના નામે જનતાને 'ધીમું ઝેર' પીરસતી નકલી ફેક્ટરીનો પર્દાફાશ!

ગોંડલ

કરોડો ગુજરાતીઓના રસોડા સુધી કેન્સર અને ગંભીર બીમારીઓનું 'ધીમું ઝેર' પહોંચાડતા શરમનાક કૌભાંડ પર રાજકોટ ગ્રામ્ય પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) શાખાએ સર્જીકલ સ્ટ્રાઈક કરી છે. ગોંડલ તાલુકાના ગુંદાળા ગામની સીમમાં આવેલી 'મહાદેવ ઈન્ડસ્ટ્રીઝ'માં ધમધમતા 'જે. પી. મસાલા' નામના કારખાના પર એસ.ઓ.જી. પોલીસે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓને સાથે રાખીને એક મોટો અને ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન ફેક્ટરીની અંદર જે દ્રશ્યો જોવા મળ્યા, તે જોઈને ખુદ પોલીસ અને ફૂડ વિભાગના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. નાગરિકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરી બ્રાન્ડેડના નામે કચરો વેચતી આ ફેક્ટરીમાંથી પોલીસે કુલ રૂપિયા ૪૧.૯૧ લાખની કિંમતનો શંકાસ્પદ અને ભેળસેળયુક્ત જથ્થો સીઝ કર્યો છે.

પૈસાના અંધાધૂંધ મોહમાં આ નફ્ફટ વેપારીઓએ હદ વટાવી દીધી હતી. શાકભાજી અને રસોઈનો સ્વાદ વધારવા માટે વપરાતા મરચું પાઉડર, શુદ્ધ હળદર અને ધાણાજીરું જેવા પવિત્ર મસાલાઓમાં આ ફેક્ટરીની અંદર મકાઈનો સસ્તો લોટ, હલકી ગુણવત્તાનું પામોલીન તેલ અને કલર લાવવા માટે માણસના આંતરડાને તોડી નાખે તેવા ઝેરી કેમિકલ કલરનો સરેઆમ ઉપયોગ કરવામાં આવતો હતો. માત્ર આર્થિક ફાયદો મેળવવા અને માર્કેટમાં સસ્તા ભાવે મોટો જથ્થો સપ્લાય કરવા માટે આ આખું ભેળસેળનું નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું હતું. આ કેમિકલયુક્ત મસાલા ખાવાથી કેન્સર, લિવર અને પેટની ગંભીર બીમારીઓ થવાનો પૂરેપૂરો ખતરો રહેલો છે.

ચોક્કસ અને પાકી બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે ઘટનાસ્થળેથી જ ફેક્ટરીના મુખ્ય સૂત્રધાર અને માલિક મિતુલ ઉર્ફે મનીષ ગીરધરભાઈ બાલધા (પટેલ) ને રંગેહાથ દબોચી લીધો છે અને તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

કે, પોલીસની રેડ પડતાની સાથે જ આ કાળા કારોબારમાં અને પાપમાં ભાગીદાર એવા અન્ય ત્રણ આરોપીઓ ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. હાલ પોલીસે ગુનો નોંધીને આ ફરાર ત્રણેય શખ્સોને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા છે.

### નાનસલાઈ ખાતે યોજાઈ વાયરસ ગ્રુપની બેઠક

## 12 સપ્ટેમ્બરે ઝાલોદથી વાજતે-ગાજતે નીકળશે ભવ્ય પગપાળા અંબાજી યાત્રા

ઝાલોદ, પંકજ પંડિત

દરવર્ષની પરંપરા મુજબ વાયરસ ગ્રુપ (જય અંબે ગ્રુપ) દ્વારા આયોજિત પગપાળા અંબાજી યાત્રાને લઈને આજરોજ નાનસલાઈ ખાતે ગ્રુપના કાર્યકર્તાઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં યાત્રાના સફળ આયોજન માટે માર્ગ વ્યવસ્થા, યાત્રીઓની સુવિધા, સુરક્ષા, શિસ્ત, સેવા કાર્ય તેમજ વિવિધ જવાબદારીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. બેઠકમાં જણાવ્યા મુજબ આ વર્ષે પગપાળા અંબાજી યાત્રાનું ભવ્ય પ્રસ્થાન તા. 12-09-2026, શનિવારના રોજ ખોડિયાર મંદિરના એકમના પાવન દિવસે સાંજે 7:00 કલાકે. ઝાલોદ નગરમાંથી વાજતે-ગાજતે કરવામાં આવશે. ભજન-કીર્તન અને માતાજીના જયઘોષ સાથે મોટી સંખ્યામાં અંબાભક્તો યાત્રામાં જોડાશે, જેના કારણે સમગ્ર ઝાલોદ નગર ભક્તિમય માહોલમાં રંગાઈ જશે.



યાત્રામાં જોડાનાર તમામ યાત્રાળુઓ તા. 22-09-2026, અગિયારસના શુભ દિવસે શક્તિપીઠ અંબાજી પહોંચી મા અંબાના પવિત્ર ચરણોમાં ધ્વજા અર્પણ કરશે તેમજ સર્વના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને કલ્યાણ માટે પ્રાર્થના કરશે.

વાયરસ ગ્રુપ (જય અંબે ગ્રુપ) દ્વારા તમામ અંબાભક્તોને આ પવિત્ર પગપાળા યાત્રામાં જોડાઈ માતાજીની કૃપાનો લાભ લેવા તેમજ યાત્રાને સફળ બનાવવા સહભાગી થવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## M. S. યુનિ.માં શિક્ષણના નામે સરેઆમ મજાક : FYBAના ક્લાસ શરૂ, પણ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલમાં જગ્યા જ નથી!

*તીર્થ સોલંકીની આગેવાની હેઠળ આર્ટસ ફેકલ્ટીના ડીન કલ્પના ગવલીને ઘેરીને અપાયું આવેદનપત્ર*

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાની વૈશ્વિક ખ્યાતિ ધરાવતી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) માં ફરી એકવાર વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને આયોજનના અભાવનો ભોગ નિર્દોષ વિદ્યાર્થીઓ બન્યા છે. એમ.એસ. યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીમાં એફ.વાય. બી.એ. (FYBA) ના ક્લાસ અને શૈક્ષણિક કાર્ય તો ધામધૂમથી શરૂ કરી દેવામાં આવ્યું છે, પરંતુ બહારગામથી ભણવા આવેલા સેંકડો ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલમાં જગ્યા જ નથી! તંત્રની આ અણઘડ નીતિ સામે આજે કેમ્પસમાં વિદ્યાર્થીઓનો આક્રોશ ફાટી નીકળ્યો હતો.

વિદ્યાર્થીઓના આ ગંભીર અને સંવેદનશીલ પ્રશ્ન લોહી ઉકળી ઉઠે તેવી સ્થિતિ સર્જાતા, બીવીએમ (BVM) ગ્રુપ મેદાનમાં આવ્યું છે.

આજે વિદ્યાર્થી નેતા તીર્થ સોલંકીની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓ આર્ટસ ફેકલ્ટી ખાતે એકઠા થયા હતા. વિદ્યાર્થીઓએ કેમ્પસમાં તંત્ર વિરોધી ભારે સૂત્રોચ્ચાર કરીને વાતાવરણ ગરમ કરી મૂક્યું હતું. ત્યારબાદ આર્ટસ ફેકલ્ટીના ડીન કલ્પના ગવલીને રૂબરૂ મળીને ધારદાર રજૂઆત સાથેનું આવેદનપત્ર ઠોકી દેવામાં આવ્યું હતું.

વિદ્યાર્થી પાંખે ડીન સમક્ષ ઉગ્ર માંગ કરી છે કે, હોસ્ટેલમાં તાત્કાલિક ધોરણે સીટો વધારવામાં આવે જેથી બહારગામથી આવેલા વિદ્યાર્થીઓ રસ્તા પર ન આવી જાય અને મૂંઝવણમાંથી મુક્તિ મળે.

અહીં સૌથી મોટો અને વેધક સવાલ એ થાય છે કે, જ્યારે યુનિવર્સિટી પ્રશાસનને ખબર જ છે કે દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ બહારગામથી ભણવા માટે વડોદરા આવે છે, તો એડમિશન આપતી વખતે હોસ્ટેલની કેપેસિટી કેમ ચેક કરવામાં નથી આવતી? ક્લાસ શરૂ થઈ ગયા હોવા છતાં વિદ્યાર્થીઓ હોસ્ટેલના રૂમ માટે ઓફિસોના ધક્કા ખાઈ રહ્યા છે. મોંઘવારીના આ જમાનામાં સામાન્ય પરિવારનો વિદ્યાર્થી બહાર પ્રાઈવેટ રૂમ કે પીજી (PG) ના હજારો રૂપિયાના ભાડા કેવી રીતે પરવડી શકે?

બીવીએમ ગ્રુપે ચીમકી આપી છે કે જો આગામી દિવસોમાં હોસ્ટેલની સીટો વધારીને વિદ્યાર્થીઓને ન્યાય આપવામાં નહીં આવે, તો આ માત્ર આવેદનપત્ર પૂરતું સીમિત નહીં રહે, પણ યુનિવર્સિટીના સત્તાધીશોની ઊંઘ હરામ કરી નાખતું ઉગ્ર આંદોલન છેડવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી એમ.એસ.યુ. તંત્રની રહેશે. હવે જોવાનું એ રહે છે કે ઊંઘતું તંત્ર જાગે છે કે પછી વિદ્યાર્થીઓ વડોદરાની સડકો પર ભટકવા મજબૂર બને છે!

## મનસુખ વસાવાના ગઢમાં ભડકો : કલેક્ટર કચેરીનો ઘેરાવ કરવા આદિવાસી નેતા મેદાનમાં

રાજપીપળા/ભરૂચ

ગુજરાતના રાજકારણના સૌથી મજબૂત ગણાતા આદિવાસી બેલ્ટ અને ભાજપના પીઢ સાંસદ મનસુખ વસાવાના પરંપરાગત ગઢમાં મોટો ભડકો થયો છે. લાંબા સમયથી પડતર અને વણઉકલ્યા રહેલા સ્થાનિક આદિવાસીઓના હકો અને જમીની સવાલો મુદ્દે હવે આદિવાસી નેતાગિરીએ સીધો શિંગડા ભેરવ્યા છે. સત્તાધારી પક્ષના તોતિંગ નેતાના હોમ ગ્રાઉન્ડ પર જ કલેક્ટર કચેરીના પ્રચંડ ઘેરાવની સત્તાવાર જાહેરાત થતાં જ વહીવટી તંત્ર અને ગુપ્તચર વિભાગ (IB) ના હોશ ઉડી ગયા છે. 'પાક્કો ગુજરાત' ના ગ્રાઉન્ડ રિપોર્ટ મુજબ, આ આંદોલન માત્ર આવેદનપત્ર પૂરતું સીમિત નથી, પણ આરપારની લડાઈ લડી લેવાના મૂડ સાથે આખું આદિવાસી જનજીવન રોડ પર ઉતરવાની તૈયારી કરી રહ્યું છે. નર્મદા અને ભરૂચ જિલ્લાનો આ વિસ્તાર વર્ષોથી મનસુખ વસાવાનો મજબૂત કિલ્લો મનાય છે. તેઓ પોતે પણ અવારનવાર પોતાની જ સરકાર સામે આદિવાસીઓના મુદ્દે પત્રો લખીને ચર્ચામાં રહે છે. પરંતુ સ્થાનિક આદિવાસી નેતાઓનો આક્ષેપ છે કે, 'સરકાર અને સ્થાનિક જનપ્રતિનિધિઓ માત્ર કાગળ પર વાતો કરે છે.

## મોરબીમાં 'લૂંટેરી દુલ્હન'નો આતંક: લગ્નના માત્ર આઠ જ દિવસમાં કન્યા લાખો રૂપિયા રોકડા લઈને રફુચક્કર!

મોરબી

ગુજરાતમાં સીધા-સાદા અને લગ્ન કરવા ઈચ્છુક યુવાનોને ટાર્ગેટ બનાવીને લાખો રૂપિયા ખંખેરી લેતી 'લૂંટેરી દુલ્હન' ગેંગનો વધુ એક ચોંકાવનારો કિસ્સો મોરબીમાંથી પ્રકાશમાં આવ્યો છે. મોરબીના વાવડી રોડ પર રહેતા એક ૪૭ વર્ષીય યુવાન સાથે લગ્ન કરાવી, માત્ર આઠ જ દિવસમાં નવવધૂ રોકડા રૂપિયા લઈને કોઈને પણ કહ્યા વગર રાતોરાત ફરાર થઈ ગઈ છે. આ કાળા કારોબારનો ભોગ બનેલા યુવાને આખરે ન્યાય માટે છેક ગાંધીનગર સુધી ગુહાર લગાવવી પડી હતી, જેના પગલે હવે મોરબી એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બે મહિલાઓ વિરૂદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ ફરિયાદની વિગતો મુજબ, મોરબીના વાવડી રોડ પર રહેતા અશોકભાઈ મૂળચંદભાઈ અડવાણી (ઉંમર ૪૭ વર્ષ) લાંબા સમયથી લગ્ન માટે કન્યાની શોધમાં હતા. આ દરમિયાન તેમનો સંપર્ક અમદાવાદ ખાતે રહેતી પ્રીતિ કેવલરામ વાઘવાણી નામની મહિલા એજન્ટ સાથે થયો હતો. પ્રીતિએ લગ્ન કરાવી




આપવાના બહાને અશોકભાઈ પાસેથી રોકડા રૂપિયા ૧ લાખ પડાવી લીધા હતા અને ગત તારીખ ૨૧ જૂન ૨૦૨૬ ના રોજ રાજસ્થાનના જોધપુરની રહેવાસી નિશા રામચંદ્ર હેમલાની નામની યુવતી સાથે અશોકભાઈના લગ્ન કરાવી દીધા હતા. લગ્ન કરીને મોરબી આવેલી લૂંટેરી કન્યા નિશા અશોકભાઈના ઘરે માત્ર આઠથી નવ દિવસ જ રોકાઈ હતી. ઘરમાં પત્ની તરીકે સેટલ થવાનો નાટક કર્યા બાદ, એક રાત્રે જ્યારે પરિવારના સભ્યો સૂતા હતા ત્યારે તે ઘરમાંથી રોકડા રૂપિયા અને કિંમતી સામાન સમેટીને કોઈને પણ કશું કહ્યા વગર ગાયબ થઈ ગઈ હતી. સવારે જ્યારે અશોકભાઈ જાગ્યા ત્યારે પત્ની ગાયબ હોવાનું અને પોતાની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાનું માલૂમ પડ્યું હતું. અમદાવાદની એજન્ટ મહિલાને ફોન કરવા છતાં કોઈ સંતોષકારક જવાબ ન મળતા આખું કૌભાંડ હોવાનું છતું થયું હતું. આ સમગ્ર મામલામાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે ભોગ બનેલા અશોકભાઈ ન્યાય માટે મોરબી પોલીસ સ્ટેશને પહોંચ્યા, પરંતુ સ્થાનિક પોલીસે તેમની ફરિયાદ લેવામાં આનાકાની કરી અને ધક્કા ખવડાવ્યા હોવાના આક્ષેપો ઉઠ્યા હતા. હિંમત હાર્યા વગર ભોગ બનનાર યુવાને આ અંગે સીધી રાજ્યના ગૃહમંત્રી અને રાજ્ય પોલીસ વડા (DGP) ને પુરાવા સાથે લેખિત રજૂઆત કરી હતી. ગાંધીનગરથી કડક આદેશ છૂટતા જ મોરબી પોલીસ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ હતી અને મોરબી એ-ડિવિઝન પોલીસે પ્રીતિ વાઘવાણી (રહે. બિલાસિયા ચોકડી પાસે, અમદાવાદ) અને નિશા હેમલાની (રહે. જોધપુર, રાજસ્થાન) વિરૂદ્ધ કાયદેસરનો ગુનો નોંધી બંને ઠગ મહિલાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.



### દિશાએ હાલમાં જ પોતાની હોલીવુડની સફર અને ત્યાંની ફિલ્મોમાં એન્ટ્રી ઓડિશનની વાત કરી

# દિશા પટનીની હોલીવુડમાં ધમાકેદાર એન્ટ્રી! ઓસ્કર વિનર ડાયરેક્ટર સાથે કરશે કામ

મુંબઈ

બોલિવુડની અભિનેત્રી દિશા પટની હાલમાં દેશ સાથે વિદેશોમાં પણ ચર્ચામાં આવી રહી છે. જેનું કારણ એ છે કે તે હવે બોલીવુડ બાદ હોલીવુડ ફિલ્મમાં ધૂમ મચાવતી જોવા મળશે. હાલમાં જ દિશા 'વેલકમ ટૂ ધ જંગલ' ફિલ્મમાં જોવા મળી હતી. હવે તે બોલીવુડમાં પર્દાપણ કરવા માટે સજ્જ થઈ ચુકી છે. તે ઓસ્કાર વિનિંગ ડાયરેક્ટર કેવિન સ્પેસીની આગામી ફિલ્મ 'હોલિમાર્ડ સાગા: ધ પોર્ટલ ઓફ ફોર્સ'થી હોલીવુડમાં ડેબ્યુ કરવા જઈ રહી છે. જેના વિશે તેણે હાલમાં જ ખુલીને વાત કરી હતી. ત્યારે જ તેણે ડાયરેક્ટર કેવિન સ્પેસી સાથેના કામના અનુભવ વિશે પણ પોતાનો અનુભવ શેર કર્યો હતો. પ્રિયંકા ચોપરા, દીપિકા પાદુકોણ, આલિયા ભટ્ટ, અલી ફઝલ અને તબ્બુ જેવા કલાકારોના પગલે ચાલતા, દિશા પટની પણ હવે હોલીવુડમાં પ્રવેશ લઈ ચુકી છે. દિશા કેવિન સ્પેસીના નિર્દેશનમાં બની રહેલી સુપર નેચરલ થ્રિલર ફિલ્મ 'હોલિગાર્ડ્સ સાગા: ધ પોર્ટલ ઓફ ફોર્સ' માં જોવા મળશે. દિશાએ હાલમાં જ પોતાની હોલીવુડની સફર અને ત્યાંની ફિલ્મોમાં એન્ટ્રી ઓડિશનની વાત કરી હતી. તેણે જણાવ્યું હતું કે જો તમારે પશ્ચિમી દેશોના સિનેમામાં એન્ટ્રી જોઈએ તો ઓડિશન મહત્વનું છે. દિશાના મતે ભારતમાં રહીને ગ્લોબલ પ્રોજેક્ટ્સમાં એન્ટ્રીની આશા પણ બાંધી શકાતી નથી. એક ઈન્ટરવ્યૂ દરમિયાન દિશા પટનીએ પોતાની હોલીવુડ ડેબ્યુ ફિલ્મ 'હોલીગાર્ડ સાગા'ના નિર્દેશક કેવિન સ્પેસી વિશે ખુલીને વાત કરી હતી. કેવિન સ્પેસીના વખાણ કરતા દિશાએ કહ્યું કે, 'તે કમાલની વ્યક્તિ છે. તે પોતે પણ એક એક્ટર છે, જેના લીધે તે અન્ય એક્ટરોને સમજી શકે છે. તે કલાકારોના એક્સપરિમેન્ટની સ્વતંત્રતા આપે છે.

શૂટિંગ દરમિયાન તે અમને કહે છે કે પોતાના અનુભવનો ઉપયોગ કરતા શીખો. તે અમને એવા સવાલો પૂછવા માટે પ્રોત્સાહિત કરતા હતા જેવા કે, જો તમે આ પરિસ્થિતિમાં ફસાયા તો કેવી રીતે વર્તશો? શું તમે આવું કરી શકો? જો તમારી સાથે આવું થાય તો તમે કેવું અનુભવશો? તે પોતાના પાત્રને સમજવા માટે કલાકારોને પુરેપુરી ક્રિએટિવ સ્વતંત્રતા આપે છે. દરરોજ સવારે તેઓ શૂટિંગ પહેલા અમારી સાથે બેસ્ટ હતા અને પછી સીન સમજાવતા હતા. મને તે ખૂબ ખાસ લાગ્યું હતું.' દિશાએ જણાવ્યું કે તેમને કેવી રીતે આ ફિલ્મમાં એન્ટ્રી મળી હતી. તેણે આ વિશે વાતચીત કરતા જણાવ્યું હતું કે, 'પશ્ચિમી દેશોમાં ઓડિશન ટેમ્પલેટ સૌથી મહત્વના છે. જો તમને કામ જોઈએ છે તો તમારે તે રોલ માટે ઓડિશન આપવું પડશે. જોકે, નસીબ પણ ક્યારેક મહત્વનો ભાગ ભજવે છે.

**દિશાના મતે ભારતમાં રહીને ગ્લોબલ પ્રોજેક્ટ્સમાં એન્ટ્રીની આશા પણ બાંધી શકાતી નથી**

## 'રામાયણ' ફિલ્મના ટ્રેલર લોન્ચની તારીખે વધારી દર્શકોની ઉત્સુકતા

### ટ્રેલરમાં ખાસ કોઈ સિનને રિવીલ કરવામાં નહીં આવે. પાત્ર પરથી કોઈ પડદો હટે એવું હાલ તો લાગતું નથી.

મુંબઈ

જ્યારથી રણબીર કપૂરનો રામ તરીકેનો લૂક સામે આવ્યો છે એ સમયથી ફિલ્મ 'રામાયણ'ની ચર્ચા થઈ રહી છે. મોસ્ટ અવેઈટિડ ગણાતી ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરી દેવામાં આવી છે. એટલું જ નહીં ટ્રેલર પણ આવવાનું છે. આ ફિલ્મ પણ બે ભાગમાં જોવા મળશે. મેકર્સે પહેલા ભાગનું ટ્રેલર રિલીઝ કરવા અંગે વાત જાહેર કરી છે. ટ્રેલરમાં કેટલાક મહત્ત્વના સીન પણ જોવા મળશે પણ કોઈ લૂક કે સિન અંગે ખાસ કોઈ સ્પષ્ટતા સામે આવી નથી. 'રામાયણ' સિરિયલે એ સમયે લોકોના માનસ પર એક ધાર્મિક છાપ છોડી હતી. આ સિરિયલમાં રામાણયના અનેક એવા કિસ્સાઓનું બારિકીથી વર્ણન કરવામાં આવ્યું હતું. હવે 'રામાયણ' ફિલ્મમાં નવું શું છે એ અંગે દર્શકોની ઉત્સુકતા વધી ગઈ છે. આમ પણ રણબીરના લૂકને લઈને અનેક ટ્રોલર્સ હવે બેફામ કોમેન્ટ કરી રહ્યા છે. આ પહેલા ભાગનું ટ્રેલર 24 જુલાઈના રોજ જોવા મળશે. પણ ટ્રેલરમાં ખાસ કોઈ સિનને રિવીલ કરવામાં નહીં આવે. પાત્ર પરથી કોઈ પડદો હટે એવું હાલ તો લાગતું નથી. ફિલ્મ વિશે એક મોટી અપડેટ આપતા નિર્માતાઓએ કેપ્શનમાં લખ્યું, 'હજારો વર્ષોથી, રામાયણ તેના ન્યાયીપણા, શિષ્ટાચાર, હિંમત અને કરુણાના કાયમી આદર્શોથી પેઢીઓને પ્રેરણા આપે છે. હવે, તે એક નવી સફર શરૂ કરે છે. ભારતના મહાન મહાકાવ્યોમાંનું એક જે ભારતીય સિનેમામાં પહેલાં ક્યારેય ન જોયેલા સ્કેલ પર વિશ્વ સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે.' હવે આ નવા સ્કેલમાં અને મોટી હાઈપમાં શું છે એ વાતથી દર્શકોનું એક્ઝાઈટમેન્ટ વધી ગયું છે. નિતેશ તિવારીના ડાયરેક્શનમાં બનેલી ફિલ્મ સંપૂર્ણ રીતે સેટ આધારિત અને વીએફએક્સ ઈફેક્ટથી સજ્જ હોય એવું લાગી રહ્યું છે. જ્યારે ફિલ્મ દિવાળીના દિવસોમાં રિલીઝ થાય એવી આશા છે. આ ફિલ્મમાં રણબીર કપૂર, સાય પલ્લવી, સની દેઓલ અને યશ મુખ્ય ભૂમિકામાં છે. બીજી બાજું રણબીરના લૂકને લઈને ચર્ચાએ જોર પકડ્યું છે. ફિલ્મ દિવાળીના દિવસોમાં રિલીઝ થશે બીજી તરફ અન્ય કઈ ફિલ્મ આવી રહી છે તેને લઈને દર્શકો રાહ જોઈને બેઠા છે. હવે આ ફિલ્મ સાથે બીજી અન્ય કોઈ ફિલ્મ આવશે તો સીધી ટક્કર રણબીરની ફિલ્મને મળી રહેશે




## હુમા કુરેશી 'બેબી ડુ ડાઈ ડુ'નો હાઉસફુલ શો જોઈ ગદગદ

### દર્શકોને જ સૌથી મોટું પ્રચાર માધ્યમ ગણાવ્યું, દેહરાદૂનમાં એક્ટ્રેસે ચાહકો સાથે મુલાકાત કરી


મુંબઈ

તાજેતરમાં રિલીઝ થયેલી નવી ફિલ્મ 'બેબી ડુ ડાઈ ડુ' ના પ્રચાર માટે શુક્રવારે ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવનાર બોલિવૂડ એક્ટ્રેસ હુમા કુરેશી અને ફિલ્મની સ્ટારકાસ્ટ દેહરાદૂન પહોંચી. જ્યાં ફિલ્મના પ્રમોશનની સાથે ટીમે મીડિયા સાથે વાતચીત કરીને ફિલ્મની વાર્તા, દર્શકો તરફથી મળી રહેલા સમર્થન અને તેમના પ્રમોશન અભિયાન વિશે માહિતી આપી.

ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવી રહેલી એક્ટ્રેસ હુમા કુરેશીએ જણાવ્યું કે, ફિલ્મને દર્શકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને ઘણી જગ્યાએ શો હાઉસફુલ ચાલી રહ્યા છે અને આ જ પ્રતિક્રિયાને નજીકથી જોવા અને દર્શકો સાથે સીધો સંવાદ કરવા માટે આખી ટીમ દેહરાદૂન પહોંચી છે. દર્શકોને સીધા મળીને ફિલ્મનો પ્રતિભાવ જાણી રહ્યા છે હુમા કુરેશીએ જણાવ્યું કે, જ્યારથી ફિલ્મ થિયેટરમાં લાગી છે, ત્યારથી તેને ફિલ્મને લઈને સતત ઘણી પ્રતિક્રિયાઓ મળી રહી હતી અને દેશના ઘણા સિનેમાઘરોમાં શો હાઉસફુલ થવાની માહિતી મળ્યા પછી ફિલ્મ નિર્માતા અને સ્ટારકાસ્ટ દેશના અલગ અલગ શહેરોમાં દર્શકોની પ્રતિક્રિયા જાણવા માટે ફિલ્મનું પ્રમોશન કરી રહ્યા છે. આ ક્રમમાં આજે ફિલ્મની ટીમ દેહરાદૂન પહોંચી છે.

તેણે જણાવ્યું કે, ટીમ અલગ અલગ શહેરોના થિયેટરોમાં જઈને દર્શકોને મળી રહી છે અને તેની પાસેથી ફિલ્મને લઈને અભિપ્રાય જાણી રહી છે. દર્શકો જ સૌથી મોટું પ્રચાર માધ્યમ હુમાએ કહ્યું કે, તેની ફિલ્મ પ્રમાણમાં નાની ફિલ્મ છે અને તેના પ્રચાર-પ્રસાર માટે મોટા પાયે બજેટ નથી. આવી સ્થિતિમાં, આખી ટીમનું સૌથી મોટું પ્રચાર માધ્યમ દર્શકો જ છે. તેણે કહ્યું કે, જો કોઈને ફિલ્મ પસંદ આવે છે, તો તે પોતાના મિત્રો અને પરિચિતોને તેના વિશે જણાવે, આ જ ફિલ્મ માટે સૌથી મોટો ટેકો હશે. મુંબઈની અંડરવર્લ્ડ દુનિયા પર આધારિત છે વાર્તા મીડિયા સાથેની વાતચીતમાં ફિલ્મની વાર્તા પર પણ ચર્ચા કરવામાં આવી. સ્ટારકાસ્ટે જણાવ્યું કે, ફિલ્મ મુંબઈના અંડરબેલી અને અપરાધ જગતની પૃષ્ઠભૂમિ પર આધારિત છે. તેમાં કન્સ્ટ્રક્શન માફિયા, અપરાધ, રોમાંચ અને હાસ્યના તત્વોને એકસાથે ગૂંથવામાં આવ્યા છે. ફિલ્મ દર્શાવે છે કે, મહાનગરની ચમક-દમક પાછળ અપરાધ અને સામાન્ય જીવન કઈ રીતે એકસાથે અસ્તિત્વ ધરાવે છે.






## 'ધમાલ 4' એ બોક્સ ઓફિસ પર મચાવી ધૂમ, બે દિવસમાં છાપી લીધા 50 કરોડ રૂપિયા

### આલિયાની 'આલ્ફા' અને અક્ષય કુમારની 'વેલકમ ટુ જંગલ'ને પણ કમાણીમાં માત આપી દીધી છે

મુંબઈ

'ધમાલ'ની ફ્રેન્ચાઈઝી ફિલ્મ 'ધમાલ 4' બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી રહી છે. 10 જુલાઈએ રિલીઝ થયેલી ફિલ્મ અત્યારે ધૂમ કમાણી કરી રહી છે. તેની સામે આલિયા અને અક્ષય કુમારની ફિલ્મ પણ પાણી ભરી રહી છે. અજય દેવગણ, અરશદ વારસી, રિતેશ દેશમુખ, રવિ કિશન, જાવેદ જાફરી અને સંજીદા શેખ સ્ટારર ફિલ્મે પહેલા દિવસે 13.75 કરોડની કમાણી કરી હતી. ઓપનિંગમાં અનેક મોટી ફિલ્મનો માત આપી દીધી છે. રિલીઝ થયાના બીજા દિવસે પણ મોટી સંખ્યામાં લોકોએ આ ફિલ્મ જોઈ છે.

કુલ મળીને 53 કરોડ રૂપિયાનો વેપાર કર્યો કમાણીની વાત કરવામાં આવે તો, બીજા દિવસે કમાણીમાં 60 ટકાનો ઉછાળો આવ્યો છે. અત્યાર સુધીમાં આ ફિલ્મે કુલ મળીને 53 કરોડ રૂપિયાનો વેપાર કરી લીધો છે. બીજા દિવસે એટલે કે શનિવારે આ ફિલ્મે બોક્સ ઓફિસ પર 22.50 કરોડ રૂપિયા છાપી લીધા છે. હવે ત્રીજા દિવસની કમાણી પણ દરેકની નજર છે. આ ફિલ્મે માત્ર બે જ દિવસમાં 50 રકોડનો આંકડો પાર કરી લીધો છે, એટલું જ નહીં પરંતુ આલિયાની 'આલ્ફા' અને અક્ષય કુમારની 'વેલકમ ટુ જંગલ'ને પણ કમાણીમાં માત આપી દીધી છે.

અજય દેવગણ અને અરશદ વારસી અભિનીત ફિલ્મ 'ધમાલ 4' ના વર્લ્ડ વાઈડ કલેક્શનની વાત કરવામાં આવે તો, ફિલ્મે બીજા દિવસે વિદેશી બજારોમાં રૂપિયા 5 કરોડની કમાણી કરી છે. આ સાથે ફિલ્મનું વિદેશી કલેક્શન રૂપિયા 10 કરોડને પાર પહોંચી ગયું છે, જેનાથી તેની વિશ્વભરની કુલ કમાણી 53.80 કરોડ રૂપિયા થઈ ગઈ છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે, જ્યારે અક્ષય કુમારની મલ્ટી-સ્ટારર ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ' પહેલાથી જ થિયેટરોમાં પ્રભુત્વ ધરાવતી હતી, તેને પણ હવે ધમાલ 4 હંફાવી રહી છે. 'ધમાલ'ની ફ્રેન્ચાઈઝી ફિલ્મ 'ધમાલ 4' બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી રહી છે. 10 જુલાઈએ રિલીઝ થયેલી ફિલ્મ અત્યારે ધૂમ કમાણી કરી રહી છે. તેની સામે આલિયા અને અક્ષય કુમારની ફિલ્મ પણ પાણી ભરી રહી છે.

## શમિતાને એવી કઈ બીમારી થઈ હતી જે તે કોઈને કહી ન શકી?

### શમિતાએ કહ્યું, "મને લાગે છે કે મારા કિસ્સામાં મેં ઘણા સમય સુધી આ બાબતને લંબાવી રાખી કારણ કે શરૂઆતમાં મને ખબર નહોતી કે ખરેખર શું સ્થિતિ છે. જ્યારે પણ મને ચોક્કસ લક્ષણોનો અનુભવ થતો, ત્યારે હું મારી જાતને કહેતી કે કદાચ આ સામાન્ય છે.

મુંબઈ

અભિનેત્રી અને લેખિકા સોહા અલી ખાનના શો 'ઓલ અબાઉટ હર' ના એપિસોડમાં, બોલીવુડ અભિનેત્રી શમિતા શેટ્ટીએ એન્ડોમેટ્રિઓસિસ સાથેના તેમના મુશ્કેલીભર્યા સંઘર્ષ વિશે દિલ ખોલીને વાત કરી હતી. એક્ટ્રેસે ચર્ચા કરી કે શા માટે આ ગંભીર સ્થિતિનું ઘણીવાર ખોટું નિદાન થાય છે અને લાખો સ્ત્રીઓ કેવી રીતે ચૂપચાપ તેની સાથે ઝઝૂમી રહી છે. શમિતાએ કહ્યું, 'મને લાગે છે કે મારા કિસ્સામાં મેં ઘણા સમય સુધી આ બાબતને લંબાવી રાખી કારણ કે શરૂઆતમાં મને ખબર નહોતી કે ખરેખર શું સ્થિતિ છે. જ્યારે પણ મને ચોક્કસ લક્ષણોનો અનુભવ થતો, ત્યારે હું મારી જાતને કહેતી કે કદાચ આ સામાન્ય છે. જ્યારે હું આ ચિંતાઓ સાથે પહેલી વાર મારા ગાયનેકોલોજિસ્ટ પાસે ગઈ, ત્યારે તેણે બધું બરાબર છે તેની ખાતરી કરવા માટે બધા નિયમિત ટેસ્ટ - પેપ સ્મીયર્સ અને તેના જેવા અનેક ટેસ્ટ કરાવ્યા. એકવાર રિપોર્ટ્સ સામાન્ય થઈ ગયા, પછી કોઈએ વધુ તપાસ કરવાનું વિચાર્યું નહીં. આ રીતે મામલો સમાપ્ત થઈ ગયો.' આ સ્થિતિનું નિદાન શરૂઆતમાં ન થયું હોવાથી, શમિતાએ પોતાની પીડા પોતાની પાસે રાખી - આ વાસ્તવિકતા સ્ત્રીઓ માટે ખૂબ જ સામાન્ય છે. 'જ્યારે પણ બીમારીના આવા લક્ષણો પાછા આવે છે, ત્યારે હું વિચારું છું કે, 'ગઈ વખતે કંઈ મળ્યું ન હતું, તેથી કદાચ આ સામાન્ય છે. કદાચ તે સ્ત્રી હોવાનો એક ભાગ છે.' આપણે ઘણીવાર ખરેખર અનુભવી રહેલા દુખાવાને વ્યક્ત કરતા નથી. ઘણી સમસ્યાઓ - પછી ભલે તે માસિક સ્રાવનો દુખાવો હોય કે હોર્મોનલ ચિંતાઓ - સ્ત્રીઓ માટે 'સામાન્ય' તરીકે છોડી દેવામાં આવે છે. \ આપણી પાસેથી ફક્ત તેમની સાથે રહેવાની અપેક્ષા રાખવામાં આવે છે.' જ્યારે શરીર જવાબો માંગે છે એ સમયે ખરેખર અલગ અહેસાસ થાય છે. શમિતાએ સમજાવ્યું કે, સ્થિતિ આખરે એવી વધી ગઈ કે તે હવે તેને અવગણી શકતી નથી.



પાક્કો ગુજરાત

સોમવાર | 13 જુલાઈ 2026 | અમદાવાદ

### સ્વિટ્ઝર્લેન્ડને 3-1થી હરાવ્યું, એક્સ્ટ્રા ટાઇમમાં 2 ગોલ કર્યા; હવે ઇંગ્લેન્ડ સામે મુકાબલો

# આર્જેન્ટિના છઠ્ઠીવાર ફૂટબોલ વર્લ્ડકપ સેમિફાઇનલમાં

મેક્સિકો સિટી

ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ ફૂટબોલ વર્લ્ડ કપ 2026ની સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. તેણે છેલ્લી ક્વાર્ટર ફાઈનલમાં સ્વિટ્ઝર્લેન્ડને 3-1થી હરાવ્યું. લિયોનેલ મેસ્સીની ટીમ છઠ્ઠી વખત વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પહોંચી છે.

કેન્સાસ સિટી સ્ટેડિયમમાં આર્જેન્ટિનાએ 10મી મિનિટે લીડ લીધી. મેક એલિસ્ટરે મેસ્સીના પાસ પર ગોલ કર્યો. 67મી મિનિટે ડેન એનડ્યોયે ગોલ કરીને સ્વિટ્ઝર્લેન્ડને 1-1ની બરાબરી અપાવી. નિર્ધારિત 90 મિનિટ સુધી આ જ સ્કોર રહ્યો. ઈન્જરી ટાઈમમાં કોઈ ગોલ થયો નહીં. મેચ એક્સ્ટ્રા ટાઈમમાં ગઈ. તેમાં જુલિયન અલ્વારેઝે 112મી અને એમી માર્ટિનેઝે 121મી મિનિટે ગોલ કરીને આર્જેન્ટિનાને સતત બીજા વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પહોંચાડી દીધું. હવે 15 જુલાઈએ તેનો મુકાબલો ઈંગ્લેન્ડ સામે થશે. આર્જેન્ટિના સેમિફાઈનલમાં ક્યારેય હાર્યું નથી. 90 મિનિટ સુધી સ્કોર બરાબર, ઈન્જરી ટાઈમ ગોલ રહિત રહ્યો મેચના નિર્ધારિત 90 મિનિટ સુધી બંને ટીમો 1-1ની બરાબરી પર રહી. રેફરીએ 8 મિનિટનો ઈન્જરી ટાઈમ આપ્યો, પરંતુ તેમાં પણ ગોલ આવ્યો નહીં. ઈન્જરી ટાઈમના આઠમી મિનિટે સ્વિટ્ઝર્લેન્ડના ગોલકીપરે શાનદાર સેવ કર્યો. ગ્રેગર કોબેલે કોર્નરથી લિસેન્ડ્રો માર્ટિનેઝની કિકને રોકવા માટે શાનદાર ડાઈવ લગાવી. તેમણે બોલને ખૂબ મોડેથી જોયો હતો. એમ્બોલોને રેડ કાર્ડ, મેદાન પર રડવા લાગ્યો 72મા મિનિટે સ્વિટ્ઝર્લેન્ડના ફોરવર્ડ બ્રીલ એમ્બોલોને મેદાનમાંથી બહાર મોકલી દેવામાં આવ્યો. વીડિયો રિવ્યૂથી જાણવા મળ્યું કે તેણે એવું બતાવવાનો પ્રયાસ કર્યો હતો કે તે કોઈ ટેકલને કારણે પડ્યો છે, જ્યારે એવું કંઈ



થયું ન હતું. રેડ કાર્ડ મળ્યા પછી એમ્બોલો મેદાન પર રડવા લાગ્યો. રેડ કાર્ડ મળ્યા પછી એમ્બોલો મેદાન પર રડવા લાગ્યો. ડેન એનડ્યોયે સ્વિટ્ઝર્લેન્ડને બરાબરી અપાવી હાફ ટાઈમ પછી સ્વિસ ટીમે ડેન એનડ્યોયના ગોલના દમ પર બરાબરી હાંસલ કરી લીધી. ટીમે ગોલ કરવાના ઘણા પ્રયાસો કર્યા. આખરે, રેડ જર્સીની મહેનત રંગ લાવી. 67મી મિનિટે ડેન એનડ્યોય ડાબી બાજુથી ઝડપથી આગળ વધ્યા અને રિકાર્ડો રોડ્રિગ્ઝ સાથે પાસની આપ-લે કરી અને એમિલિયાનો માર્ટિનેઝને પછાડીને ખૂબ જ નિયંત્રિત ગોલ કર્યો. ડેન એનડ્યોયે રોડ્રિગેઝના પાસ પર ગોલ કરીને સ્કોર લેવલ કરી દીધો. ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ મેચની શરૂઆતમાં જ 1-0ની લીડ લઈ લીધી. 10મી મિનિટે એલિસ મેક એલિસ્ટરે લિયોનેલ મેસ્સીના શાનદાર પાસ પર ગોલ કર્યો. આર્જેન્ટિનાએ વર્તમાન એડિશનમાં પોતાનો સૌથી ઝડપી ગોલ કર્યો છે. મેસ્સીએ પેનલ્ટી કોર્નર પર પાસ આપ્યો હતો. આના પર એલિસ્ટરે હેડર લગાવીને ગોલ કર્યો. મેસ્સીએ 10મો ગોલ આસિસ્ટ કર્યો છે, જ્યારે એલિસ્ટરે સતત બીજા વર્લ્ડ કપ એડિશનમાં ગોલ કર્યો છે. તેણે 2022માં પોલેન્ડ સામેની ગ્રુપ મેચમાં ગોલ કર્યો હતો.

## ઇંગ્લેન્ડ ફૂટબોલ વર્લ્ડકપના સેમિફાઇનલમાં

મેક્સિકો સિટી

જુડ બેલિંગહામના બે ગોલની મદદથી ઈંગ્લેન્ડે ફૂટબોલ વર્લ્ડ કપ 2026ની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. તેણે રવિવારની પહેલી મેચમાં નોર્વેને એક્સ્ટ્રા ટાઈમમાં 2-1થી હરાવ્યું. ઈંગ્લેન્ડ 2018 પછી પહેલીવાર વર્લ્ડ કપના ટૉપ-4માં પહોંચ્યું છે. મિયામી સ્ટેડિયમમાં રમાયેલી મેચ નિર્ધારિત સમય સુધી 1-1ની બરાબરી પર રહી. ત્યારબાદ રિયલ મેડ્રિડના સ્ટાર મિડફિલ્ડર જુડ બેલિંગહામે ટીમના બંને ગોલ કર્યા. વિજયી ગોલ એક્સ્ટ્રા ટાઈમના ત્રીજા મિનિટમાં કર્યો. ઈંગ્લેન્ડની સેમિફાઈનલ મેચ આર્જેન્ટિના સામે 15 જુલાઈએ થશે. ઈંગ્લેન્ડ-નોર્વે મેચમાં ખાસ જુડ બેલિંગહમે મેચમાં 2 ગોલ કર્યા. તેના FIFA વર્લ્ડ કપ 2026માં અત્યાર સુધીમાં 6 ગોલ થઈ ગયા છે. ઈંગ્લિશ કેપ્ટન હેરી કેને પણ 6 ગોલ



કર્યા છે. આ પહેલીવાર છે, જ્યારે ઈંગ્લેન્ડના બે ખેલાડીઓએ એક જ વર્લ્ડ કપમાં 5 કે તેથી વધુ ગોલ કર્યા છે. ગોલકીપર જોર્ડન પિકફોર્ડે વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ માટે પોતાની 18મી મેચ રમીને નવો રેકોર્ડ બનાવ્યો. તેણે પીટર શિલ્ટનના 17 મેચના રેકોર્ડને પાછળ છોડી દીધો.

વર્લ્ડ કપના ઈતિહાસમાં ઈંગ્લેન્ડ માટે સૌથી વધુ મેચ રમનાર ગોલકીપર બની ગયા. નોર્વેની ટીમ પહેલીવાર વર્લ્ડ કપ ક્વાર્ટર ફાઈનલ મેચ રમી રહી હતી. આ પહેલા ટીમ 1938 અને 1998માં પ્રી-ક્વાર્ટર ફાઈનલ (રાઉન્ડ ઑફ 16) સુધી પહોંચી હતી, જ્યારે 1994માં ગ્રુપ સ્ટેજમાંથી બહાર થઈ ગઈ હતી. ઈંગ્લેન્ડે ચોથી વખત વર્લ્ડ કપની સેમિફાઈનલમાં સ્થાન બનાવ્યું છે.

### ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન પણ છવાયા

## ICCએ સૌરવ ગાંગુલી અને અંજુમ ચોપરાને આપ્યું મોટું સન્માન

મુંબઈ

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા ભારતીય ક્રિકેટ ટીમને નવી ઊંચાઈઓ પર પહોંચાડનારા બે મહાન કેપ્ટનોને એક વિશેષ સન્માન આપવામાં આવ્યું છે. આઈસીસીએ ભારતીય પુરુષ ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલી અને પૂર્વ મહિલા ક્રિકેટર અંજુમ ચોપરાને પોતાના પ્રતિષ્ઠિત 'હોલ ઓફ ફેમ'માં સામેલ કર્યા છે. આ યાદીમાં ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન કેવિન પીટરસનનું નામ પણ જોડવામાં આવ્યું છે. ક્રિકેટની દુનિયામાં અસાધારણ પ્રદાન આપવા અને મોટી સિદ્ધિઓ હાંસલ કરવા બદલ આ ત્રણેય દિગ્ગજોને શનિવારે આ ખાસ સન્માનથી નવાજવામાં આવ્યા છે. ભારતીય ક્રિકેટની તસવીર બદલનાર કેપ્ટન સૌરવ ગાંગુલીને



ભારતના એવા કેપ્ટન તરીકે યાદ કરવામાં આવે છે, જેમણે ભારતીય ક્રિકેટની તસવીર અને ઈતિહાસ બંને બદલી નાખ્યા હતા. તેમની આક્રમક કપ્તાની હેઠળ ભારતીય ટીમમાં જીતવાનો નવો આત્મવિશ્વાસ જાગ્યો હતો. એટલું જ નહીં, ગાંગુલીની આગેવાનીમાં ભારતીય ક્રિકેટને યુવરાજ સિંહ અને વિરેન્દ્ર સેહવાગ જેવા અસંખ્ય એવા યુવા હીરો મળ્યા, જેઓ આગળ જતાં ક્રિકેટ જગતના મહાન ખેલાડીઓ બન્યા. મહિલા ક્રિકેટને નવી ઓળખ અપાવનાર અંજુમ ચોપરા બીજી તરફ, અંજુમ ચોપરાને ભારતમાં મહિલા ક્રિકેટને આગળ ધપાવવા અને તેને લોકપ્રિય બનાવવા માટે ઓળખવામાં આવે છે. તેઓ એવા સમયગાળામાં દેશ માટે રમ્યા હતા, જ્યારે ભારતમાં મહિલા ક્રિકેટને એટલું મહત્ત્વ કે પ્રોત્સાહન આપવામાં આવતું ન હતું.

## 21 વર્ષની લિન્ડા નોસ્કોવા વિમ્બલ્ડન ચેમ્પિયન બની

### કેરોલિના મુચોવાને 6-2, 5-7, 6-3થી હરાવી; કારકિર્દીની સર્વશ્રેષ્ઠ રેન્કિંગ 7 પર પહોંચશે

લંડન

ચેક રિપબ્લિકની 21 વર્ષીય ટેનિસ ખેલાડી લિન્ડા નોસ્કોવાએ વિમ્બલ્ડન 2026નો વુમન્સ સિંગલ્સ ખિતાબ પોતાના નામે કરી લીધો છે. ઓલ ઈંગ્લેન્ડ ક્લબના સેન્ટર કોર્ટ પર રમાયેલી ફાઈનલ મેચમાં નવમી સીડ નોસ્કોવાએ પોતાની જ દેશવાસી અને પેરિસ ઓલિમ્પિકની ડબલ્સ પાર્ટનર કેરોલિના મુહોવાને 6-2, 5-7, 6-3થી હરાવી. વિમ્બલ્ડનના ઈતિહાસમાં આ પહેલીવાર હતું જ્યારે બે ચેક ખેલાડીઓ વચ્ચે ફાઈનલ મેચ રમાઈ. આ જીત સાથે જ નોસ્કોવાને લગભગ 38.5 કરોડ રૂપિયા (3.6 મિલિયન)ની ઈનામી રકમ મળી અને તે પોતાના કરિયરની સર્વશ્રેષ્ઠ 7મી રેન્કિંગ પર પહોંચી જશે. 4 વર્ષમાં ત્રીજી ચેક ચેમ્પિયન બની લિન્ડા નોસ્કોવા લિન્ડા



નોસ્કોવા છેલ્લા ચાર વર્ષમાં વિમ્બલ્ડન મહિલા સિંગલ્સનો ખિતાબ જીતનારી ત્રીજી ચેક ખેલાડી બની ગઈ છે. આ પહેલા માર્કેટા વોન્ડ્રોસોવાએ 2023 અને બાર્બોરા ક્રેજિકોવાએ 2024માં આ ખિતાબ જીત્યો હતો. ચેમ્પિયનશિપ પોઈન્ટ જીત્યા પછી લિન્ડા નોસ્કોવા ભાવુક થઈ ગઈ. વેલ્સની રાજકુમારીએ લિન્ડા નોસ્કોવાને વિનસ રોઝવોટર ડિશ ટ્રોફી પ્રદાન કરી.

મેચ પોઈન્ટ ગુમાવ્યા પછી નોસ્કોવા ધ્રૂજવા લાગી હતી મેચ દરમિયાન એક સમય એવો આવ્યો જ્યારે નોસ્કોવા સરળતાથી જીત તરફ આગળ વધી રહી હતી. તે બીજા સેટમાં 6-2, 5-2થી આગળ હતી.

આ પછી 10મી સીડ મુહોવાએ જોરદાર કમબેક કરી અને સતત 5 ગેમ જીતીને બીજો સેટ 7-5થી પોતાના નામે કરી લીધો. આ દરમિયાન દબાણમાં નોસ્કોવાની બોડી લેંગ્વેજ જોવા જેવી હતી. તે ભીડના અવાજથી બચવા માટે કાનોમાં આંગળીઓ નાખતી દેખાઈ અને ચેન્જઓવરના સમયે વિમ્બલ્ડનના ટુવાલમાં પોતાનો ચહેરો છુપાવી લીધો. જોકે, ત્રીજા સેટમાં તેણે પોતાને સંભાળી અને જીતીને ઈતિહાસ રચી દીધો. લિન્ડા નોસ્કોવા, કેરોલિના મુચોવાની સર્વિસ પર ફોરહેન્ડ શોટ મારવા માટે સ્ટ્રેચ કરતી જોવા મળી. ન્ડિા નોસ્કોવા, કેરોલિના મુચોવાની સર્વિસ પર ફોરહેન્ડ શોટ મારવા માટે સ્ટ્રેચ કરતી જોવા મળી. કાશ તરફ હાથ ચૂમી: બે વર્ષ પહેલાં વિમ્બલ્ડન શરૂ થતા પહેલાં માતાને ગુમાવી હતી

જીત બાદ નોસ્કોવા કોર્ટ પર જ બેસી ગઈ અને ભાવુક થઈ ગઈ. ટ્રોફી મળ્યા બાદ સ્પીચ દરમિયાન તે રડી પડી. તેણે આકાશ તરફ જોતા ફ્લાઈંગ કિસ કરી અને પોતાની દિવંગત માતાને યાદ કરી. નોસ્કોવાએ કહ્યું, 'બે વર્ષ પહેલાં વિમ્બલ્ડનની શરૂઆત થતા પહેલાં મારી માતા ઈવાનાનું નિધન થયું હતું. હું તેમના વિના આજે અહીં ન હોત. હું મારા પિતાનો પણ આભાર માનવા માંગુ છું, જે મારા માટે ફ્લાઈટનો ડર હોવા છતાં અહીં મેચ જોવા આવ્યા.'



### નવા લિસ્ટિંગથી ભારતના ઇક્વિટી માર્કેટમાં નવી પેઢીની કંપનીઓનો હિસ્સો દાયકાના અંત સુધીમાં વધીને 11.5% થશે

## આગામી બે વર્ષમાં 210 નવી કંપનીઓ IPO માટે તૈયાર થશે

મુંબઈ

આગામી ૨૪ મહિનામાં આશરે ૨૧૦ નવી પેઢીની કંપનીઓ પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ) માટે તૈયાર થશે. વધુમાં, નવી પેઢીની લિસ્ટેડ કંપનીઓનું બજાર મૂડીરોકાણ જુલાઈમાં ૧૫૦ બિલિયન ડોલરથી વધીને ૨૦૩૦ સુધીમાં ૧ ટ્રિલિયન ડોલર થશે તેમ કન્સલ્ટિંગ ફર્મ રેડસીરે જણાવ્યું છે. એવો અંદાજ છે કે નવી લિસ્ટિંગથી ભારતના ઈક્વિટી માર્કેટમાં નવી પેઢીની કંપનીઓનો હિસ્સો આ દાયકાના અંત સુધીમાં ૩% થી વધીને ૧૧.૫% થશે. આનાથી ભારત મુખ્ય પ્લેટફોર્મ પર ભંડોળ એકત્ર કરવાના સંદર્ભમાં વિશ્વમાં ત્રીજા સ્થાને અને વૃદ્ધિ દરના સંદર્ભમાં પ્રથમ સ્થાને રહેશે. રિપોર્ટમાં જણાવાયું છે કે સ્થાનિક સંસ્થાઓ નવી પેઢીની કંપનીઓના




પ્રાથમિક ખરીદદારો બન્યા છે. તેઓ આ કંપનીઓ પર દાવ લગાવી રહ્યા છે, જેમાંથી ૨૦ માંથી ૧૪ નફા સાથે સૂચિબદ્ધ છે. તેમના આઈપીઓ ની કિંમત અગાઉના ખાનગી રાઉન્ડને બદલે સમાન લિસ્ટેડ કંપનીઓ પર આધારિત છે. આનાથી ભવિષ્યના વળતરની આગાહી કરવા માટે લિસ્ટિંગ સમયે કંપનીની તૈયારીને વધુ સારી રીતે સમજવામાં મદદ મળે છે.

અંદાજ છે કે કેલેન્ડર વર્ષ ૨૦૨૬ ના બીજા ભાગમાં પાછલા વર્ષ કરતાં વધુ ભંડોળ એકત્ર કરવામાં આવશે, જેમાં માત્ર છ મહિનામાં ૧૯-૨૨ બિલિયન ડોલર એકત્ર કરવામાં આવશે. ૨૦૦ થી વધુ કંપનીઓ જાહેર બજારમાં ભંડોળ એકત્ર કરવાની તૈયારી કરી રહી છે, અને તેમાંથી ૧૫૦ થી વધુ કંપનીઓને બજાર નિયમનકાર સેબી તરફથી મંજૂરી મળી ગઈ છે.

છેલ્લા દાયકામાં ભારતમાં મુખ્ય પ્લેટફોર્મ દ્વારા આઈપીઓ આઠ ગણો વધ્યો છે, જેમાં પાંચ વર્ષમાં ૩૦૦ થી વધુ નવી લિસ્ટિંગનો સમાવેશ થાય છે. આ વૃદ્ધિને મજબૂત સ્થાનિક મૂડી આધાર, કંપનીઓ દ્વારા મજબૂત કમાણી, સુધારેલી બહાર નીકળવાની તકો અને સહાયક નિયમનકારી માળખા દ્વારા ટેકો મળ્યો છે.

### જૂન મહિનામાં ગોલ્ડ ઈટીએફમાં રોકાણકારોનું ફરી આકર્ષણ જોવાયું

## ચાર મહિના આઉટફ્લો બાદ સિલ્વર ઈટીએફમાં વિક્રમી ઈન્ફ્લો જોવાયો

**મુંબઈમાં જૂન માસમાં રોકાણકારોનું ચાંદી અને સોનાના ETFમાં આકર્ષણ વધ્યું છે. AMFIના ડેટા મુજબ, સિલ્વર ETFમાં ₹4286 કરોડ અને ગોલ્ડ ETFમાં ₹3443 કરોડનો નેટ ઇનફ્લો જોવા મળ્યો છે**

મુંબઈ

સમાપ્ત થયેલા જૂનમાં સિલ્વર એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ)માં રૂપિયા ૪૨૮૬ કરોડનો વિક્રમી ઈન્ફ્લોસ જોવા મળ્યો છે. સતત ચાર મહિના સુધી આઉટફલોસ રહ્યા બાદ જૂનમાં સિલ્વર ઈટીએફસમાં ઈન્ફલોસ જોવા મળ્યો હોવાનું એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફન્ડસ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના ડેટા જણાવે છે.

વર્તમાન વર્ષમા ફેબ્રુઆરીથી મેના ગાળામાં આ સેગમેન્ટસમાં સતત રિડમ્પશનનું દબાણ રહ્યું હતું. ઊંચા ભાવેથી ચાંદીમાં પીછેહઠ થતા રોકાણકારોએ પોતાના રોકાણ પાછા ખેંચ્યા હતા. જો કે જૂનમાં નીચા ભાવે રોકાણકારો ફરી પાછા કિંમતી ધાતુ તરફ વળ્યાનું જોવા મળી રહ્યું છે.

ચાંદીના ભાવમાં આવેલા કરેકશનને કારણે સિલ્વર ઈટીએફસની એસેટ અન્ડર મેનેજમેન્ટ જે મેમાં રૂપિયા ૮૬૨૧૭ કરોડ હતી તે જૂનમાં ઘટી રૂપિયા ૭૮૯૪૩ કરોડ પર આવી ગઈ હતી.જૂનમાં રિટેલ સહભાગમાં વધારો




થયો હતો અને સિલ્વર ઈટીએફ ફોલિઓ વધી ૫૩.૯૩ લાખ જોવા મળ્યો હતો. સિલ્વરની જેમ ગોલ્ડ ઈટીએફસમાં પણ રોકાણકારોનું ગત મહિને આકર્ષણ રહ્યું હતું. ગોલ્ડ ઈટીએફસમાં રોકાણકારોનો રૂપિયા ૩૪૪૩ કરોડનો નેટ ઈન્ફલોસ રહ્યો હતો. ગોલ્ડ ઈટીએફસની એયુએમ જે મેમાં રૂપિયા ૧.૮૪ લાખ કરોડ હતી તે ભાવ કરેકશનને પરિણામે ઘટી જૂનમાં રૂપિયા ૧.૭૦ લાખ કરોડ પર આવી ગઈ હતી. કિંમતી ધાતુમાં કરેકશનને રોકાણકારો ખરીદીની તક તરીકે લઈ રહ્યા હોવાનું એમ્ફીના સુત્રોએ જણાવ્યું હતું. કિંમતી ધાતુમાં ભારતના રોકાણકારોએ વૈશ્વિક ટ્રેન્ડથી વિપરીત જૂનમાં ગોલ્ડ એકસચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ)માં નોંધપાત્ર રોકાણ કર્યું હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. ગત મહિનામાં દેશના ગોલ્ડ ઈટીએફસમાં ૩૮.૮૦ કરોડ ડોલરનો ઈન્ફલો રહ્યો હતો. રોકાણકારો હજુપણ સોનાના ભાવમાં વધારો થવાના આશાવાદ સાથે નીચા ભાવે ઈટીએફ મારફત કિમતી ધાતુમાં નાણાં ઠાલવી રહ્યા છે, એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું.

આ અગાઉ મેમાં ૬.૧૦ કરોડ ડોલરનો આઉટફલો જોવા મળ્યો હતો. સરકારે ગોલ્ડની આયાત પર ઈમ્પોર્ટ ડયૂટીમાં વધારો કરતા સોનાના ભાવમાં રેલી આવી હતી જેનો રોકાણકારોએ પ્રોફિટ બુક કરવામાં લાભ લઈ લીધો હતો.

### રશિયન ક્રૂડમાંથી બનેલા ઇંધણના વૈશ્વિક બિઝનેસમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે

## ભારતે અમેરિકાને આપ્યો મોટો ઝટકો ! રશિયા પાસેથી જૂનમાં ખરીધું રેકોર્ડબ્રેક ક્રૂડ ઓઈલ

મુંબઈ

ભારતે ચાલુ વર્ષે જૂન 2026માં રશિયા પાસેથી રેકોર્ડ માત્રામાં કાચા તેલ (ક્રૂડ ઓઈલ) ની આયાત કરી છે. જે તેના અગાઉના મહિના એટલે કે મે કરતાં 34% વધુ છે. જોકે, આ સમયગાળા દરમિયાન આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં નરમાઈ આવવાને કારણે રશિયાની નિકાસની કમાણીમાં થોડો ઘટાડો નોંધાયો છે. 'સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર' (CREA) દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના અહેવાલમાં આ વિગતો સામે આવી છે. રિપોર્ટ અનુસાર, જૂન મહિનામાં ભારતે રશિયા પાસેથી 4.5 અબજ યુરોનું ક્રૂડ ઓઈલ ખરીદ્યું હતું. જે રશિયા પાસેથી ભારતના કુલ 5.5 અબજ યુરોની ઈંધણ આયાતના 83% જેટલું થાય છે. આ ખરીદી સાથે ભારત, ચીન પછી રશિયા પાસેથી હાઈડ્રોકાર્બન ખરીદનારો વિશ્વનો બીજો સૌથી મોટો દેશ બની ગયો છે. ભારતીય રિફાઈનરીઓમાં રશિયન તેલની ધૂમ આવક



જૂન મહિનામાં ભારતની કુલ ક્રૂડ ઓઈલ આયાતમાં માસિક ધોરણે 5.4% નો વધારો થયો છે. આ દરમિયાન દેશની મુખ્ય રિફાઈનરીઓમાં રશિયન તેલનો સપ્લાય નોંધપાત્ર રીતે વધ્યો હતો. આંકડાઓ મુજબ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની જામનગર રિફાઈનરી મે મહિનાની સરખામણીએ રશિયન તેલની સપ્લાયમાં 150% નો જંગી વધારો થયો. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) ની પારાદીપ રિફાઈનરી સપ્લાયમાં 126% નો વધારો. ભારત પેટ્રોલિયમ (BPCL) ની કોચ્ચિ રિફાઈનરી: આયાતમાં 83% નો વધારો. નાયરા એનર્જીની વાડિનાર ફાઈનરી સપ્લાયમાં 45% નો વધારો નોંધાયો. રશિયાના ક્રૂડ ઈમ્પોર્ટમાં 14 ટકાનો વધારો રિપોર્ટ અનુસાર, ભારતે ખરીદેલા કુલ 5.5 અબજ યુરોની ઈંધણ પ્રોડક્ટ્સમાં 4.5 અબજ યુરોનું ક્રૂડ ઓઈલ, 48.8 કરોડ યુરોના પેટ્રોલિયમ ઉત્પાદનો અને 44.4 કરોડ યુરોનો કોલસો સામેલ હતો. ભારતની આ વ્યાપક ખરીદીને કારણે જૂનમાં રશિયાના કુલ ક્રૂડ એક્સપોર્ટ વોલ્યુમમાં 14% નો વધારો થયો હતો, તેમ છતાં વૈશ્વિક મંદીને કારણે રશિયાની દૈનિક તેલ આવક 8% ઘટીને 34.8 કરોડ યુરો થઈ ગઈ હતી.

## બેંક ધિરાણનો વૃદ્ધિ દર બે વર્ષની ટોચે

- **બેન્કિંગ ક્ષેત્રમાં થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચેનો તફાવત સતત ઊંચો**

મુંબઈ

૨૭મી જૂનના સમાપ્ત થયેલા પખવાડિયામાં બેન્ક ધિરાણમાં વાર્ષિક ધોરણે ૧૮.૬૦ ટકાની વૃદ્ધિ થઈ હતી જે બે વર્ષની ઊંચી સપાટીએ હતી. આ ઉપરાંત જૂનના અંતે સમાપ્ત થયેલા ત્રિમાસિક ગાળાનો ટાર્ગેટ પૂરો કરવા સદર પખવાડિયામાં કમર્સિઅલ બેન્કોએ અંદાજે રૂપિયા ૭ ટ્રિલિયનની થાપણ પણ ઊભી કરી હોવાનું રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ડેટા જણાવે છે.\ ધિરાણની સરખામણીએ થાપણ વૃદ્ધિ મંદ રહીને ૧૩.૨૯ ટકા રહી હતી. ૧૪ જૂનના સમાપ્ત થયેલા




પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિ ૧૯.૧૩ ટકા અને થાપણ વૃદ્ધિ ૧૨.૫૮ ટકા રહી હતી. છેલ્લા કેટલાક સમયથી ધિરાણ તથા થાપણ વૃદ્ધિ વચ્ચેનો તફાવત સતત ઊંચો જોવા મળી રહ્યો છે છેલ્લા ૨૯ વર્ષમાં ત્રીજી વખત આટલી મોટી માત્રામાં થાપણો ઊભી થઈ છે. સમીક્ષા હેઠળના પખવાડિયામાં બેન્કોએ રૂપિયા ૩.૮૦ ટ્રિલિયનનું ધિરાણ છૂટુ કર્યું હતું જ્યારે રૂપિયા ૬.૯૭ ટ્રિલિયન થાપણ ઊભી કરી હતી. જૂન મહિનામાં એફસીએનઆર (બી) થાપણો, ઈસીબી તથા ઓએફસીબી મારફત મૂડી પ્રવાહમાં વધારો થયો હોવાની શકયતા છે, એમ એસબીઆઈ રિસર્ચના એક રિપોર્ટમાં જણાવાયું હતું. નાના ઉદ્યોગોને ટેકો પૂરો પાડવા માટેની સરકારની ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમ હેઠળ મોટી માત્રામાં લોન છૂટી કરાઈ હોવાને કારણે પણ એકંદર લોન વૃદ્ધિ ઊંચી જોવા મળી છે.

### વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન

# ગાંધીનગરમાં મિશન ફાઈવ મિલિયન ટ્રીઝ અંતર્ગત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ભવ્ય વૃક્ષારોપણ




**શાહના હસ્તે 101 ઓક્સિજન પાર્કનું લોકાર્પણ : કહ્યું-'2029ની ચૂંટણી સુધીમાં 20% ગ્રીનરી વધારવાનો સંકલ્પ : અમદાવાદમાં 1 કલાકમાં 3.61 લાખ વૃક્ષ રોપાયા**

અમદાવાદ


અમદાવાદને હરિયાળું અને પ્રદૂષણમુક્ત બનાવવાના હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'મિશન ફાઈવ મિલિયન ટ્રી' અંતર્ગત ભવ્ય સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આજે (12 જુલાઈ, 2026) રવિવારના રોજ સાયન્સ સિટીના વિજ્ઞાન ભવન ખાતે આયોજિત આ મેગા ઈવેન્ટમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે રૂ. 405 કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તેમજ અમદાવાદમાં 1 વાગ્યા સુધીમાં 1.25 કરોડ વૃક્ષ રોપવામાં આવ્યા છે.

'મિશન ફાઈવ મિલિયન ટ્રી' પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં પ્રકૃતિ અને ગ્રીન ગ્રોથને વેગ આપતા હેરિટેઝ પાર્ક અને 101 ઓક્સિજન પાર્ક-અર્બન ફોરેસ્ટનું પણ અમિત શાહે લોકાર્પણ કર્યું. ગ્રીન મોબિલિટી અંતર્ગત BRTS નેટવર્કમાં 80 નવી એર કન્ડિશન્ડ ઈલેક્ટ્રિક બસોની શરૂઆત કરાઈ છે. આ સાથે જ AMTSમાં પણ નવી 75 એસી બસોનો ઉમેરો થયો છે. આજથી BRTSમાં એકપણ પ્રદુષણ ઓકતી બસ નહીં. તમામ બસો ઈલેક્ટ્રીક થઈ ગઈ છે.

આ વિવિધ લોકાર્પણની સાથે કેન્દ્રીય ગૃહમંત્રી હસ્તે સરકારી કર્મચારીઓ માટે રૂ. 60.68 કરોડના ખર્ચે બનેલા 188 આધુનિક સરકારી આવાસોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ગૃહમંત્રીએ ભાડજ, બોપલ અને વાડજ જેવા વિવિધ વિસ્તારોમાં રૂબરૂ સામૂહિક વૃક્ષારોપણ અભિયાનમાં પણ ભાગ લીધો હતો. સાન્યસ સિટી ખાતેના કાર્યક્રમમાં 101 ઓક્સિજન પાર્ક સહિતના વિવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્ણ કર્યા બાદ સંબોધન કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે, આજે હું અમદાવાદ શહેર અને ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સૌ નાગરિકોને હૃદયપૂર્વક પ્રણામ કરી અભિનંદન આપવા માગું છું. ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં આજના એક જ દિવસમાં આપણા નગરજનોએ મળીને 1 કરોડ 25 લાખ વૃક્ષો રોપિત કરવાનું ભગીરથ કામ કર્યું છે, જ્યારે અમદાવાદ શહેરની ત્રણેય લોકસભા બેઠકોમાં અલગથી 50 લાખ વૃક્ષો વાવવાનું મહાઅભિયાન હાથ ધરાયું છે. વધુમાં ઉમેર્યું કે, થોડા સમય પહેલા જ્યારે મેં મિટિંગમાં સવા કરોડ વૃક્ષો વાવવાનો આ વિચાર મૂક્યો હતો, ત્યારે કોઈએ હા કે ના નહોતી પાડી. વિચાર્યું હશે અમિત શાહને કેમ ના પાડવી, પરંતુ આજે જનતાએ તેને સાકાર કરી બતાવ્યો છે. જે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે તે 100 વર્ષથી વધુ આયુષ્ય વાળા છે.

### "તું મારા ઘરમાં કેમ રહે છે, મરી જા" પિતાના શબ્દો લાગી આવ્યા

# મેઘાણીનગરમાં પિતાના ત્રાસથી ધો.12ની વિદ્યાર્થિનીએ ફાંસો ખાધો



અમદાવાદ

અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં પિતાના અસહ્ય માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને ધોરણ 12માં અભ્યાસ કરતી એક સગીર વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. દારૂડિયા પિતા દ્વારા અવારનવાર કરાતી મારપીટ અને 'તું મરી જા' તેવા આપેલા મહેણાંથી લાગી આવતા પુત્રીએ આ અંતિમ પગલું ભર્યું હતું.

મેઘાણીનગર પોલીસે આ મામલે સગીરાના મોત માટે જવાબદાર રિક્ષાચાલક પિતા સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

મેઘાણીનગર પોલીસ સ્ટેશન નજીક આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં હિરલ પરમાર નામની સગીરા તેના પરિવાર સાથે રહેતી હતી અને અમરજ્યોત સ્કૂલમાં ધોરણ 12માં અભ્યાસ કરતી હતી. હિરલના પિતા હર્ષદ પરમાર વ્યવસાએ રિક્ષા ચલાવે છે અને દારૂ પીવાની કુટેવ ધરાવે છે. તેઓ અવારનવાર દારૂ પીને ઘરે આવી પરિવાર સાથે ઝઘડો અને મારામારી કરતા હતા. પિતાના આ રોજિંદા ત્રાસથી કંટાળીને હિરલની માતા એક મહિના અગાઉ જ ઘર છોડીને પોતાના પિયરે જતી રહી હતી.

ગત 11 જુલાઈના રોજ સવારે હિરલ જ્યારે ઘરનું કામ કરી રહી હતી, ત્યારે તેના પિતા હર્ષદે ફરી દારૂના નશામાં તેની સાથે ગેરવર્તન કર્યું હતું. તેણે હિરલને ધમકાવતા કહ્યું હતું કે, 'તું મારા ઘરમાં કેમ રહે છે? તું મરી જા, મારી નજર સામે આવતી નહીં.' પિતા દ્વારા બોલાયેલા આ આકરા શબ્દો માસૂમ દીકરીને મનમાં લાગી આવ્યા હતા. ત્યારબાદ પરિવારના અન્ય સભ્યો કોઈ કામે ઘરની બહાર ગયા ત્યારે હિરલે રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં પરિવારના સભ્યો ઘરે દોડી આવ્યાં હતાં અને હિરલને લટકતી હાલતમાં જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા.

### 'તમારાથી થાય એ કરી લો, અમે હપ્તા આપીએ છીએ'

# મુરલીધર રેસ્ટોરન્ટના ખોરાકમાંથી નીકળી જીવાત, ગ્રાહકે વિરોધ કર્યો તો વેપારીએ બતાવી દાદાગીરી..!




અમદાવાદ

શહેરમાં ખાણીપીણીના શોખીન અમદાવાદીઓ માટે આંખ ઉઘાડનારો અને કડવી વાસ્તવિકતા દર્શાવતો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદની જાણીતી 'મુરલીધર રેસ્ટોરન્ટ' માંથી મંગાવવામાં આવેલા પાઉં (ખાદ્ય સામગ્રી) માંથી મરેલી જીવાત નીકળતા હોબાળો મચી ગયો છે. નવાઈની વાત તો એ છે કે, જ્યારે ગ્રાહકે આ ગંભીર બેદરકારી અંગે રેસ્ટોરન્ટના માલિકને ફરિયાદ કરી, ત્યારે ભૂલ સ્વીકારવાને બદલે સંચાલકે અહંકાર અને લુખ્ખાગીરીની તમામ હદો વટાવી દીધી હતી. સંચાલકે ગ્રાહકને ધમકાવતા લાલ આંખે કહ્યું કે, 'તમારાથી થાય એ કરી લો, અમે ઉપર સુધી હપ્તા આપીએ છીએ, અમારું કોઈ કંઈ બગાડી નહીં શકે!' આ દાદાગીરીનો વીડિયો અને ઓડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ મ્યુનિસિપલ કોર્પોરેશનનું ફૂડ ડિપાર્ટમેન્ટ એક્શન મોડમાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ, એક જાગૃત નાગરિકે જ્યારે મુરલીધર રેસ્ટોરન્ટમાંથી ખાવા માટે ઓર્ડર આપ્યો ત્યારે પીરસવામાં આવેલા પાઉંની અંદરથી ઘીણ ચડે તેવી જીવાત નીકળી આવી હતી. ગ્રાહકે તુરંત જ હોટલ સ્ટાફ અને માલિકને બોલાવી આ ગંદકી બતાવી હતી. સામાન્ય રીતે આવી સ્થિતિમાં માફી માંગીને ગ્રાહકને સંતોષ આપવાનો હોય, પણ અહીં તો વેપારી હપ્તાખોરીના જોરે કાયદાને ધોઈને પી ગયો હોય તેમ વર્તતો હતો. 'અમે તો હપ્તા આપીએ છીએ' તેવા બેફામ નિવેદન બાદ જાગૃત ગ્રાહકે આ અંગે સીધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ફૂડ એન્ડ હેલ્થ વિભાગને પુરાવા સાથે લેખિત ફરિયાદ ઠોકી દીધી હતી. ગ્રાહકની સત્તાવાર ફરિયાદ અને સોશિયલ મીડિયા પર સત્તાધીશોની આબરૂના ધજાગરા ઉડતા જોઈને AMC ના ફૂડ ઈન્સ્પેક્ટરોની ટીમ તાત્કાલિક મુરલીધર રેસ્ટોરન્ટ પર ત્રાટકી હતી.

# અંજલિ ચાર રસ્તા પાસે ST બસે બાઈકને કચડી : યુવકનું ઘટનાસ્થળે જ મોત

અમદાવાદ

અમદાવાદ શહેરના માર્ગો પર સ્પીડ અને બેદરકારીના કારણે અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. શહેરના પોશ અને વ્યસ્ત ગણાતા વાસણા વિસ્તારના અંજલિ ચાર રસ્તા પાસે એસટી (ST) બસ અને મોટરસાઈકલ વચ્ચે એક ભયાનક અકસ્માત સર્જાયો છે. આ ગમખ્વાર અકસ્માતમાં બાઈકની પાછળ બેઠેલા એક નિર્દોષ યુવકને ગંભીર ટક્કર વાગતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. અકસ્માતની આ ઘટનાને પગલે ટ્રાફિક પોલીસ અને સ્થાનિક લોકોના ટોળેટોળાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસ સૂત્રો અને ઘટનાની વિગતો અનુસાર, સુનિલ જાગરિયા નામનો એક યુવક પોતાના એક પરિચિત બાઈક ચાલકની પાછળ પેસેન્જર તરીકે બેસીને અંજલિ ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન રસ્તા પર આવેલા એક સ્પીડ બ્રેકર (બમ્પ) પાસે પુરપાટ ઝડપે આવી રહેલી એસ.ટી. બસના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી દીધી હતી. બસની ટક્કરના કારણે પાછળ બેઠેલો સુનિલ સીધો રોડ પર પટકાયો હતો અને બસના પૈડાની ઝપેટમાં આવી ગયો હતો.

### ત્રણ જિલ્લાની સરહદો વટાવી કાર ઘાટલોડિયા પહોંચી

# રથયાત્રા પૂર્વે કડક ચેકિંગના દાવા ફેઈલ : દારૂ ભરેલી કાર ઝડપાઈ, 4 આરોપીઓની ધરપકડ



અમદાવાદ

આગામી દિવસોમાં જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનો મહોત્સવ આવી રહ્યો છે, જેને પગલે ગુજરાતના સરહદી વિસ્તારો અને હાઈવે પર પોલીસનું ચુસ્ત ચેકિંગ હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે. પરંતુ આ કડક સુરક્ષા વ્યવસ્થાની પોલ ખોલતો એક કિસ્સો અમદાવાદમાં પ્રકાશમાં આવ્યો છે. રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના બલેચા ગામથી આશરે 300 કિલોમીટરનું અંતર કાપી, ગુજરાતના ત્રણ જિલ્લાની પોલીસ ચોકીઓ વટાવીને છેક અમદાવાદના ઘાટલોડિયા સુધી વિદેશી દારૂનો મોટો જથ્થો પહોંચી ગયો હતો. જો કે, કમિશનરની પીસીબી સ્ક્વોડ (PCB Squad) ની ટીમે સમયસૂચકતા વાપરીને આ આખા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે સોસાયટીના પાર્કિંગમાંથી 1,046 નંગ નાની-મોટી વિદેશી દારૂ અને બિયરની બોટલો સાથે ચાર શખ્સોની ધરપકડ કરી છે. પીસીબીના પીઆઈ જે.પી. જાડેજા અને તેમની ટીમને એક ગુપ્ત અને ચોક્કસ બાતમી મળી હતી કે, ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી ફાઈવ પેટલ્સ હોટલની સામે ભાગ્યોદય સોસાયટી વિભાગ-1 માં જોગણી માતાના મંદિર પાસેના પાર્કિંગમાં એક સ્વીફ્ટ ગાડીમાં કેટલાક શખ્સો વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરી રહ્યા છે. આ બાતમીના આધારે પીસીબીની ટીમે તાત્કાલિક ભાગ્યોદય સોસાયટીના પાર્કિંગમાં દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી દારૂની હેરાફેરી કરી રહેલા ચાર આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા અને કારની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂ અને બિયરનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કબજે કરેલા મુદ્દામાલની ગણતરી કરતા કારમાંથી કુલ 1,046 વિદેશી દારૂની બોટલો મળી આવી હતી, જેની અંદાજિત કિંમત રૂપિયા 5.51 લાખ થાય છે. પોલીસે આ મામલે સોલા વિસ્તારમાં આવેલા હરીવિલા બંગલોઝમાં રહેતા મુખ્ય આરોપી શુભમ વોરાની કડક પૂછપરછ હાથ ધરી હતી. શુભમે કબૂલાત કરી હતી કે આ વિદેશી દારૂનો જથ્થો તેણે જ મંગાવ્યો હતો. આ ગેરકાયદેસર કામમાં મદદ કરવા અને મજૂરી કામ માટે તેણે ગુલાબ ગોપાલજી ડાભી નામના શખ્સને દર મહિને 10,000 રૂપિયાના ફિક્સ પગાર પર નોકરીએ રાખ્યો હતો.

# સી.જી. રોડ પર પોલીસ લખેલી પ્લેટવાળી કારનો અકસ્માત, ટુ-વ્હીલર સવાર દંપતીને અડફેટે લેતા હોબાળાનો વીડિયો વાઈરલ



અમદાવાદ

અમદાવાદના સી.જી. રોડ પર મોડી રાત્રે પોલીસ પ્લેટવાળી કારે ટુ-વ્હીલર પર જતા દંપતીને ટક્કર મારી. સદનસીબે જાનહાનિ ટળી, પરંતુ કારમાંથી પોલીસ યુનિફોર્મ મળતા હોબાળો થયો. લોકોએ કારચાલક નશામાં હોવાનો આક્ષેપ કર્યો. બી-ડિવિઝન પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે, પણ દંપતીએ ફરિયાદ નોંધાવી નથી.

અમદાવાદના સી.જી. રોડ પર મોડી રાત્રે એક અકસ્માત સર્જાયો હતો, જેમાં પોલીસની પ્લેટ રાખેલી એક કારે ટુ-વ્હીલર પર જઈ રહેલા દંપતીને ટક્કર મારી હતી. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ અકસ્માત બાદ એકઠી થયેલી ભીડે કારની તપાસ કરતા અંદરથી પોલીસની વર્ધી અને આગળના ભાગે પોલીસની પ્લેટ મળી આવતા હોબાળો થયો હતો. બનાવની વિગત મુજબ, વળાંક લેતી વખતે કાર ચાલકે દંપતીને અડફેટે લીધા હતાં, અને દંપતી રસ્તા પર પટકાયું હતું. અકસ્માત સર્જનાર કારમાં સવાર લોકોને આસપાસના લોકોએ ઉભા રાખીને બહાર કાઢ્યા હતા.

ઘટનાસ્થળે ભેગા થયેલા લોકોએ કાર ચાલક દારૂના નશામાં હોવાના આક્ષેપો કરીને હોબાળો કર્યો હતો. આ સમગ્ર મામલે બી-ડિવિઝન પોલીસના પીઆઈ આર. એસ. પટેલે જણાવ્યું હતું કે, ઘટનાની જાણ થતાં જ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી.

### ગુજરાત મોડલના પાટનગરની બાજુમાં જ સુરક્ષા વ્યવસ્થાના લીરેલીરા

# અમદાવાદ પાસપોર્ટ ઓફિસની ઘોર બેદરકારી, હિન્દુ યુવકે મુસ્લિમ નામ ધારણ કરી પાસપોર્ટ મેળવવાનો કર્યો પ્રયાસ..!




**સામાન્ય જનતાને સ્પેલિંગની ભૂલમાં ધક્કા ખવડાવતું તંત્ર અંધારામાં રહ્યું**

અમદાવાદ

ચોમાસાના માઠા સમાચાર અને બાલાસિનોરના કેમિકલ યુક્ત ઝેરના વિવાદો વચ્ચે હવે ગુજરાતના પાટનગર અમદાવાદમાંથી દેશની આંતરિક સુરક્ષાને હચમચાવી મૂકે તેવો એક ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદની રિજનલ પાસપોર્ટ ઓફિસ (RPO) ની કામગીરી અને વેરિફિકેશન પ્રક્રિયા સામે ક્યારેય ન ઉઠ્યા હોય તેવા આકરા અને સળગતા સવાલો ઊભા થયા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ઊંડી તપાસમાં ખુલાસો થયો છે કે, ઉત્તર પ્રદેશના અયોધ્યાના મૂળ રહેવાસી યોગેન્દ્ર મૌર્યે પોતાની અસલી ઓળખ સંપૂર્ણપણે છુપાવીને 'અબ્દુલ રહેમાન' ના નામે નકલી ભારતીય પાસપોર્ટ મેળવવાનો એક ખતરનાક પ્રયાસ કર્યો હતો. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે, પાસપોર્ટ ઓફિસની પ્રાથમિક ચકાસણી દરમિયાન આ કરોડોની કિંમતની ગંભીર ગેરરીતિ પકડાઈ જ ના શકી!

ક્રાઈમ બ્રાન્ચના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપી યોગેન્દ્ર મૌર્યે માત્ર પોતાનું નામ જ નહીં, પરંતુ પોતાનો અગાઉનો પાસપોર્ટ હોવાની હકીકત, પોતાના માતા-પિતાની સાચી વિગતો અને અન્ય તમામ મહત્વના દસ્તાવેજો છુપાવી રાખ્યા હતા. આટલું મોટું ષડયંત્ર રચાયું હોવા છતાં, પાસપોર્ટ ઓફિસના હાઈ-ટેક વેરિફિકેશનના દાવાઓમાંથી આ અરજી કઈ રીતે આગળ પાસ થઈ ગઈ, તે એક ભેદી અને ગંભીર તપાસનો વિષય બન્યો છે. જો ક્રાઈમ બ્રાન્ચે સમયસર આ આખા નેટવર્કનો ભાંડો ન ફોડ્યો હોત, તો એક શંકાસ્પદ વ્યક્તિ ખોટી ઓળખ સાથે વિદેશ ભેગો થઈ ગયો હોત. આટલી મોટી રાષ્ટ્રીય સુરક્ષાની બેદરકારી સામે આવ્યા છતાં, પાસપોર્ટ ઓફિસના જવાબદાર અધિકારીઓ સામે હજુ સુધી કોઈ કડક એક્શન લેવાયા નથી.

આ ઘટના સામે આવતા જ અમદાવાદની જનતામાં પાસપોર્ટ વિભાગ સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. સામાન્ય રીતે કોઈ સામાન્ય મધ્યમ વર્ગનો નાગરિક પાસપોર્ટ માટે અરજી કરે, તો તેના દસ્તાવેજોમાં નાની ટાઈપિંગની ભૂલ, નામની સ્પેલિંગમાં સામાન્ય તફાવત કે સરનામાની સામાન્ય ક્ષતિ હોય તો પણ અધિકારીઓ એફિડેવિટ કરાવવાના નામે અરજદારોને મહિનાઓ સુધી ધક્કા ખવડાવે છે અને ઓફિસોની બહાર લાઈનોમાં ઉભા રાખે છે. પરંતુ આ કેસમાં આખો માણસ બદલાઈ ગયો, ધર્મ અને નામ બદલાઈ ગયા, છતાં વહીવટ આગળ ચાલતો રહ્યો!

### વીર શહીદ કેપ્ટન નિલેશ સોનીની વીરતાને સલામ

# અમદાવાદમાં ભારતીય સેના દ્વારા અર્પણ કરાયેલી ભવ્ય 'વોર ટ્રોફી'નું થશે લોકાર્પણ

**64મા જન્મદિવસે મેયર હિતેશભાઈ બ્રહ્મભટ્ટ અને ધારાસભ્ય અમિત શાહની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાશે ગરિમામય કાર્યક્રમ**




અમદાવાદ

અમદાવાદના પનોતા પુત્ર અને દેશની રક્ષા કાજે સર્વોચ્ચ બલિદાન આપનાર વીર શહીદ કેપ્ટન નિલેશ સોનીની અમર વીરતાને બિરદાવવા માટે અમદાવાદમાં એક ગૌરવશાળી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતીય લશ્કર (Indian Army) દ્વારા વીર શહીદની સ્મૃતિમાં અર્પણ કરવામાં આવેલી 'વોર ટ્રોફી' (વપરાશમાં ન હોય તેવી ઐતિહાસિક તોપ) નું સ્થાપન શહીદ સ્મારક ખાતે કરવામાં આવ્યું છે, જેનું ભવ્ય લોકાર્પણ આગામી સોમવારે થવા જઈ રહ્યું છે.

૧૩ જુલાઈના રોજ વીર શહીદ કેપ્ટન નિલેશ સોનીનો ૬૪મો જન્મદિવસ છે. આ ખાસ અને પવિત્ર અવસરે, અમદાવાદના માનનીય મેયર શ્રી હિતેશભાઈ બ્રહ્મભટ્ટના વરદ હસ્તે આ ભવ્ય વોર ટ્રોફી દેશની જનતા અને યુવા પેઢીમાં દેશભક્તિની પ્રેરણા જગાડવા માટે લોકાર્પિત કરવામાં આવશે. આ પ્રસંગે એલિસબ્રિજના માનનીય લોકપ્રિય ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ પણ ખાસ ઉપસ્થિત રહીને શહીદ જવાનને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે અને દેશના વીર સપૂતને સન્માન આપવા માટે અમદાવાદના દેશપ્રેમી નાગરિકોને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ છે. કાર્યક્રમની વિગતવાર માહિતી: તારીખ: ૧૩/૭/૨૦૨૬, સોમવાર, સમય: સવારે ૦૯:૩૦ કલાકે સ્થળ: શહીદ કેપ્ટન નિલેશ સોની શહીદ સ્મારક, ક્લીઅર વિઝન આંખની હોસ્પિટલ પાસે, અંજલિ - ચંદ્રનગર બીઆરટીએસ (BRTS) રોડ, અંજલિ ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ.


**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI